Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૯૨
તા.૦૮-૦૫-૨૦૧૮, મંગળવાર
સંવત ૨૦૭૪ વૈશાખ વદ - ૦૮
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૦૭ સૂર્યાસ્ત : ૦૭:૧૦

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૪૦.૩ | વડોદરા | ૪૦.૪ |
| અમદાવાદ | ૪૦.૯ | સુરત | ૩૪.૨ |
| ગાંધીનગર | ૪૧ | નલિયા | ૩૫.૨ |

ચાંદી : ૩૯,૫૦૦ સોનું : ૩૧,૮૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71
Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૭૩ વર્ષ...

# ઉત્તર ભારતમાં વાવાઝોડાનો ખતરો

## આગામી ૨૪ કલાકમાં દિલ્હી, હરિયાણા, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં વાવાઝોડુ તાંડવ મચાવી શકે છે : દહેશતનો માહોલ

નવીદિલ્હી

હવામાન વિભાગે સોમવારે એકવાર ફરીથી ભવિષ્યવાળી કરી છે કે આગામી ૨૪ કલાકની અંદર ભીષણ વાવાઝોડુ તબાહી મચાવી શકે છે. આ તબાહી સૌથી વધુ દિલ્હી, હરિયાણા, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં જોવા મળશે. હવામાન વિભાગના અધિકારી દેવેન્દ્ર પ્રધાને જણાવ્યું હતું કે આવતીકાલ તા.૮ મેના રોજ વાવાઝોડુ આવવાની પુરી સંભાવના છે. તેની અસર દિલ્હી અને હરિયાણા સહિત અનેક પડોસી રાજયોમાં જોવા મળી શકે છે. જમ્મુ કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં પણ વાવાઝોડા સાથે જોરદાર વરસાદની સંભાવના છે.

હરિયાણાના દુર દુરના વિસ્તારોમાં સાત આઠ મેના રોજ વાવાઝોડુ આવવાની હવામાન વિભાગે ચેતવણી જારી કરી છે. રાજય સરકારે તમામ ખાનગી સરકારી સ્કુલો બંધ રાખવાનો નિર્ણય કર્યો છે રાજય શિક્ષણ મંત્રી રામ વિલાસ શર્માએ આજે જણાવ્યું હતું કે હવામાન વિભાગની ચેતવણી બાદ સાત અને આઠ મેના રોજ સ્કુલ બંધ રાખવાનો નિર્ણય કર્યો છે. હવામાન વૈજ્ઞાનિકો દુર દુરના વિસ્તારોમાં રાજયમાં સાત અને આઠ મેના રોજ વાવાઝોડાની ચેતવણી જારી કરી હતી.

ચેતવણીને જોતા હરિયાણા મહેસુલ અને આપદા પ્રબંધન વિભાગે એક પરામર્શના રૂપમાં સુરક્ષા સલાહ જારી કરી છે. વિભાગના પ્રવકતો કહ્યું કે ગભરાવવાની જરૂરત નથી અને લોકોને એતિહાસિક પગલાનું પાલન કરવું જોઈએ અને બાળકો તથા વૃધ્ધો પર ધ્યાન આપવું જોઈએ તેમણે કહ્યું કે તમામ વિભાગોને સતર્ક રહેવા કહેવામાં આવ્યું છે.

હવામાન વિભાગે આગામી પાંચ દિવસો માટે આંધી તુફાનની સાથે વરસાદને લઈ એલર્ટ કર્યું છે. વિભાગ તરફથી આજે સવારે જારી કરવામાં આવેલ ચેતવણી અનુસાર સાત અને આઠ મેના રોજ ઉત્તર ભારતના મોટાભાગમાં તેજ વાવાઝોડુ અને તોફાન આવવાની સંભાવના છે. ખાસ કરીને દિલ્હી એનસીઆરમાં ધૂળ ભરેલી આંધી ચાલી શકે છે. એટલું જ નહીં આ તોફાન ઉત્તર ભારતથી થઈ દક્ષિણ અને પૂર્વોત્તર ભારતના રાજયો સુધી જઈ શકે છે. એલર્ટ અનુસાર સાત તારીખે જમ્મુ કાશ્મીર, હિમાચલ પ્રદેશ ઉત્તરાખંડ અને પંજાબના દુરના વિસ્તારોમાં વાવાઝોડા સાથે વરસાદ અને બરફ પણ થઈ શકે છે. ખાસ કરીને દિલ્હી એનસીઆરમાં હવામાન વિભાગે ભારે વાવોઝોડાની ચેતવણી જારી કરી છે.હરિયાણા ચંડીગઢ અને દિલ્હીમાં વાવાઝોડુ આવી શકે છે. આ ઉપરાંત પશ્ચિમ ઉત્તરપ્રદેશમાં પણ સ્થિતિ ખરાબ થઈ શકે છે. એ યાદ રહે કે આ ચેતવણીને અનુસંધાન પાના નં.૬

## રાજસ્થાનના બિકાનેરમાં ધૂળ ભરેલી આંધી

**આજે પણ ઘણી સ્કુલોમાં રજા : વિવિધ રાજ્યોમાં તકેદારીના પગલાં**

બીકાનેર

દેશના ૧૩ રાજ્યોમાં ભારે આંધી-તૂફાનને લઈને જારી કરવામાં આવેલી હવામાન વિભાગની આગાહી સાચી સાબિત થાય તેવા સંકેત દેખાઈ રહ્યા છે. રાજસ્થાનના બીકાનેરમાં આજે મોડી સાંજે ધૂળભરેલી આંધી ચાલી હતી. ત્યારબાદ એવી શંકા છે કે, ટૂંકમાં જ ઉત્તરભારતના અનેક ભાગોમાં આ પ્રકારના તોફાનની શક્યતા દેખાઈ રહી છે. મળેલી માહિતી મુજબ બિકાનેરમાં કેટલીક જગ્યાએ વરસાદી છાંટા પણ પડ્યા છે. હવામાન વિભાગે આજે પણ ચેતવણી આપી હતી કે, ઉત્તર અને પૂર્વ ભારતના કેટલાક રાજ્યો પર હજુ ઘાત રહેલી છે. ૪૮ કલાક સુધી આ ઘાત રહેશે. આ રાજ્યોને આંધી અને તોફાનની સાથે સાથે ભારે વરસાદનો સામનો કરવો પડી શકે છે. દેશના અનેક ભાગોમાં ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. અત્રે નોંધનીય છે કે, મંગળવારના દિવસે પણ સ્કૂલોમાં રજા જાહેર કરી દેવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વિનાશકારી તોફાન અને ધુળભરેલા વરસાદના લીધે સેંકડો લોકોના મોત થયા બાદ પણ હજુ સંકટ ટળ્યું નથી. નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (એનડીએમએ) દ્વારા જણાવવામાં આવ્યું છે કે, આવનાર પાંચ દિવસ સુધી ખરાબ હવામાનને લઈને એલર્ટની જાહેરાત કરવામાં આવી છે.

એલર્ટ મુજબ દિલ્હી, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, બિહાર, ઉત્તરાખંડ સહિત દેશના અનેક ભાગોમાં પ્રચંડ તોફાનની દહેશત રહેલી છે. સંકટ પૂર્ણરીતે ટળ્યું નથી. જેથી તંત્ર સાબદુ થયેલું છે. આ પહેલા ગયા બુધવારની રાત્રે આવેલા તોફાન અને ધૂળ ભરેલી આંધીથી દેશના અનેક ભાગોમાં ભારે નુકસાન થયું હતું. ખાસ કરીને ઉત્તરપ્રદેશ અને રાજસ્થાનમાં ભારે નુકસાન થયું હતું. આગામી ૭૨ કલાક સુધી ખતરો તોળાઈ રહ્યો છે. ભારે વાવાઝોડાની આગાહી કરવામાં આવી છે.

### વિચાર વૈભવ...

**જીવનમાં વણાઈ ગયેલું**

મુનિશ્રી સંતબાલજીના જીવનમાંથી કેટલીક નાની નાની બાબતો મને સૂક્ષ્મ સત્ય સ્વરૂપે સમજવા મળી હતીઃ

તેમનું પ્રવચન હોય ત્યારે જે સમયે નક્કી કર્યો હોય ત્યારે, ભલે એક જ માણસ હાજર હોય તો પણ, તેઓ શરૂ કરી દે, અને નક્કી કરેલાં સમયે તે પૂરૂં કરી નાખે. ઘડિયાળમાં જુઓ તો એક મિનિટ વધુ- ઓછી ન હોય. નિયમિતતાને તેઓ સત્યનો જ ભાગ માનતા. આ રીતે સત્ય તેમના જીવનમાં વણાઈ ગયેલું દેખાતું.

સભામાં લોકો 'સંતબાલજીની જય' નો પોકાર કરે તેનો તેઓ નિષેધ કરતા.

તેમની હાજરીવાળી સભામાં દાનનો ફાળો કરાતો નહીં. તેઓ ધનને પ્રતિષ્ઠા આપતા નહીં, એટલે તેમની પ્રેરણાથી ચાલતી સંસ્થાઓ સાથે કોઈ દાતાનું નામ જોડાતું નહીં. તેઓ કહેતા કે આજની ઘણીખરી કમાણી અનૈતિકતાથી થાય છે, એટલે દાન આપનાર તો પોતાનાં કર્મોનું પ્રાયશ્ચિત કરે છે.

સંતબાલજીને કોઈ ધર્મની સાધુસાધ્વીની કે કોઈ પણ વ્યક્તિની ટીકા કરતા મેં કદી સાંભળેલા નથી. એટલું જ નહીં, બીજું કોઈ એવી નિંદા શરૂ કરે ત્યાં તેઓ બીજી વાત શરૂ કરી દેતા.

કોઈપ ણ વસ્તુ મને અકળાવતી હોય અને હું એમની સાથે ચર્ચા કરૂં. ત્યારે તેઓ સહેજ પણ અકળાયા વિના, જ્યાં સુધી મારા મનનું સમાધાન થાય નહીં ત્યાં સુધી સમજાવ્યા કરે.

મણિભાઈ પટેલ

### સાર સમાચાર...

**કાળા હરણ કેસ : અરજી પર ૧૭ જુલાઇએ સુનાવણી થશે**

જોધપુર

કાળા હરણ શિકાર કેસમાં બોલિવુડ અભિનેતા સલમાન ખાનની સજા રદ કરવાની અરજી પર કોર્ટે સુનાવમી હવે ૧૭મી જુલાઈના દિવસે હાથ ધરવાનો નિર્ણય કર્યો છે. આ ચકચારી કેસમાં ગયા મહિનામાં જામીન મળ્યા બાદ સલમાન ખાન ફરી એકવર જોધપુર સેશન્સ કોર્ટમાં સુનાવણી માટે પહોંચ્યો હતો. આસુનાવણી દરમિયાન સલમાન ખાનના વકીલે કોર્ટ સમક્ષ સલમાન ખાનની સજાને રદ કરવાની માંગ કરી હતી. મિડિયા રિપોર્ટ પર વિશ્વાસ કરવામાં આવે તો સલમાન ખાનની બન્ને બહેનો અલવીરા અને અર્પિતા પણ તેમની સાથે કોર્ટમાં પહોંચી હતી. અત્રે નોંધનીય છે કે આ આ મામલે સલમાન ખાનને દોષિત જાહેર કરવામાં આવ્યો હતો અને તેને પાંચ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી. આ મામલો વર્ષ ૧૯૯૮નો છે. સલમાન ખાન પર આ દોષ સાબિત થયો છે કે અમ સાથ સાથ હે ફિલ્મના શુટિંગ દરમિયાન સલમાન ખાને કાળા હરણનો શિકાર કર્યો હતો. જો કે સલમાન ખાનને સજા થયાને બે દિવસ બાદ જ સલમાન ખાનને જોધપુરની કોર્ટમાંથી જામીન મળી ગયા હતા.

**સુપ્રીમ કોર્ટના આદેશથી યુપી સરકારને પણ મોટો ફટકો પડ્યો**

## યુપી : સરકારી બંગલાઓ ખાલી કરવા પૂર્વ મુખ્યમંત્રીઓને હુકમ

નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે આજે ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યપ્રધાનોને સરકારી બંગલા ખાલી કરવા માટે આદેશ કરી દીધો છે. સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં સ્પષ્ટતા કરી છે કે કોઈ શખ્સ એક વખતે મુખ્યપ્રધાન પદ છોડી દીધા બાદ સામાન્ય વ્યક્તિ થઈ જાય છે. સુપ્રીમ કોર્ટના આ આદેશને ઉત્તરપ્રદેશ સરકાર માટે પણ ફટકા સમાન ગણવામાં આવે છે. સુપ્રીમ કોર્ટે આજે લોક પ્રહરી સંસ્થાની અરજી પર સુનાવણી ચલાવતી વેળા આ મુજબનો આદેશ આપ્યો હતો. કોર્ટે યુપી મિનિસ્ટર સેલરી એલાઉન્ટ એન્ડ મિસલેનિયસ પ્રોવિઝન એક્ટની જોગવાઈને રદ કરી દીધી છે. જેમાં પૂર્વ મુખ્યપ્રધાનોને સરકારી બંગલામાં રહેવાના અધિકાર આપવામાં આવ્યા હતા. સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં કહ્યુ છે કે એક્ટની કલમ ચાર (૩) ગેરબંધારણીય છે. સુપ્રીમ કોર્ટના આ આદેશ બાદ જે પૂર્વ મુખ્યપ્રધાનોને સરકારી આવાસ ખાલી કરવા પડશે તેમાં મુલાયમ સિંહ, કેન્દ્રિય ગૃહ પ્રધાન રાજનાથ સિંહ, બહુજન સમાજવાદી પાર્ટીના નેતા માયાવતી અને રાજસ્થાનના રાજયપાલ કલ્યાણસિંહનો સમાવેશ થાય છે. પૂર્વ મુખ્યપ્રધાન અખિલેશ યાદવ અને નારાયણ દત્ત તિવારીને પણ આવાસ ખાલી કરવા પડશે. સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી વેળા તર્કદાર દલીલો કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટ દ્વારા હાલમાં કેટલાક કઠોર આદેશ જારી કરવામાં આવ્યા છે. ઉત્તરપ્રદેશના તમામ પૂર્વ મુખ્યમંત્રીઓ માટે કડક આદેશો જારી કરવામાં આવ્યા છે. કોર્ટે કહ્યું છે કે, ઉત્તરપ્રદેશ સરકારે કાયદામાં સુધારા કરીને જે નવી વ્યવસ્થા આપી અનુસંધાન પાના નં.૬

## રાજકોટમાં મગફળીનું ગોડાઉન આગમાં લપેટાયું : વ્યાપક નુકશાન

અમદાવાદ

રાજય સરકાર દ્વારા ટેકાના ભાવે ખરીદાયેલી મગફળીના સ્ટોકમાં આગ લાગવાની વધુ એક ઘટના સામે આવતાં રાજયભરમાં ખાસ કરીને સૌરાષ્ટ્ર પંથકમાં જબરદસ્ત ચકચાર મચી ગઈ છે. રાજકોટમાં શાપર-વેરાવળ હાઈવે પર આવેલા મગફળીના એક ગોડાઉનમાં રવિવારે મોડી રાત્રે ભડકેલી આગમાં રૂ. ૪.૪૧ કરોડની કિંમતની મગફળીની ૨૮,૦૦૦ ગુણી (એક ગુણીનું વજન ૩૫ કિલો) આગમાં બળીને ખાખ થઈ ગઈ છે. છેલ્લા ચાર મહિનામાં મગફળીના ગોડાઉનમાં આગ લાગ્યાની આ ૪થી ઘટના છે. છાશવારે મગફળીના ગોડાઉનો માં આ પ્રકારે લાગતી આગ અને તેમાં મગફળીના વિશાળ જથ્થાને ભસ્મીભૂત કરી નાંખવાના ષડયંત્રને લઈ ખેડૂતોમાં પણ ઉગ્ર રોષની લાગણી ફેલાઈ છે અને આ સમગ્ર પ્રકરણમાં ન્યાયિક તપાસની માંગણી ઉઠવા પામી છે. બીજીબાજુ, આગની આ ઘટનાને લઈ મચેલા ઉહાપોહ બાદ પોલીસે ઉચ્ચ અધિકારીઓની નિશ્રામાં વિવિધ તપાસ ટીમ બનાવી છે અને આ કોઈ ગુનાહિત ષડયંત્ર હતું કે કેમ તે દિશામાં તપાસનો દોર આરંભ્યો છે. મગફળીના ગોડાઉનમાં લાગેલી આગ અનુસંધાન પાના નં.૬

## કોંગ્રેસનું ડેલીગેશન ડીસા પાંજરાપોળની મુલાકાતે


(ભરત સુંદેશા)

ડીસા

બનાસકાંઠા જિલ્લાના ગૌશાળા સંચાલકોનું પશુઓને સહાયના મુદ્દે શરૂ થયેલા આંદોલનનો ચોથો દિવસે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ આગેવાનો અને ધારાસભ્યોએ ગૌશાળાઓની મુલાકાત લીધી હતી ગૌશાળાઓમાં ગાયો ની હાલત જોઈ તેમનું હૃદય પણ દ્રવી ઉઠ્યું હતું તેમજ આ મુદ્દે સરકાર સામે રોષ વ્યકત કર્યો હતો. જ્યારે ગૌશાળાના સંચાલકોને ન્યાય નહિ મળે ત્યાં સુધી તેમની લડતમાં સાથ આપવા વાવનાં ધારાસભ્ય ગેનીબેન ઠાકોર એ જણાવ્યું હતુ સાથે એ પણ જણાવ્યું હતુ કે ગાયોની સ્થિતિ ખુબજ દયનિય છે અમે રાજયપાલ અને ધારાસભામાં આની રજુઆત કરીશું જ્યારે ગુજરાત પ્રદેશ કોંગ્રેસઉપાધ્યક્ષ જગદીશ ઠાકોર અનુસંધાન પાના નં.૬

**ડીસામાં આજે ઠાકોર સેના અને કોંગ્રેસના ધરણાં**

બનાસકાંઠા જિલ્લાની પાંજરાપોળ અને ગૌશાળાના સંચાલકોએ પશુ દિઠ સહાય ચુકવવાની માંગણી સાથે આદરેલા આંદોલનના આજે મંગળવારે પાંચમાં દિવસે ના.કલેક્ટર કચેરી આગળ ઓ.બી.સી. એકતા મંચ, કોંગ્રેસ અને ઠાકોર સેના દ્વારા ધરણાં યોજાશે. જેને લઈ ફરી એકવાર ઉત્તેજનાનો માહોલ છવાયો છે. નોટબંધી અને પુરના કારણે જિલ્લાની ૯૭ જેટલી પાંજરાપોળ અને ગૌશાળામાં નભતા ૫૫ હજાર જેટલા પશુ જીવો બચાવવા દુષ્કર થઈ પડ્યા છે. સરકારની સહાયની જાહેરાતો છતાં સહાય ન ચુકવાતા આખરે પાંજરાપોળ અને ગૌશાળાના સંચાલકોએ સરકાર સામે આંદોલન છેડ્યું છે. જેમાં ગત શનિવારે કાંટ પાંજરાપોળના પશુઓ રસ્તે ઉતારી દેતા સમગ્ર રાજ્યમાં તેના ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે તેમ છતાં જીવદયા પ્રેમી અને સંવેદનશિલ હોવાનો દાવો કરતી રાજ્ય સરકાર અબોલ પશુઓને સહાય ચુકવતી નથી. તેથી આંદોલનના પાંચમા દિવસે આજે ઓ.બી.સી. એકતા મંચના કન્વીનર અલ્પેશ ઠાકોરે ૨૪ કલાકનું આપેલ 'અલ્ટીમેટમ' પુરૂ થયું છે. પશુઓના હીતને લઈ કોંગ્રેસે પણ તેમને સમર્થન આપ્યું છે તેથી આજે ઓ.બી.સી. એકતા મંચ, કોંગ્રેસ અને ઠાકોર સેના દ્વારા ના.કલેક્ટર કચેરી આગળ ધરણાં યોજાશે. જેમાં કોંગ્રેસના ધારાસભ્યો અને પદાધિકારીઓ સાથે ઠાકોર સેનાના કાર્યકરો પણ જોડાશે. જેને લઈ વહીવટી તંત્ર વિમાસણમાં મુકાઈ ગયું છે. તેથી ધરણાંને લઈ ફરી એકવાર ઉત્તેજનાનો માહોલ છવાયો છે.

## પાલનપુરમાં રેલવે કર્મચારીના પુત્રએ જીવનલીલા સંકેલી લેતાં ચકચાર

**રેલવે ક્વાર્ટસમાં પંખા સાથે સાડી બાંધી ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું**



પાલનપુર

પાલનપુર શહેરના રેલવે પચાસ ક્વાર્ટસ નજીક આવેલી નવી રેલવે કોલોનીમાં એક રેલવે કર્મચારીના પુત્રએ ગત બપોરે અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવતા ચકચાર મચી જવા પામી હતી. આ અંગે રેલવે પોલીસે અકસ્માતે મોતનો ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પાલનપુર રેલવે પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, રેલવે પચાસ ક્વાર્ટસ વિસ્તારમાં આવેલી નવી રેલવે લાઈનમાં રહેતા રેલવે કર્મચારી પુનમભાઈ પરમારના ૧૯ વર્ષીય પુત્ર રોહિતએ ગત બપોરે કોઈ અગમ્ય કારણોસર ક્વાર્ટસ ના રૂમમાં પંખા સાથે સાડી બાંધી ગળે ફાંસો ખાઈને જીવનલીલા સંકેલી લીધી હતી. આ અંગેની જાણ થતાં આજુબાજુના લોકો દોડી આવ્યા હતા અને ટોળું એકત્ર થઈ જવા પામ્યું હતુ. દરમિયાન રેલવે પોલીસે અકસ્માતે મોતનો ગૂનો દાખલ કરી એએસઆઈ નટવરસિંહ વધુ તપાસ હાથ ધરી છે.

## નેનાવા ચેકપોસ્ટ પરથી શંકાસ્પદ તેલના ૨૦ ડબ્બા ઝડપાયા




એન.કે.મોદી

**પીકઅપ ડાલા ચાલક અને માલિક વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી**

તા.પ્રતિનિધિ ધાનેરા

બનાસકાંઠા જિલ્લામાં વૈશાખ મહિનામાં ગ્રામીણ વિસ્તારોમાં ખીલી ઉઠેલી લગ્નોની મોસમ વચ્ચે રાજસ્થાન તરફથી આવેલા પીકઅપ ડાલાની નેનાવા ચેકપોસ્ટે પોલીસે ચકાસણી કરતા તેમાં શંકાસ્પદ તેલના ૨૦ ડબ્બા મળી આવ્યા હતા. તેથી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ટુંકી હકીકત એવી છે કે ધાનેરા પોલીસ સ્ટેશનના જે.પી. પ્રજાપતિ નેનાવા ચેકપોસ્ટ ઉપર વાહન ચેકીંગમાં હતા. તે દરમ્યાન આર.જે. ૪૩- જી.એ.૨૦૨૦ નંબરનું બોલેરો પીકઅપ ડાલુ આવતાં પૂછપરછ કરતાં ફલોદી રાજસ્થાનથી સુનિલ ઉર્ફે ગુડુ જોગરાજજી છગાજીએ ગાંધીનગર પ્રાયવેટ લીમીટેડ નામની કંપનીમાં તેલના ૨૦ ડબ્બા કે જે કોમ્પ્યુટર કોપીમાં પેન્યુર ઓઈલ લાવેલ હતું.

પરંતુ ડબ્બા ઉપર કોઈ જ જાતનું પોસ્ટર કે લેબલ ન જણાતાં આ માલ શંકાસ્પદ અખાધ્ય હોઈ શકે તેવી શંકા જતાં જે.પી. પ્રજાપતિ જમાદારે ફુડઈન્સપેક્ટર પી. એસ.પટેલ, તથા બી.બી. પ્રજાપતિને તુરંત ધાનેરા પોલીસ સ્ટેશને આવી ડ્રાયવર તથા માલ મોકલનાર- લેનારની ઘનિષ્ઠ પૂછપરછ કરતાં માલ શંકાસ્પદ જણાતાં ડ્રાયવરની અટક કરી તેલના નમુનાના સેમ્પલો લઈ વધુ તપાસ હાથ ધરી હતી.

## અમીરગઢ : ક્રેડીટ સોસાયટી ઉઠમણાં કેસમાં ત્રણની ધરપકડ

**લોકોનાં નાણાં પરત લેવા આરોપીઓ રીમાન્ડ હેઠળ**

તા.પ્રતિનિધિ અમીરગઢ

અમીરગઢ પોલીસે માઉન્ટ આબુની રિયલ ઈન્ડિયા ક્રેડિટ સોસાયટીના ઉઠામણા કેસમાં ત્રણ આરોપીઓની ધરપકડ કરી આ આરોપીઓને રિમાન્ડ પર લઈ આકરી ઉલટતપાસ હાથ ધરી છે.

અમીરગઢમાં ૨૦૧૨થી શરૂ થયેલ રિયલ ઈન્ડિયા ક્રેડિટ સોસાયટીમાં અમીરગઢ તથા આજુબાજુના ઘણા ગ્રાહકોએ નાણાનું રોકાણ કરેલ છે.જોકે સોસાયટીના સંચાલકોએ બે વર્ષ અગાઉ આ સોસાયટી બંધ કરી દઈ છેતરપિંડી કરતા અમીરગઢના એક ગ્રાહકે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. જેના અનુસંધાને અમીરગઢના પીએસઆઈ બી.આર.પટેલે આ મામલે તપાસ હાથ ધરી જીલ્લા પોલિસ અધિક્ષકની સૂચનાથી આ છેતરપીંડી પ્રકરણમાં સંડોવાયેલા ગોવિંદભાઈ અતુલભાઈ રાવલ, વિજયભાઈ મોહનલાલ બૈરવા અને રવીન્દ્રભાઈ મોહનલાલ બૈરવાને આબુરોડથી ધરપકડ કરી લોકોના રોકાણના નાણા તથા રેકર્ડ જમા લેવા તથા આમાં સંડોવાયેલ બીજા ઈસમોને ઝડપી લેવા તપાસ હાથ ધરેલ છે. આ કામે પોલીસે આરોપીઓને અમીરગઢ કોર્ટમાં રજૂ કરતા નામદાર કોર્ટે આરોપીઓના ત્રણ દિવસના રિમાન્ડ મંજુર કરતા પોલીસે આ ત્રણેય આરોપીઓને રિમાન્ડ પર લઈ આકરી ઉલટ તપાસ હાથ ધરી છે.

સૂર્યોદય - ૬.૦૭ સૂર્યાસ્ત - ૭.૧૦

## તિથિદર્શન

વૈશાખ વદ-૮ મંગળવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ વૈશાખ વદ : આઠમ મંગળવાર નક્ષત્રઃ શ્રવણ યોગ : શુકલ કરણઃ બાલવ આજે જન્મેલા બાળકની રાશી મકર (ખ.જ.) રાત્રે ૮.૫૦ પછી કુંભ (ગ.શ.સ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

**લોભા વિષ્ટો નરોં વિતં વીક્ષતે ન સચાપદમ્**
**દુગ્ધં પશ્યતિ માર્જારો યથા ન લઘુડાઈતિમ્**

બિલાડીને દૂધ તો તરત દેખાઈ જાય છે પણ તેની સાથે જ લાકડીનો પ્રહાર પણ થશે એ ભયને જોતી નથી, તેમ જ લોભી- લાલચી માણસને ધન તો દેખાય છે પણ તેના પછી આપત્તિઓને એ જોઈ શકતો નથી. આજના યુગમાં સરકારી બિલાડીઓ દૂધની તપેલી તો 'સુગંધ' પરથી શોધી જ લે છે અને ટેવ પ્રમાણે 'આંખ બંધ કરીને' ચપ- ચપ ચાટવા લાગે છે, જાતે બંધ કરી હોય એટલે ઈમ એમ જ સમજે છે મને કોઈ જોતું નથી! પણ વિરોધીઓ, વિરોધપક્ષો, ઈર્ષાળુ અધિકારીઓ, બધાની નજર એ 'દૂધ' પર જ હોય છે, તેથી તેની વિરુદ્ધ 'છટકાં' અરજી - ફરિયાદોનો લઠ્ઠ - દંડો ઝીંકે જ છે.

લોભી- લાલચી કલમાડી- રાજા- જાડેજા બાપુઓ આમ ઠગાઈ રૂપી દૂધ પી- પી તગડા તો થાય છે પણ કુદરત- ન્યાય - કોર્ટ- કાયદાનો 'દંડ' લાઠીનો ફટકો પડે ત્યારે તમ્મર આવી જાય અને ભાન આવે ત્યારે સીધા 'તિહારની કાળ- કોટડીમાં જ આંખે ખૂલે છે અને પછી 'ગાંધી વિચાર' પરીક્ષામાં પહેલો નંબર આવે છે. આમ, ખાયકી- કૌભાંડો- કટકીઓમાં જે લોકો 'આંખ મીંચી' ખાવા લાગ્યા છે, એમને કુદરતી ન્યાય કે ઈશ્વરના દંડની પણ બીક નથી, પોતાના કાળાં કામ અને દુષ્કૃત્યોને એ જોતા જ નથી.

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.)બિનજરૂરી નાણાં ખર્ચાય. પગમાં દુઃખાવો રહે.**

**વૃષભ : (બ.વ.ઉ.) નાણાંકીય સધ્ધરતાના પ્રયત્નો સફળ બને. વ્યર્થ વાદ-વિવાદ ટાળવો.**

**મિથુન : (ક.છ.ઘ.)વિરોધી વર્ગને પીછેહટ કરવી પડે. ખર્ચનું પ્રમાણ વિશેષ રહે.**

**કર્ક : (ડ.હ.) તકનો લાભ લેજો. ભાગીદારી વર્ગથી સંઘર્ષ ટાળવો.**

**સિંહ : (મ.ટ.)મનની મુંઝવણ દૂર થાય. તમારી મહેનતનું ફળ મળે.**

**કન્યા : (પ.ઠ.ણ.) ગૃહજીવનમાં આનંદનો વધારો થાય. લાભની તક મળે.**

**તુલા : (ર.ત.) આરોગ્ય બાબતે સાવધાની રાખવી. પ્રવાસનું આયોજન સફળ નીવડે.**

**વૃશ્ચિક : (ન.ય.) નાણાંકીય સમસ્યા રહે. વાણીસંયમ જાળવવો હિતાવહ.**

**ધન : (ભ.ફ.ધ.) વિઘ્નમાંથી માર્ગ મળે. પ્રિયજનથી સ્નેહ વધે.**

**મકર : (ખ.જ.) માનસિક તનાવ અનુભવાય. જવાબદારીમાં વધારો થાય.**

**કુંભ : (ગ.શ.સ.) મનની મુરાદ બર ન આવે. કાર્યબોજ હળવો બને.**

**મીન : (દ.ચ.જ.થ.) નવિન લાભની તક સાંપડે. નાણાંકીય ક્ષેત્રે સાનુકૂળતા સર્જાય.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

કવિવર રવીન્દ્રનાથ ટાગોરની જન્મજયંતી છે. ગુરુદેવ, કવિવર અને પછી ભારત રત્નથી તેમને નવાજવામાં આવેલા. સરકારે એમને 'સર'નો ઈલ્કાબ આપેલો. તેઅ મહાન સર્જક તો હતા જ, સાથે સાથે એક ઉત્તમ ચિત્રકાર પણ હતા. ૧૯૧૩માં સાહિત્ય માટેનું નોબેલ પારિતોષિક મળ્યું. ૧૯૦૧માં એમણે શાંતિનિકેતન સંસ્થાની સ્થાપના કરી અને ૧૯૨૨માં તેનો વિકાસ કરી 'વિશ્વભારતી વિશ્વ વિદ્યાલય'ની સ્થાપના કરી.

૭/૮/૧૯૪૧ના રોજ આપણા વચ્ચેથી તે અલવિદા કરી ગયા.

એમનો જન્મ ૮/૫/૧૮૬૧ના રોજ થયો હતો.

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.

ISO 9001 : 2015 CERTIFIED
॥ રોકાણકારોની શ્રદ્ધા સબૂર.... અમે વિશ્વાસનું પ્રતિક ॥
ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટ
www.Investmentpoint.in
Stock Market Trading Consultancy
નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808
hellonikhilbhatt@gmail.com

## તા.૦૮.૦૫.૨૦૧૮ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે....

**નિફ્ટી ફ્યુચર ૧૦૮૦૮ પોઈન્ટ મહત્વની સપાટી ....!!!**

**તા.૦૭.૦૫.૨૦૧૮ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૭૪૨ પોઈન્ટ :-**

**આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૮૦૮ પોઈન્ટના પ્રથમ અને ૧૦૮૧૮ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૦૭૧૭ પોઈન્ટ થી ૧૦૭૦૭ પોઈન્ટ, ૧૦૬૮૮ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફ્યુચરમાં ૧૦૮૦૮ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

**તા.૦૭.૦૫.૨૦૧૮ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૫૮૯૫ પોઈન્ટ :-**

**આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૫૭૦૭ પોઈન્ટના પ્રથમ અને ૨૫૬૩૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૫૯૩૦ પોઈન્ટ થી ૨૫૯૭૦ પોઈન્ટ, ૨૬૦૦૬ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૬૦૦૬ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

## હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક....

**ડો. રેડી (૨૦૭૭) :- ફાર્મા ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૨૦૩૩ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૨૦૧૭ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૨૦૯૩ થી રૂ.૨૧૦૩ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૨૧૧૩ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**HCL ટેક્નોલોજી (૯૩૨) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૯૧૩ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૮૯૬ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૯૪૭ થી રૂ.૯૫૫ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!**

**બાટા ઈન્ડિયા (૭૯૨) :- રૂ.૭૭૬ નો પ્રથમ તેમજ રૂ.૭૬૦ ના બીજા સપોટ-'થી ફૂટવેર સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૮૦૩ થી રૂ.૮૧૩ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!**

**રિલાયન્સ ઇન્ફ્રા (૪૫૦) :- ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૪૬૪ થી રૂ.૪૭૦ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૪૨૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**રિલાયન્સ કેપિટલ (૪૨૨) :- રૂ.૧૦ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૪૦૪ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક ફાઇનાન્સ સેક્ટર ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૪૩૪ થી રૂ.૪૪૦ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!**

**અજંતા ફાર્મા (૧૧૬૩) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાર્મા સેક્ટર નો આ સ્ટોક રૂ.૧૧૮૩ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૧૪૭ થી રૂ.૧૧૩૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૧૧૯૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**રેમન્ડ લિમિટેડ (૧૧૩૭) :- રૂ.૧૧૬૦ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૧૭૩ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૧૧૧૮ થી રૂ.૧૧૦૮ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૧૮૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!**

**એકસિસ બેન્ક (૫૩૭) :- બેન્ક સેકટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૫૬૦ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૫૨૩ થી રૂ.૫૧૦ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!**

**ગ્લેનમાર્ક ફાર્મા (૫૨૮) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાર્મા સેક્ટરનો આ સ્ટોક રૂ.૫૪૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૫૦૯ થી રૂ.૪૯૬ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૫૫૫ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**જેટ એરવેઝ (૫૧૫) :- રૂ.૫૩૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૫૪૭ ના સ્ટોપલોસે વેચવાલાયક આ સ્ટોક તબક્કાવાર રૂ.૫૦૫ થી રૂ.૪૯૩ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૫૫૫ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!**

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો www.nikhilbhatt.in ને આધીન...!!!

# કર્ણાટક ચૂંટણી : કોઈપણ પાર્ટીને બહુમતિ નહીં મળે

બેંગ્લોર

કર્ણાટક ચૂંટણીમાં જંગને લઈને ભાજપ કોંગ્રેસ વ્યસ્ત છે. બાજી કોના હાથમાં લાગશે તેને લઈને સ્થિતિ સ્પષ્ટ થઈ રહી નથી પરંતુ નવેસરના ઓપિનિયન પોલની વાત કરવામાં આવે તો કર્ણાટકમાં કોઈપણ પાર્ટીને બહુમતિ મળશે નહીં. લોકનીતિ-સીએસડીએસ તથા એબીપી ન્યુઝના સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે, કર્ણાટકમાં સત્તારુઢ કોંગ્રેસ પાર્ટી સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરીને આવશે. સર્વેમાં ભાજપ માટે રાહત આપવાની બાબત એ છે કે, કોંગ્રેસના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાનો માસ્ટરસ્ટોક બિનઅસરકારક રહ્યો છે. લિંગાયત વોટ ભાજપની તરફેણમાં જઈ રહ્યા છે. પોલ મુજબ કોંગ્રેસ પાર્ટીને ૯૭ સીટો અને ભાજપને ૮૪ સીટો મળશે. જેડીએસને ૩૭ સીટો મળશે. અન્યના ખાતામાં ચાર સીટો જશે. સર્વેમાં સામેલ થયેલા લોકોના કહેવા મુજબ સિદ્ધારમૈયાએ સારુ કામ કર્યું છે જ્યારે ભાજપ સૌથી ભ્રષ્ટ પાર્ટી તરીકે છે. એબીપી ન્યુઝ સર્વે મુજબ ૩૮ ટકા વોટની સાથે કોંગ્રેસને ૯૨થી ૧૦૨ સીટો મળી શકે છે. ભાજપને ૩૩ ટકા વોટ સાથે ૮૦-૮૯ સીટો મળી શકે છે. સર્વે મુજબ જેડીએસની ભૂમિકા આ વખતે કિંગમેકર તરીકેની રહેશે. તેને ૩૨-૪૨ સીટો મળી શકે છે. આ મત હિસ્સેદારીમાં પણ કોંગ્રેસ હજુ ભાજપ કરતા આગળ છે. કર્ણાટકમાં વિધાનસભાની ૨૨૪ સીટો છે. કોઈપણ પાર્ટીને સરકાર બનાવવા માટે ૧૧૩ સીટોની જરૂર પડે છે. જો ભાજપની ૮૪ અને જેડીએસની ૩૭ સીટોને ગણવામાં આવે તો ભાજપની રાજ્યમાં સરકાર બની શકે છે. આવી જ રીતે કોંગ્રેસની ૯૭ સીટોમાં જેડીએસની ૩૭ સીટોને જોડવામાં આવે તો કોંગ્રેસ પાર્ટી સત્તામાં વાપસી કરી શકે છે. સર્વેમાં મોટાભાગના લોકોનું કહેવું છે કે, વડાપ્રધાન મોદીનું કામ ખુબ સારુ રહ્યું છે. ૬૮ ટકા લોકો મોદીના કામથી સંતુષ્ટ છે. ૭૨ ટકા લોકોએ સિદ્ધરમૈયાના કામની પ્રશંસા કરી છે.

# દેશના ૧૩ રાજ્યો પર હજુ તોફાનની ઘાત યથાવત

બીકાનેર

દેશના ૧૩ રાજ્યોમાં ભારે આંધી-તૂફાનને લઈને જારી કરવામાં આવેલી હવામાન વિભાગની આગાહી સાચી સાબિત થાય તેવા સંકેત દેખાઈ રહ્યા છે. રાજસ્થાનના બીકાનેરમાં આજે મોડી સાંજે ધૂળભરેલી આંધી ચાલી હતી. ત્યારબાદ એવી શંકા છે કે, ટૂંકમાં જ ઉત્તરભારતના અનેક ભાગોમાં આ પ્રકારના તોફાનની શક્યતા દેખાઈ રહી છે. મળેલી માહિતી મુજબ બિકાનેરમાં કેટલીક જગ્યાએ વરસાદી છાંટા પણ પડ્યા છે. હવામાન વિભાગે આજે પણ ચેતવણી આપી હતી કે, ઉત્તર અને પૂર્વ ભારતના કેટલાક રાજ્યો પર હજુ ઘાત રહેલી છે. ૪૮ કલાક સુધી આ ઘાત રહેશે. આ રાજ્યોને આંધી અને તોફાનની સાથે સાથે ભારે વરસાદનો સામનો કરવો પડી શકે છે. દેશના અનેક ભાગોમાં ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. અત્રે નોંધનીય છે કે, મંગળવારના દિવસે પણ સ્કૂલોમાં રજા જાહેર કરી દેવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વિનાશકારી તોફાન અને ધુળભરેલા વરસાદના લીધે સેંકડો લોકોના મોત થયા બાદ પણ હજુ સંકટ ટળ્યું નથી. નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (એનડીએમએ) દ્વારા જણાવવામાં આવ્યું છે કે, આવનાર પાંચ દિવસ સુધી ખરાબ હવામાનને લઈને એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. એલર્ટ મુજબ દિલ્હી, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, બિહાર, ઉત્તરાખંડ સહિત દેશના અનેક ભાગોમાં પ્રચંડ તોફાનની દહેશત રહેલી છે. સંકટ પૂર્ણરીતે ટળ્યું નથી. જેથી તંત્ર સાબદુ થયેલું છે. આ પહેલા ગયા બુધવારની રાત્રે આવેલા તોફાન અને ધૂળ ભરેલી આંધીથી દેશના અનેક ભાગોમાં ભારે નુકસાન થયું હતું.

# એલ.આઈ.સી.ની ધાનેરા શાખાએ ગાંધીનગર ડીવીઝન કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ



એન.કે.મોદી

તા.પ્રતિનિધિ ધાનેરા

નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ માં ગાંધીનગર ડીવીઝન સ્તરમા ધાનેરા શાખા કેટલીય બાબતોમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે. એના માટે સીનિયર ડીવીજનલ મેનેજર સનોજકુમારે સંભાગીય સ્તરના કાર્યક્રમમાં ધાનેરાના ચીફ મેનેજર વિજયકુમાર સોની, થરાદ સેટેલાઈટ શાખા પ્રબંધક એન.સી. પુરોહિત, દાંતીવાડા સેટેલાઈટ શાખા પ્રબંધક મગન મીના તથા સહાયક શાખા પ્રબંધક લોકેશ મીણાને અભિનંદન પાઠવ્યા અને આ પ્રસંગે તેઓને ખેસ, ટ્રોફી, મોમેન્ટો અને ફ્લેશથી સન્માનિત કરાયા હતા. ધાનેરા શાખાએ કુલ નવી પોલિસી, સિંગલ પ્રીમિયમ, દાવા ચુકવણી, વીમા ગ્રામ અનુદાન, શતક વીર એજન્ટ તરીકે ડીવીઝન કક્ષાએ પ્રથમ સ્થાન મેળવ્યુ છે. ઉપરાંત શાખાના ૪ એજન્ટે પણ મિલિયન ડૉલર રાઉન્ડ ટેબલ અમેરિકા (એમડીઆરટી યુએસએ) ની પણ પાત્રતા હાંસલ કરેલ છે.

જેમાં જયંતિભાઈ વનાજી પટેલ (કુવારલા), પ્રવીણભાઈ ભગુભાઈ ચૌધરી (અનાપુરા છોટા), બાવાભાઈ આબાભાઈ રબારી (ચારડા), રામાભાઈ ભુરીયા (થરાદ) નો સમાવેશ થાય છે.

# સીસરાણામાં ૧૩ ઝલા સમાજદર્શન પ્રસંગ યોજાયો

પ્રતિ. સીસરાણા

વડગામ તાલુકાના સીસરાણા ગામે સ્વ. ગણેશભાઈ મોંઘજીભાઈ ચૌધરી તથા સ્વ.રાંમાબેન ગણેશભાઈ ચૌધરીની યાદમાં ૧૩ ઝલા સમાજદર્શન પ્રસંગ તેમના પુત્રો નરસંગભાઈ ગણેશભાઈ પટેલ તથા લક્ષ્મણભાઈ અને નીલેશભાઈ કેશરભાઈ ચૌધરી આજણા પરિવાર દ્વારા યોજવામાં આવેલ તેવા સ્વ.ગણેશભાઈ મોંઘજીભાઈ ચૌધરી જેઓ સામાજિક અને રાજકીય અગ્રણી હતા. જેઓ તાલુકા ખરીદ વેચાણ સંઘ વડગામના પૂર્વ ચેરમેન રહી ચુક્યા છે. આ પ્રસંગે બહોળી સંખ્યામાં ચૌધરી સમાજ ઉમટી પડેલ હતો આ પ્રસંગે પૂર્વ ધારાસભ્ય દિયોદરના ધારાસભ્ય શિવરામભાઈ ભુરીયા, ધાનેરાના જોઈતાભાઈ પટેલ, ગોવિંદભાઈ પ્રજાપતિ, વસંતભાઈ ભટોળ, મણીભાઈ વાઘેલા, જિલ્લા પંચાયત પ્રમુખ પીનાબેન, લક્ષ્મીબેન કરેણ, સમાજના અગ્રણી ગણેશભાઈ પટેલ, સમાજ પ્રમુખ એચ.એલ.પટેલ ભીખુભાઈ બિહારી, પુર્વ પ્રમુખ દેવુસિંહ ડાભી, નારણસિંહ, બનાસડેરીના ડિરેક્ટર દિનેશભાઈ ભટોળ તથા ફલજીભાઈ હાજર રહેલ હતા.

નરસંગભાઈ ચૌધરીના જણાવ્યા મુજબ સમાજદર્શનના આ અનોખા પ્રસંગે બીજા દિવસે સમગ્ર સીસરાણા ગ્રામજનોને ભોજન પ્રસંગનું આમંત્રણ પાઠવેલ હતું. સમગ્ર કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં લકોએ ઉપસ્થિત રહીને બિરદાવ્યો હતો અને આ પ્રસંગમાં ગ્રામજનોનો અને સમાજના યુવાનોનો સુંદર સહકાર સાંપડ્યો હતો.

# દીઓદર ખાતે ઠંડી છાશનું વિતરણ કરાયું



(અશોક શેઠ)

તાલુકા પ્રતિનિધિ દીઓદર

ઉનાળાના આકરા તાપથી રાહદારીઓને રાહત આપવાના ઉદેશ્ય સાથે સેવાભાવી લોકો દ્વારા છાશ - પાણી વિતરણનો સેવા યજ્ઞ શરૂ કરવામાં આવે છે. ત્યારે દીઓદર જુના બસ સ્ટેન્ડ ખાતે તાજેતરમાં શબ્બીરભાઈ મેમણ દ્વારા ૮૦૦ લીટર ઠંડી છાશ અને મિનરલ ઠંડુ પાણીનું બજારમાં કાઉન્ટર ઉભું કરીને વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ગામ લોકોએ ઠંડી છાશ અને પાણી પીને રાહત અનુભવી હતી.

# કાંકરેજ તાલુકાની વડા ખાનપુરાવાસ તથા થરા- ૨ પ્રાથમિક શાળાને અનુપમ શાળા એવોર્ડ



યશપાલસિંહ વાઘેલા

તાલુકા પ્રતિ. થરા

ગુજરાત રાજય શિક્ષણ વિભાગ જી.સી.ઈ. આર.ટી.ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન બ.કાં., જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ પાલનપુર, ગુજરાત યુનિસેફના સહયોગથી અમલમાં મુકાયેલા અનુપમ શાળા પ્રોજેક્ટ- ૨૦૧૫-૧૮ અનુપમ જ્ઞાનસત્ર અને અનુપમ શાળા અભિવાદન સમારોહમાં કાંકરેજ તાલુકાના વડા ખાનપુરાવાસ પ્રાથમિક શાળાને કાંકરેજ તાલુકામાં પ્રથમ તથા જિલ્લામાં ચોથા નંબરનો અનુપમ શાળા એવોર્ડ એનાયત થયેલ છે. થરા નગરની પ્રા.શાળા નં.-૨ ને અનુપમ શાળા એવોર્ડ અર્પણ કરાયેલ. જેનાથી શિક્ષણ પ્રેમીઓ વાલીઓમાં આનંદની લાગણી છવાઈ છે.

એવોર્ડથી પ્રભાવિત થયેલા શાળાના શ્રેષ્ઠ શિક્ષક શૈલેષભાઈ દવે તમામ શાળાઓને પક્ષી ચણ અને પાણીના કુંડાનું વિતરણ કરેલ. શાળા અનુપમ એવોર્ડ એનાયત પ્રસંગે જિલ્લા શિક્ષણ તાલીમ ભવન બ.કાં.ના પ્રાચાર્ય ડૉ.જી.એમ. ચૌધરી, ડીપીઓ ડૉ.ડી.આર.દરજી, પૂર્વ નિયામક નલીનભાઈ પંડિત, યુનિસેફના લક્ષ્મી ભવાની, પુષ્પાબેન જોષી તથા જોષી તથા અન્ય અધિકારી ગણ શિક્ષકોની સેવાને બિરદાવી હતી. વડા ખાનપુરાવાસ પ્રા. શાળાના આચાર્ય બળદેવભાઈ ચાવડા, થરા પ્રા.શાળા નં.-૨ ના આચાર્ય જીગરભાઈ ઠક્કર તથા સ્ટાફ પરિવારે ઉપસ્થિત રહી એવોર્ડ સ્વીકારેલ.

# ભાભરમાં ઠાકોર સમાજના સમુહ લગ્નમાં ૭૨ યુગલોએ પ્રભુતામાં પગલા પાડ્યા



વનરાજસિંહ રાઠોડ

તા.પ્રતિનિધિ ભાભર

સમુહ લગ્ન એક સામાજીક પ્રગતિ અને એકતાનું પ્રતિક છે. ગરીબ અને મધ્યમ વર્ગને ખોટા ખર્ચાઓથી બચાવવા કેટલાક સમાજો સમુહ લગ્ન દર વર્ષે યોજીને સમાજને આગળ ધપાવવાનું ઉમદા કાર્ય કરે છે.

જે અનુસંધાને ભાભરમાં દર વર્ષે ઠાકોર સમાજ દ્વારા સમુહ લગ્નનું આયોજન કરવામાં આવે છે. રવિવારના દિવસે ભાભરના અબાળા ગામે સમુહ લગ્ન સમારોહમાં ઠાકોર સમાજના ૭૨ યુગલો જોડાયા હતા. જેમાં રાજકીય નેતાઓ, સંતો, મહંતો અને સમાજ સેવકોની હાજરીમાં નવ દંપતિઓ સંસારીક જીવનના તાંતણે બંધાયા અને સંતો-મહંતોના આશીર્વાદ મેળવ્યા હતા. દાતાઓએ નવ દંપતિઓને વિવિધ ભેટ સોગાદો આપી હતી. જેમાં મોટી સંખ્યામાં ઠાકોર સમાજના લોકો જોડાયા હતા.

# વડાવળમાં ભાજપ દ્વારા ગ્રામ સંપર્ક અભિયાન યોજાયું



નરસિંહ દેસાઈ

વડાવળ

વિશ્વની સૌથી મોટી પાર્ટી ભાજપા દ્વારા તાજેતરમાં દરેક તાલુકામાં ગામ સંપર્ક અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું ત્યારે ડીસા તાલુકાના વડાવળમાં પણ ગ્રામ સંપર્ક અભિયાનનું આયોજન થતાં વિસ્તાર તરીકે જિલ્લા યુવા ભાજપના પૂર્વ મહામંત્રી નિરજનભાઈ ઠક્કરને જવાબદારી આપવામાં આવતા ગામ લોકોનો સંપર્ક કરી વિવિધ આગેવાનો સંસ્થાઓ તેમજ ગ્રામજનો સંપર્ક કરી આ કાર્ય સફળ રીતે પૂર્ણ કર્યું ગ્રામ સંપર્ક અભિયાનમાં ભાજપના પુર્વ મહામંત્રી અચરતભાઈ ઠક્કર અને જિલ્લા ભાજપના કારોબારી સદસ્ય ભગવાનભાઈ બંધુ પણ જોડાયા હતા. વડાવલમાં સરકારની વિવિધ યોજનાઓ તથા ગામની વિવિધ માંગણીઓ વિશે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરી હતી અને ગ્રામ સંપર્ક અભિયાનને સફળતા પૂર્વક સંપન્ન કર્યુ હતું.

# ધાનેરા મહેશ્વરી સમાજ દ્વારા બ્લડ ગ્રુપ ચેકઅપ કેમ્પ યોજાયો



એન.કે.મોદી

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરામાં વિવિધ સમાજ સેવાનું કાર્ય કરતા સામાજિક સંગઠન મહેશ્વરી નવયુવક મંડળ દ્વારા રક્તદાનને પ્રોત્સાહન આપવા અને ગરમી દરમિયાન ધાનેરા અને ડીસામાં રાજસ્થાનથી દર્દીઓનો ધસારો રહેતા રક્તની અછત સર્જાય છે એ માટે આજે ધરતી બ્લડબેંકના સહયોગથી બ્લડગ્રુપ ચેક અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું.

જેમાં ધાનેરા મહેશ્વરી નવયુવક મંડળના તમામ યુવાનો અને સમાજના વડીલોએ ભારે જહેમત ઉઠાવેલ અને કાર્યક્રમ ને સફળ બનાવેલ.

# ડીસા સહિત જિલ્લાની બજારોમાં ફળોના રાજા કેરીનું આગમન



નરસિંહ દેસાઈ

પ્રતિ. વડાવળ

ઉનાળો શરૂ થતાંની સાથે ફળોના કેરીનું આગમન થવા લાગે છે. ગુજરાતના સૌરાષ્ટ્રના વિસ્તારોમાં પાકતી કેરી સૌ પ્રથમ સૌરાષ્ટ્રના માર્કેટયાર્ડમાં આવક શરૂ થતી હોય છે. ત્યારબાદ રાજયના વિવિધ વિસ્તારોમાં કેરીનું આગમન થાય છે. કેરીમાં સોરઠના ગીરીની કેરી વિશ્વભરમાં પ્રખ્યાત છે.

આ ઉપરાંત તાલાલાની કેશર કેરી પણ ખુબ સારી હોય છે. ત્યારે સૌરાષ્ટ્રના માર્કેટયાર્ડમાં કેરીની આવક શરૂ થતા કેરીના પ્રતિ બોક્ષ ૨૨૦ રૂપિયા ૬૮૦ સુધી ભાવ મળી રહ્યા છે. આ બાબતે કેટલાક વેપારીઓનો ટેલીફોનીક સંપર્કમાં જણાવ્યા પ્રમાણે ગતવર્ષની સરખામણીએ આ વખતે સૌરાષ્ટ્રમાં કેરીનું ઉત્પાદન ઘણું ઓછું રહે એવી શક્યતાઓ છે જેથી ગતવર્ષ કરતાં આ વખતે ઘણો ઉંચો ભાવ રહેવાની સંભાવના રહેતી હોય છે વાતાવરણમાં આવેલ વારંવાર પરીવર્તનના કારણે કેરીના ઉત્પાદનને માઠી અસર પહોંચી હોવાના અણસાર મળી રહ્યા છે. ડીસા સહિત જિલ્લાની બજારોમાં પણ કેરીનું આગમન થઈ ચુકયું છે. ઉનાળાની ગરમીમાં કેરીની ખુબ સારી માંગ રહેતી હોય છે. જિલ્લાની બજારોમાં લોકલ કેરીનું પણ વેચાણ થતું હોય છે. બજારોમાં દુકાનો સહિત લારીઓ પર કેરીઓ જોવા મળી રહી છે. જેથી આગામી સમયમાં કેરીઓની પુરબહાર આવક થશે.

## તંત્રી સ્થાનેથી ...

### બ્રાહ્મણનો સૌથી મોટો શત્રુ અહંકાર છે...

## પૂર્વોત્તર રાજ્યોના વિકાસ માટે કેન્દ્રની રણનીતિને આવકાર

વર્તમાન સંજોગોમાં પૂર્વોત્તર રાજયોની રાજનીતિમાં દિવસે દિવસે પરિવર્તન આવતું જોવામાં આવે છે. કેટલાક રાજયોમાં ક્યારેય ભાજપનું ખાતું ખુલતું ન હતું.પરંતુ આજે દેશના ઘણા રાજયોમાં ભાજપની સરકાર છે અને ત્યાં આર્થિક અને સામાજીક સ્વરૂપે ફેરફાર થઈ રહ્યો છે. કેટલાક રાજયો સંવેદનશીલ પણ છે. જેમા ખાસ કરીને અરૂણાચલ, આસામ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, મેઘાલય અને સિક્કિમ વગેરે રાજયોની ૯૦ ટકાથી વધુ સરહદ આંતરરરાષ્ટ્રીય છે. જે ચીન, બાંગ્લાદેશ, મ્યાનમાર, ભૂતાન અને નેપાળની સરહદને મળે છે.

આશ્ચર્યની વાત એ છે કે અગાઉની કોઈ સરકારોએ મોટા ભાગના પૂર્વત્તર રાજ્યોમાં વિકાસ કે આ રાજયોની જનતાના રક્ષણ બાબતે કોઈપણ પ્રકારની કાર્યવાહી કરી ન હતી. નકસલવાદીઓ ગમે ત્યારે ત્રાટકીને કોઈની હત્યા કરે કે કોઈનું અપહરણ કરી જાય તો તેની પાછળ કોઈ પગલા લેવામાં આવતા નહિં. જ્યારે પોલીસની હયાતીમાં પણ કેટલાક લોકો બેફામ લૂંટફાટ કરીને ફરાર થઈ જાય તેમ છતાં ફરિયાદ પણ નોંધાતી ન હતી. પૂર્વત્તર રાજ્યોમાં આવી ગંભીર સ્થિતિમાં સરકાર તરફથી કોઈ મદદ પણ મળતી ન હતી. જો કે હાલમાં ભાજપની રણનીતિ સફળ નિવડી છે.

પૂર્વત્તર રાજ્યોનો વિકાસ અને સંરક્ષણ બાબતે કેન્દ્રની ભાજપ સરકાર દ્વારા કઈ રીતની કાર્યવાહી કરવામાં આવી છે. તેનો અહેવાલ ગૃહમાં રજુ કરવો જોઈએ. જેથી તેની નિયમ મુજબ ચર્ચા થઈ શકે. વર્ષ ૨૦૧૧ ની વસતી ગણતરી મુજબ નાગાલેન્ડમાં ૮૮ ટકા, મિઝોરમમાં ૮૭ ટકા, મેઘાલયમાં ૭૪ ટકા, મણીપુરમાં ૪૧ ટકા, તેમજ અરૂણાચલમાં ૩૦ ટકા ખ્રિસ્તી વસ્તીવાળું રાજય બન્યું છે. જ્યારે ૨૦૧૧ માં થયેલ વસ્તી ગણતરીમાં કોઈ ખાસ વધારો થયો નથી. વળી કોંગ્રેસે ભાજપને સાંપ્રદાયિક જાહેર કરી પોતાને લઘુમતીના ઉધ્ધારકના સ્વરૂપમાં રજુ કરી તેનો લાભ ઉઠાવેલ. આથી પૂર્વત્તર રાજ્યોમાં તેમનો ઘણા સમય સુધી દબદબો રહ્યો.

તેમ છતાં ભાજપ પૂર્વત્તરના અનેક રાજયોમાં સરકાર બનાવવામાં સફળ રહી છે. તેમ છતાં પૂર્વત્તરની જનતાને ભાજપની દક્ષિણપંથી વિચારધારાનો સ્વીકાર કરી લીધો છે તે બાબતે હજુ કંઈ કહી શકાય તેમ નથી.

ભાજપે આસામ, ત્રિપુરા, અરૂણાચલમાં પોતાના જોરે તથા મેઘાલય- નાગાલેન્ડ અને મણિપુરમાં પોતાના સહયોગી દળો સાથે મળીને સરકાર બનાવી છે, આશ્ચર્યની વાત તો એ છે કે આસામ અને ત્રિપુરામાં ભાજપને સ્પષ્ટ જનાદેશ પ્રાપ્ત વિપક્ષોની ઊંઘ હરામ થઈ હતી. વળી આસામમાં અને ત્રિપુરામાં અન્ય રાજકીય પક્ષોનો પગપેસારો થવાની સંભાવનાને નકારી શકાય તેમ નથી. ભાજપે પૂર્વત્તર રાજ્યોમાં પોતાની શાખ બનાવવા ઘણી સફળ રણનીતિ બનાવી છે તેને નકારી શકાય તેમ નથી.

પૂર્વત્તર રાજ્યોના ઘણા બધા પ્રશ્નોનો અગાઉની સરકારો દ્વારા ઉકેલ લાવી શકાયો નહતો. તેના કારણે ત્યાંની જનતાને અમુક રાજકીય પક્ષો પરથી વિશ્વાસ ઉઠી જતા ભાજપના સિધ્ધાંતોને યોગ્ય ગણ્યા હતા. ભાજપે તેની રણનીતિમાં ફેરફાર કરીને પૂર્વત્તરના મહત્વપૂર્ણ નેતાઓનો ભાજપમાં સમાવેશ કરીને મહત્વની ભૂમિકા ભજવી હોય તેવું માની શકાય. દેશની આઝાદી બાદ કોંગ્રેસની સરકારનું વર્ચસ્વ હતું પરંતુ વર્તમાન સંજોગોમાં બદલાતા રાજકીય પરિવર્તનની સાથે કોંગ્રેસનું વર્ચસ્વ ઘટી ચુક્યું છે .

## ક્લિનિંગ સ્પ્રે, સેન્ટની ગંધથી કેન્સર થવાનું જોખમ વધી જાય છે : અભ્યાસ

સેન્ટ, બોડી સ્પ્રે, તથા ક્લિનિંગ સ્પેનો અસાધારણ ઉપયોગ કરનારાઓ માટે માઠા સમાચાર છે. ઘણી વખત સ્પ્રેની સુગંધથી માથું ચડી જતું હોય છે તો કેટલીક વખત અમુક ગંધથી મૂંઝવણ થાય છે તાજેતરમાં થયેલા એક અભ્યાસ પ્રમાણે વધુ પડતા સ્પ્રે, આફટરશેવ, સેન્ટ, બોડી સ્પ્રે તથા ક્લિનિંગ સ્પ્રેથી લાંબા ગાળે કેન્સર થવાનું જોખમ છે. એવું એક અભ્યાસના તારણમાંથી જાણવા મળ્યું છે. સુગંધ વ્યક્તિના આવેગ અને ઉત્સાહ પર સીધી અસર કરે છે. ગંધના કારણે અનેક લોકોને ઘણી વખત માઠી અસર થાય છે. તો ક્યારેક મૂંઝવણના લીધે શ્વાસ લેવામાં પણ તકલીફ પડે છે. અમુક પ્રકારની સુગંધ ગમતી હોય છે. પરંતુ ક્લિનિંગ સ્પ્રે, ડિટર્જન્ટ અને રૂમ સ્પ્રેની સ્ટ્રોંગ સુગંધથી માથું દુખે છે. પરંતુ આ ગંધને લઈને કોઈ કોઈને ખુલ્લીને વાત નથી કરતું, ક્યારેક ગંધને લીધે વાત-ચીત કરવી પણ કઠિન બની જાય છે. ક્યારેક આ પ્રકારની ગંધ કે સ્ટ્રોંગ સ્મેલના કારણે વ્યક્તિ બીમાર પણ પડી શકે છે. વધારે પડતી સુગંધ શરીર તથા માનસને નુકસાન પહોંચાડે છે. એવું અભ્યાસમાંથી જાણવા મળ્યું છે. દિન-પ્રતિદિન રંગો, પર્ફયૂમ, સેન્ટ, સ્પ્રે તથા ડિટર્જન્ટમાં વધુ પડતા કેમિકલના ઉપયોગથી વાયુ પ્રદૂષણમાં પણ વધારો થાય છે.

**આત્મચિંતન**

## માનવજીવનનું તત્વજ્ઞાન

જે પ્રકારે પ્રભાતનો સમય પક્ષીઓને, સાંજનો સમય ઘુવડને, મધ મધમાખીને, મૃત શરીર ગીધને પ્રફુલ્લિત કરે છે, તે જ રીતે જીવન મનુષ્યને વ્હાલુ છે. માનવી જીવન ભલે ઉજ્જવળ જ હોય પરંતુ તે આંખોને તેજ પ્રકાશમાં નથી નાંખતો. ભલે તે નિસ્તેજ હોય છતાં પણ નિરાશા ઉત્પન્ન નથી કરતો. એ ભલે ગમે તેટલા મીઠો હોય, છતાં તેનાથી જીવને ઉબકા નથી આવતા. ભલે સડી સડીને તે બગડી ગયો હોય છતાં તેને છોડી શકાતું નથી.આટલું થયા પછી પણ તેનું સાચું મૂલ્ય કોણ જાણી શકે છે ? મૂર્ખોની જેમ એમ ના સમજો કે જીવનની અપેક્ષાઓમાં અન્ય કોઈ વસ્તુ વધારે મૂલ્યવાન છે. અને ઢોંગી બુદ્ધિમાનની જેમ એમ પણ ના વિચારો કે જીવન સાર વગરનું છે. માત્ર પોતાના સ્વાર્થ માટે તેના ઉપર આસક્ત ના થાઓ, પરતુ તેનાથી થનાર બીજાના હિતનું ધ્યાન રાખો.સોનું આપવા છતાં પણ જીવન નથી ખરીદી શકતું અને ના તો ઢગલો હિરા ખર્ચ કરવાથી ગયેલો સમય પાછો મળી શકતો, તેથી જ પ્રત્યેક ક્ષણને સદગુણ-સંપાદન કરવામાં જ લગાવવું બુદ્ધિમાનીનું કામ છે. જીવનનો બિનઉપયોગી સમય નિકાળી દેવામાં આવે તો શુ વધશે ?બાળપણ, ઘડપણ, ઉંઘવાનો સમય, બેકાર બેસી રહેવાનો સમય અને બિમારીઓના દિવસ. જો જીવનના સંપૂર્ણ દિવસોમાંથી નીકાળી દેવામાં આવે તો કેટલા દિવસ વધે છે ?- **ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

# લોકો મોદીજી પાસે શા માટે વધુ અપેક્ષા રાખે છે?

**રાજકારણના રંગ**
**મહેશ દોશી**

**દરરોજ ટીકા-ટિપ્પણ, આક્ષેપો અને ગાળોની નેતાઓ પર ઝડી વરસે છે છતાં, તેઓ વિચલિત થયા વિના સતત અકલ્પનીય ભાગદોડ કઈ રીતે કરી શકે છે?**

તાજેતરમાં લંડનની મુલાકાત વેળાં, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતીય યુવાનો સાથે એક વિચારગોષ્ઠીમાં હાજરી આપી હતી. અનેકવિધ મુદ્દાઓની ચર્ચા દરમિયાન, મોદીજીએ કરેલી વાતો અને પ્રશ્નોના જવાબોને યુવાન શ્રોતાઓએ વારંવાર તાળીઓના ગડગડાટથી વધાવ્યા હતા. એક યુવાને પ્રશ્ન કર્યો કે, મોદીજી, આપનામાં આટલી શક્તિ આવે છે ક્યાંથી? "હું દરરોજ વીસ-ત્રીસ કિલો ગાળો ખાઉં છું...!!" મોદીજીના આ જવાબે ત્યાં ઉપસ્થિત તમામ યુવાનોના દિલ જીતી લીધા હતાં. વાસ્તવિકતા એ છે કે, મોદીજી પર દરરોજ પાંચસો-હજાર કિલો ગાળો, ટીકા-ટિપ્પણી અને મહેણાં, ટોણાંનો વરસાદ વરસે છે!

રાજકારણ વિશેની ચર્ચામાં, આ લખનારના એક મિત્રે કરેલી વાત નોંધવા જેવી છેઃ "યશવંત સિંહા, શત્રુઘ્ન સિંહા, પ્રવીણ તોગડિયા વગેરે જેવા પોતાના પક્ષના જ અસંતુષ્ઠ નેતાઓ, સત્તા વિના સતત ટળવળતા તમામ વિરોધ પક્ષો, કહેવાતા બિન-સાંપ્રદાયિક જંતુઓ, એવોર્ડ વાપસીવાળા સહિતના બૌદ્ધિક કીડાઓ, દુનિયા આખીની ટીકા કરીને પોતાને 'સુપરમેન' માનતા અને ગમ્મેતેવા મનઘડંત અર્થઘટનો કરીને સતત કલમના ગોદા મારતા રહેતા પત્રકારો તેમજ ચોવીસે કલાક હો-ગોકીરો કરતા ટીવી ચેનલોના મોંફાટ સંવાદદાતાઓ, કોમવાદી-જાતીવાદી નેતાઓ, ત્રાસવાદીઓ, ચીન, પાકિસ્તાન જેવા ભારે અકોણા પાડોશી રાષ્ટ્રોના નેતાઓ અને છેલ્લે ન્યાયાધીશ, ન્યાયમૂર્તિ તરીકેની પોતાની ગરિમા ભૂલીને ખૂલ્લેઆમ મોદી સરકાર વિરુદ્ધ મોરચો ખોલીને બેઠેલા સુપ્રીમ કોર્ટના કેટલાંક કોંગ્રેસપ્રેમી જજશ્રીઓ દ્વારા રોજેરોજ મોદી પર ગાળો, આક્ષેપોનો વરસાદ વરસે છે. આપણને કોઈએ ક્યારેક કોઈ અપશબ્દ કહ્યો હોય કે, નાનકડું અપમાન કર્યું હોય તો આપણે અઠવાડીયા સુધી ઊંઘી શકતા નથી ત્યારે રાજકારણીઓ અને ખાસ કરીને મોદીજી જેવા નેતાઓ પર દરરોજ સાચા-ખોટા ટીકા-પ્રહારો, આક્ષેપો અને ગાળોની ઝડી વરસતી હોવા છતાં, તેઓ જરાય વિચલિત, નાસીપાસ થયા વિના આટલું કામ, આટલી ભાગદોડ કઈ રીતે કરી શકે છે??!!"

વાત તો વિચારવા જેવી છે! કદાચ મોદીજીની એ વાત સાચી છે કે, એ જ એમનો ખોરાક છે અને તેમને અકલ્પનીય શક્તિ આપે છે. ગાળો, અપશબ્દો, ટીકા-ટિપ્પણી અને આક્ષેપો એ એવી 'બૂમરૅંગ' છે જે, ફરી ફરીને તેના ફેંકનારની પાસે જઈ પહોંચે છે અને જેના વિરુદ્ધ ફેંકાયેલી હોય તેને જ તાકાત આપે છે! ગોધરાકાંડ પછી બનેલી અનિચ્છનીય ઘટનાઓના પગલે દુનિયા આખીએ મોદી પર વાજબી-ગેરવાજબી રીતે માછલાં ધોયા. એકતરફ આખી દુનિયા અને બીજીતરફ માત્ર મોદી! તત્કાલીન કોંગ્રેસ પ્રમુખ શ્રીમતી સોનિયા ગાંધીએ મોદીને 'મોતના સોદાગર' કહી નાખ્યા. કોંગ્રેસ માટે આ બાબત 'બૂમરૅંગ' સાબિત થઇ અને મોદી લોકપ્રિયતાની ટોચે બિરાજ્યા. જે અમેરિકી સરકારે મોદી માટે 'પ્રવેશબંધી' ફરમાવી દીધી હતી એ જ અમેરિકાને મોદી માટે લાલ જાજમ બિછાવવી પડી!

આ વાત કોઈપણ વ્યક્તિને લાગુ પડે છે. ગુજરાતના ચૂંટણી પ્રચારમાં મોદી સહિતના ભાજપના નેતાઓએ કોંગ્રેસ પર આક્ષેપોની, અપશબ્દોની ઝડી વરસાવી હતી; આખરે પરિણામ એ આવ્યું કે, અઢી દાયકાથી ગુજરાતમાં મૃતઃપ્રાય બની ગયેલી કોંગ્રેસ ફરી જોરમાં આવી ગઈ! એક સમયે મોઢેથી માખી ઉડાડવાની તાકાત નહીં ધરાવતા રાહુલ ગાંધીમાં આજે મોદીને, ભાજપને પડકારવાની હિંમત આવી ગઈ છે. દેશના વિવિધ રાજયોનીમાં પેટાચૂંટણીઓમાં ભાજપનો રકાસ થતાં, આજે રાહુલ ગાંધી ૨૦૧૯ની લોકસભા ચૂંટણીઓમાં ભાજપને સત્તાભ્રષ્ટ કરવાના સપનાં જોઈ રહ્યા છે. "મોદીજી આપણા વડાપ્રધાન છે અને તેમની વિરુદ્ધ અપમાનજનક શબ્દો નહીં બોલું..." એવા રાહુલનાં વિધાનોની દેશવાસીઓએ હકારાત્મક નોંધ લીધી છે.

મોદીના હમણાંના જાહેર ભાષણોમાં ૨૦૧૪ના ચૂંટણી પ્રચારની યાદ અપાવતી વાતો પણ સાંભળવામાં આવી છે. દાખલા તરીકે, વિકાસની વાતનો વારંવાર ઉલ્લેખ, તેમના નાનપણના ચા વેચવાના દિવસોવાળી વાત અને પાકિસ્તાનને ભરી પીવાની નીતિને વાજબી ઠરાવતી વાત. લંડનમાં તેમણે કહ્યું કે, "રેલ્વે સ્ટેશન પર ચા વેચવાના દિવસો મારી જિંદગીનું સુવર્ણપૃષ્ઠ હતું; જેનાથી હું જીવતા અને સંઘર્ષ કરતાં શીખ્યો". વધુમાં તેમણે કહ્યું કે, "રેલ્વે સ્ટેશન પર નરેન્દ્ર મોદી હતો અને લંડનના રોયલ પેલેસમાં તમે જેને જુવો છો એ સવાસો કરોડ ભારતીયોનો 'સેવક' છે." મોદી એ સંદેશ આપવા માગે છે કે, પોતે એક 'અદના આદમી'માંથી લોકસેવા કરતાં કરતાં વડાપ્રધાનપદે પહોંચ્યા છે અને સામી બાજુ કોંગ્રેસની વંશવાદી, વારસાગત રાજનીતિ છે. રાહુલને 'શાહજાદા' તરીકે ટોણો મારવાની મોદીની રમૂજવૃત્તિના વધુ ઉદાહરણો આવતા દિવસોમાં જોવા મળશે.

મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી તેમણે 'વિકાસ' શબ્દને પોતાનો રાજકીય સફળતાનો મંત્ર બનાવ્યો છે. કર્ણાટકના ચૂંટણી પ્રચારમાં તેઓ બે ડગલાં આગળ વધ્યા છે. પ્રાદેશિક નેતાઓને 'ટેલી-કોન્ફરન્સ'ના માધ્યમથી સંબોધતાં તેમણે દેશને માત્ર વિકાસ નહીં, ઝડપી વિકાસ અને સર્વાંગી, સર્વગ્રાહી વિકાસની જરૂરત હોવાનો સૂર છેડ્યો હતો. લોકો તેમની પાસે વધુ અપેક્ષાઓ રાખે છે અને હવે લોકોની ધીરજ ખૂટતી જાય છે એવા અર્થના એક પ્રશ્નના જવાબમાં મોદીએ કહ્યું કે, "આવી 'બેસબરી' કે વ્યાકૂળતા ખરાબ નથી. જેની પાસે સાયકલ છે તે બાઈક ખરીદવા ઈચ્છે છે; બાઈક ધરાવનાર કાર ખરીદવા માગે છે. જે છે તેનાથી વધુની અપેક્ષા કુદરતી છે એટલે લોકો મોદી પાસે વધુ અપેક્ષા રાખે એ સ્વાભાવિક છે".

મોદીએ ત્રિપુરામાં લોકોની આવી અપેક્ષાવૃત્તિને ભાજપની સફળતામાં પલટી નાખ્યાના દ્રશ્યો આપણે હજુ થોડાં સમય પહેલાં જ નિહાળ્યાં છે. ત્રિપુરાની ડાબેરીઓની સરકાર રાજ્યનો વિકાસ રૂંધી રહ્યાનો જબરદસ્ત પ્રચાર ભાજપને ફળ્યો. "દેશ આખામાં સાતમું પગાર પંચ લાગુ થઈ રહ્યું છે ત્યારે ઈશાનમાં રાજ્ય સરકારના કર્મચારીઓને ચોથા પગાર પંચ મુજબ જ વેતન મળી રહ્યાં છે", મોદીનું આ સણસણતું વિધાન લોકોના હૃદય સોંસરવું ઉતરી ગયું!કર્ણાટકમાં મોદીએ આવી જ લાઈન પકડી છે. "કોંગ્રેસની સરકારે રાજ્યનો વિકાસ અટકાવી દીધો છે. ૨૦૧૪માં અમે સત્તા પર આવ્યા એ પછી કેન્દ્રની એનડીએ સરકારે કર્ણાટકને રાષ્ટ્રીય ધોરી માર્ગો બાંધવા માટે ૧૭ હજાર કરોડ રૂપિયા આપ્યા છતાં, રાજ્યની યુપીએ સરકાર એક હજાર કરોડના રસ્તા પણ બાંધી શકી નથી" એવા મોદીના પ્રચારનો કોંગ્રેસ કે યુપીએ પાસે કોઈ પ્રતીતિકર જવાબ નથી. 'આયુષ્માન ભારત' નામની આરોગ્ય વીમા યોજના, 'પ્રધાનમંત્રી પાક વીમા યોજના' અને 'સ્વચ્છ ભારત' યોજનાનો મોદી અને ભાજપના પ્રાદેશિક નેતાઓએ ધ્યાનાકર્ષક પ્રચાર ઉપાડ્યો છે.

કર્ણાટકની જાહેર સભાઓમાં, પોતે ઝેરીલા અને બદઈરાદાભર્યા પ્રચારનો શિકાર બની રહ્યા છે પરંતુ, વાસ્તવમાં તે પરિવર્તનના પ્રતિનિધિ છે એવી મોદીની વાત સ્વીકારનારા લોકોની સંખ્યા ઓછી નથી. રાહુલ વંશવાદી છે અને સત્તા પોતાની પાસે જ હોવી જોઈએ એવું વલણ ધરાવે છે એવી મોદીની વાતનું વજન પડે છે. મોદીએ ખરેખર તો, અહીંથી ૨૦૧૯ના ચૂંટણી પ્રચારનો પાયો નાખી દીધો છે! આગામી સમયમાં મોદી આ વાતો પર વધુ ભાર મૂકશે તેમ સમજાય છે.

તાજેતરના ભાષણોમાં મોદી જે મુદ્દા પકડી રહ્યા છે તેની સાથે જે મુદ્દા છોડી રહ્યા છે તેનું પણ મહત્વ સમજવા જેવું છે. નિરવ મોદી, દલિત આંદોલનો, રાફેલ વિમાન સોદા વગેરે અંગે વિરોધીઓના આકરાં પ્રહારો સામે મોદી બોલતા નથી. કથુઆ અને ઉન્નાવની બળાત્કારની ઘટનાઓ સામે દેશભરમાં જે વિરોધ-વંટોળ જગાવવામાં આવ્યો તેની સામે મોદીની પ્રતિક્રિયા સમજવા જેવી છે. એમણે આવા ગુનાઓને વખોડી કાઢ્યા અને તેને રાજકીય રંગ આપવાની બાબતનો વિરોધ કર્યો. "કોઈ બાળક પર બળાત્કાર ગુજારાય તેનાથી વધુ ખરાબ બીજું શું હોઈ શકે? અગાઉની સરકારોના વખતમાં થયેલા આવા ગુનાઓની આજે સરખામણી કરવાનો આ સમય છે શું?" મોદીની આ વાતમાં રહેલું વજૂદ સહુકોઈએ સ્વીકારવું જ રહ્યું.

મોદીની વાતોમાં ગમે તેટલો દમ હોય અને પોતાની સરકારની ગમે તેટલી સિધ્ધિઓ ગણાવે તેમ છતાં, આજે રાહુલ ગાંધી અને કોંગ્રેસ ખુબ જ જોરમાં, ઉત્સાહમાં છે તે હકીકત પણ નકારી શકાય તેમ નથી. રાહુલની ઘણી સાચી-ખોટી વાતો અને આક્ષેપો પ્રજાનું ધ્યાન તો ખેંચે જ છે. આ સંજોગોમાં, કર્ણાટકની ચૂંટણીઓ ૨૦૧૯ની લોકસભા ચૂંટણીઓ માટેનો 'એસીડ ટેસ્ટ' પુરવાર થશે – ભાજપ અને કોંગ્રેસ બંને માટે. —અસ્તુ.

**m-doshi @ hotmail.com**

## ૨૦૧૮ જે ડી પાવર ઈન્ડિયા સ્ટડી મુજબ એમઆરએફ કાર ટાયરને એવોર્ડ એનાયત




એમઆરએફ લિમિટેડ, ભારતની નો ૧ ટાયર ઉત્પાદક ટાયર-યુટિલિટી / કોમ્પેક્ટ એસયુવી વાહન ટાયર અને સેડાન / ૩ બૉક્સ કાર માટેના ટાયર્સના ત્રણ સેગમેન્ટમાં સૌથી વધુ સ્થાન ધરાવે છે.૨૦૧૮ જે ડી પાવર ઈન્ડિયા મૂળ સાધનો ટાયર ગ્રાહક સંતોષ અભ્યાસ એ સમગ્ર ભારતમાં ૩૬૦૦ થી વધુ નવા વાહન માલિકોના પ્રતિસાદો પર આધારિત છે, જેમણે ૨૦૧૫ અથવા ૨૦૧૬ મોડેલ-વાહનોનું વાહન ખરીદ્યું હતું. આ અભ્યાસ મે ૨૦૧૭ અને ઓગસ્ટ ૨૦૧૭ વચ્ચે યોજાયો હતો.અભ્યાસમાં વ્યક્તિગત ગ્રાહક સેગમેન્ટની જરૂરિયાતો અલગથી જોવા મળેલી આ પહેલી વાર છે, જોકે આ યુ.એસ. જેવા આધુનિક બજારોમાં ધોરણ છે.વૈશ્વિક પેસેન્જર વ્હીકલ મેન્યુફેક્ચરિંગ ઈન્ડસ્ટ્રીમાં ભારતનું કદ વધતું જાય છે (૨૦૧૭ માં ભારતનું વિશ્વનું ૪ મો સૌથી મોટું ઉત્પાદક ક્રમે હતું) - એવી સમાચાર છે કે વિશ્વભરમાં ટોચના ૧૫ માં સ્થાન પામનારી એક ભારતીય મલ્ટિનેશનલ ટાયર ઉત્પાદક એમઆરએફ ચાલુ છે. ખુશી ગ્રાહકો, ખરેખર ભારતીય ગ્રાહકો માટે મહત્વનું અને ગૌરવ છે.જેડી પાવર સ્ટડી, હવે ૧૮ મી સદીમાં, એમઆરએફ બ્રાન્ડની કાર / એસયુવી ટાયરને ક્રમાંકિત ગ્રાહક સંતોષમાં ઉચ્ચતમ સ્થાન આપ્યું છે. ભૂતકાળમાં, એમઆરએફને બાર વખત એકંદરે જેડી પાવર એવૉર્ડ એનાયત કરવામાં આવ્યો છે, મોટાભાગના કોઈપણ ટાયર કંપનીએ વૈશ્વિક મલ્ટિનેશનલઝ સહિતના ભારતમાં ક્યારેય કર્યું છે."યંગ ઈન્ડિયન ગ્રાહકની વિકસતી જરૂરિયાતોને સંતોષવી એ સંસ્થામાં તમામ એમઆરએફ ટીમના સભ્યોનું સૌથી મહત્ત્વનું કેન્દ્ર છે.

## રિટેઈલ/ એસએમઈ ક્ષેત્રને ધિરાણ યોજનાઓ પૂરી પાડવા માટે આધુનિક યુગની નાણાકીય સેવાઓની કંપની એસએમઈકોર્નર દ્વારા અમદાવાદ, સુરતઅને રાજકોટમાં શાખાઓ શરૂ કરવામાં આવી



અમદાવાદ

એસએમઈકોર્નરને નામે માલિકી ધરાવતી અને સંચાલન કરતી એનબીએફસી ડિજિક્રેડિટ ફાઈનાન્સ પ્રા. લિ. અ ગુજરાતમાં તેની શાખા શરૂકર્યાની જાહેરાત કરીછે. એસએમઈ કોર્નર ભારતીય એમએસ એમઈને સંરક્ષિત અને અસંરક્ષિત લોન્સને ઝડપી પહોંચ આપેછે અનેઋણદારોને ઓનલાઈન અને ઓફફલાઈન પ્રક્રિયાઓ પૂરી પાડેછે. ગુજરાતમા તેની શાખાઓ શરૂ રીને તે ગુજરાત રાજ્યમાં હજારો દુકાનો માટે ધિરાણ મેળવવાની અનિશ્ચિતતા દૂર કરવાની આશા રાખે છે.આજેએસએમઈકોર્નરરૂ. ૩૦ લાખ સુધીની અસંરક્ષિત લોન અને રૂ. ૧ કરોડ સુધી મિલકત સામે લોન આપે છે. તેનુંલગભગ ૫૦ ટકા લોનવિતરણ રૂ. ૫૦,૦૦૦થીરૂ. ૫ લાખનીશ્રેણીમાંછે. એસએમઈકોર્નરેહવેઅમદાવાદ, સુરત અને રાજકોટમાં વિસ્તરણ કર્યું છે, જે થકી વેપારીલોન માટે વિવિધ ઉદ્યોગોમાંથી નાનાવેપાર માલિકોને મુખ્યત્વે સેવા આપશે. ઈચ્છુક ઋણદારો ઓનલાઈન ફોર્મ ભરવાનું પસંદ કરી શકે અથવા સ્માર્ટફોન પર નાનું ફોર્મ ભરવામાં મદદરૂપ થવા માટે પ્રતિનિધિ ધરાવવાની પસંદગી પણ કરી શકેછે.

## બેંક ઓફ ઈન્ડિયા વધારે સિબિલ સ્કોર ધરાવતા ઉપભોક્તાઓને ઓછા વ્યાજદરે લોન ઓફર કરશે

મુંબઈ

બેંક ઓફ ઈન્ડિયા (બીઓઆઈ) રૂ. ૩૦ લાખ કે વધારેની હોમ લોન પર સિબિલનો ઊંચો સ્કોર ધરાવતા ઉપભોક્તાઓને પ્રેફરેન્શિયલ પ્રાઈઝિંગ ઓફર કરે છે. આ પહેલ અંતર્ગત બેંક ૭૬૦ અને તેનાથી વધારે સિબિલ સ્કોર ધરાવતા ઉપભોક્તાઓ માટે માર્જિનલ કોસ્ટ ઓફ ફંડ્સ બેઝ લેન્ડિંગ રેટ (એમસીએલઆર – ધિરાણ દર આધારિત ફંડનો આંશિક ખર્ચ) પર હોમ લોન ઓફર કરશે. એમસીએલઆર બેંકનાં લઘુતમ વ્યાજદર છે, જેનાથી ઓછા દર ધિરાણ ન કરી શકાય.ઉપભોક્તાઓને સિબિલ સ્કોર ક્રેડિટ ઈન્ફોર્મેશન રિપોર્ટ (સીઆઈઆર) છે, જે ૩ આંકડામાં હોય છે, જેમાં ઉપભોક્તાઓનો અગાઉ ધિરાણ લેવાની અને પુનઃચુકવણી કરવાનો રેકોર્ડ હોય છે તથા આ સ્કોર ૩૦૦થી ૯૦૦ વચ્ચેની રેન્જમાં હોય છે. જેમ સ્કોર વધારે તેમ લોન મંજૂર થવાની શક્યતા વધારે. મોટા ભાગની બેંકો લોનને મંજૂરી આપતાં અગાઉ ઉપભોક્તાનાં સિબિલ સ્કોર અને રિપોર્ટને ચકાસે છે. "બેંક ઓફ ઈન્ડિયાની સિબિલ સ્કોર આધારિત વ્યાજદર આધારિત ઈન્સેન્ટિવ ધિરાણની પુનઃચુકવણી કરવાની ટેવ વિકસાવી પોઝિટિવ ક્રેડિટ પ્રોફાઈલ ઊભી કરવા અને તેનાં પર નજર રાખવાની જરૂરિયાતને સૂચવે છે. અમે ગ્રાહકોને પોઝિટિવ ક્રેડિટ પ્રોફાઈલ ઊભી કરવા હંમેશા પ્રેરિત કરીએ છીએ અને બેંક ઓફ ઈન્ડિયાની આ પહેલ અમારાં આ મંત્રને અનુરૂપ છે. અમે ઉપભોક્તાઓને ઝડપી, સરળ અને સસ્તાં દરે ધિરાણ પ્રદાન કરવામાં મદદ કરીએ છીએ."

## એન્ડ પિક્ચર્સ પ્રસારિત કરે છે, થ્રિલિંગ ફિચર ફિલ્મ જેડીનું વર્લ્ડ ટેલિવિઝન પ્રિમિયર, શુક્રવાર ૧૧મી મે રાત્રે ૧૦ વાગ્યે




કહેવાય છે કે, પેન એ તલવારથી પણ વધુ ધારદાર હોય છે, જ્યારે તમારી પેનનો ઉપયોગ તમારા નસીબ લખવા માટે થાય ત્યારે શું થાય? શક્તિની સાથે જવાબદારી જ નથી આવતી પરંતુ દુશ્મની પણ આવે છે. એક સત્યઘટના પર આધારીત જેડી એ એક એડિટરની વાર્તા છે, જેના પર એક મહિલા પત્રકારને શારિરીક રીતે હેરાન કરવો આરોપ છે. આ મૂવીમાં પત્રકારના જીવનમાં નિયમિત ધોરણે આવતા પડકારોની સચ્ચાઈને સામે લાવવામાં આવી છે. શૈલેન્દ્ર પાંડે દ્વારા ડિરેક્ટ અને પ્રોડ્યુસ કરવામાં આવેલી આ મૂવીમાં લલિત બિશ્ત અને વેદિતા પ્રતાપ સિંઘ મુખ્ય પાત્રમાં સાથોસાથ અનુભવી કલાકાર અમન વર્મા અને ગોવિંદ નામદેવ પણ અગ્રણી ભૂમિકામાં છે. એન્ડપિક્ચર્સ, નયે ઈન્ડિયા કા બ્લોકબસ્ટર મૂવી ચેનલ, રજૂ કરશે આ ઊંડાણપૂર્વકનું નાટ્ય શુક્રવાર, ૧૧મી મે, ૨૦૧૮ના રોજ રાત્રે ૧૦ વાગ્યે. અમેરિકામાં પત્રકારત્વનો અભ્યાસ કર્યા બાદ, જય દ્વિવેદી ઉર્ફે જેડી (લલિત બિશ્ત) દિલ્હીમાં જઈને આ ઉદ્યોગમાં કંઈક મોટું કરવાના સપના સાથે લખનૌમાં એક નાનકડું પબ્લિકેશન ચાલુ કરે છે. તેની નોકરીના પ્રથમ દિવસે જ તે તેની વાર્તા બાયલાઈન પબ્લિશ કરવામાં સફળ થાય છે અને આ તેના પ્રવાસની શરૂઆત છે. તે તુરંત જ સફળતાના શિખર ચડી જાય છે અને તેના રાજકારણી કાકા દિવાકર વર્મા (ગોવિંદ નામદેવ)ના નાણાકીય સહકાર તે દિલ્હીમાં તેનું પોતાનું એક સામાયિક જેનું નામ જેડી છે, તે ચાલુ કરે છે. તેની એડિટર નૂર (વેદિતા પ્રતાપ સિંઘ) આ સામાયિકનું સમગ્ર સંચાલન કરે છે અને જય પર પણ કાબુ કરે છે. ધીમેધીમે જેડી પર તેની એક મહિલા પત્રકારની સાથે અસભ્ય વર્તનનો આરોપ લાગે છે અને તેનો વકીલ (અમન વર્મા) તેને મુક્ત કરવાની લડાઈ લડે છે.શું જેડી નિર્દોષ સાબિત થશે કે પછી તેનું જીવન જેલમાં વિતાવવા માટે તેના પર દબાણ આવશે?

## કલર્સના તુ આશિકીમાં રાકેશ બાપટ પોતાનો અભિનય દર્શાવશે



કલર્સની લોકપ્રિય ડ્રામા સીરિઝ, તુ આશિકી આવનારી સ્ટોરીલાઈનમાં નવી એન્ટ્રી જોશે. લોકપ્રિય ટેલિવિઝન અભિનેતા, રાકેશ બાપટને રેયાંશ દિવાનની ભૂમિકા ભજવવા ઉતારવામાં આવી રહેલ છેરેયાંશ દીવાન તરીકે રાકેશ બાપટ શોમાં પ્રવેશ કરશે, જે એક ઉદ્યમી અને સંગીત રસિયો છે. તે લંડનમાં ક્લબ્સની આખી હરોળ ધરાવે છે. તે સકારાત્મક પાત્ર છે પુષ્કળ કરિશ્મા અને ઉત્સાહપૂર્ણ. તે ઉષ્માપૂર્ણ છે, છતાં પણ સાચો વ્યવસાયી અને શુદ્ધ વેપારી છે. કહાણીના આગળ વધવાની સાથે, રાકેશનું પાત્ર આહાન (રિત્વિક અરોડા) અને પંક્તિ (જન્નત ઝુબેર)ના જીવનમાં નવા વળાંકો અને ઘુમાવો લઈને આવશે. "મેં આ શોને ધ્યાનમાં લીધો તેનું કારણ છે 'ભૂમિકા'. આના ભ્રમકારક, મિષ્ટ અને આશ્ચર્યથી ભરપૂર અને આશ્ચર્યો હંમેશા ઉત્તેજનાત્મક રહ્યાં છે. મારા માટે આ ભૂમિકા પ્રથમછે અને મને આશા છે કે હું આ નવા શેડ વડે દર્શકોનું મનોરંજન કરી શકીશ. કલર્સ અને નિર્માતા ગુરુદેવ ભલ્લા સાથે કામ કરવા આતુર છું. એ પણ કે ભેગા મળી હું સરસ સકારાત્મક રચનાત્મક મુસાફરીની આશા સેવું છું." વધુ જાણવા માટે, તુ આશિકી સાથે જોડયેલા રહો દર સોમવાર થી શુક્રવાર સાંજે ૭.૦૦ કલાકે ફક્ત કલર્સ પર.

## "છેલ્લો દિવસ" અને કરસનદાસ પે એન્ડ યુઝ" ના નિર્માતાની નવી ફિલ્મ "વાંઢા વિલાસ"


ફોટો : શાંતી શાહ

છેલ્લો દિવસ-કરસનદાસ પે એન્ડ યુઝ ના નિર્માતા બેલવેડર ફિલ્મ અને સુદર્શન એન્ટરટેઈનમેન્ટનાં નિર્માતાઓ દ્વારા ત્રીજી ફિલ્મ 'વાંઢા વિલાસ" રજુ થવા જઈ રહી છે. અલગ અલગ વિષયો લઈ રજુ કરવામાં માસ્ટરી ધરાવતા ડિરેક્ટર ચિન્મય પરમારની ધમાલ કોમેડી ફિલ્મ એટલે "વાંઢા વિલાસ"વાંઢા વિલાસની કથા કંઈક આવી છે. એક શ્રાપિત કુટુંબ છે જેને કુટુંબના જ કોઈ પૂર્વેજે શ્રાપ આપ્યો છે કે જાવ આ કુટુંબના દરેકનાં બે-બે વાર લગ્ન થશે. આ શ્રાપને કારણે એક સમયે એવો આવે છે કે એક જ ઘરમાં પિતા-પુત્ર અને પૌત્ર ત્રણેય વાંઢા જોવા મળે છે. એમાં સ્ત્રીપાત્રનો પ્રવેશ થાય છે આ પાત્રને મેળવવા કોણ સફળ થાય છે ? પિતા-પુત્ર કે પૌત્ર ? આવા મજેદાર વિષય વસ્તુ ધરાવતી ફિલ્મ પડદે જોવી રહી.

"વાંઢા વિલાસ" નાં નિર્માતા આયુષ મહેતા અને વૈશલ શાહ છે. પટકથા-સંવાદ કૃષ્ણ દેવ યાજ્ઞિકનાં છે. એષા કંસારા, રાહુલ રાવલ, પ્રાપ્તી અજવાળીયા, વૈશાખ રતનબેન અને હરેશ ડાઘીયા જેવા કલાકારોને ડિરેકશન ચિન્મય પરમારનું મળ્યું છે. ફિલ્મમાં એક ગીતને બોલીવુડના ગાયક નકાશ અજીજનો સ્વર મળ્યો છે. સંગીત ભાર્ગવ-કેદારનું છે. કોરીયોગ્રાફી કૃણાલ સોની જ્યારે છબીકલા સાઉથના જાણીતા કેમેરામેન બીભુદાસની છે. "વાંઢા વિલાસ" ટુંક સમયમાં રજુ થવા જઈ રહી છે.

# સુવાક્યો

ક્યારેક તો આપણને એવા લોકો પાસેથી પણ જ્ઞાન મળે છે જેને આપણે અભિમાનવશ અજ્ઞાની સમજીએ છીએ.
લેવામાં નહીં પરંતુ ત્યાગ કરવામાં જ સર્વસુખ સમાયેલું છે.
શ્રધ્ધા અને ધીરજ એ ગુણોની ખાણ છે, જે કઠીન પરિસ્થિતિઓનો સામનો કરવાની શક્તિ આપી સફળતા અપાવે છે.
ત્યાગથી સાચી શાંતિ મળે છે.
પર્વતોને ઉખેડી ફેંકવામાં કદાચ હાથીનો દાંત તૂટી જાય, તો પણ તે પ્રશંસા કરવા યોગ્ય છે.
'ભક્તિ' આ લોક અને પરલોક બન્ને લોકના બાદશાહ તમને બનાવી દેશે.
રાજાને તેના પ્રજાના પાપના ફળ ભોગવવા પડે છે.
ભરપુર ઘડો ક્યારેય અવાજ નથી કરતો, અધુરો ઘડો જ અવાજ કરે છે.
ઈશ્વરકૃપાથી જે મળે તેમાં આનંદ પામનાર માટે અહિંજ સ્વર્ગ છે.
સંસાર ક્ષણિક છે તો સંસારસુખ ક્યાંથી સ્થાયી હોય ?

**આરાધના** | **નાથાલાલ બ્રહ્મક્ષત્રીય**

## ૐ (ઓ રૂમ) જે ઓંકાર શબ્દ છે

ૐ (ઓ રૂમ) જે આ ઓં-કાર શબ્દ છે. તે પરમેશ્વરનું સર્વોત્તમ નામ છે. 'અથ સત્યાર્થ પ્રકાશ' નામના ગ્રંથમાં સ્વામી દયાનંદ સરસ્વતીએ ૐ કારના શબ્દને વિસ્તૃત રીતે સમજાવીને સાધકને એક માત્ર પરમાત્મામાં દ્રઢ પ્રીતી રાખવાનું સુચવ્યું છે.

ૐ રૂમ શબ્દમાં અ,ઉ અને મ એ ત્રણ અક્ષર છે. તે મળીને ૐરૂમ શબ્દ સમુહ બન્યો છે. આ એક જ શબ્દ દ્વારા પરમેશ્વરનાં ઘણાં નામ આવે છે. જેમ કે અ કારથી વિરાટ, અગ્નિ અને વિશ્વાદિ, ૐ કારથી હીરણ્ય ગર્ભ, વાયુ અને તેજસ આદિ, મ્ કારથી ઈશ્વર, આદિત્ય અને પ્રજ્ઞાદિ નામોના વાચક અને બોધ આપનારા છે. વેદ આદિ સત્ય શાસ્ત્રોમાં સ્પષ્ટ વ્યાખ્યા આપતાં આ બધાં નામ પરમેશ્વરનાં છે.

કાળાંતરે આ શાસ્ત્રોકત નામો પરમેશ્વરનાં ભુલાતાં ગયાં અને દેવ દેવીઓ રૂપે અનેક નામો પ્રસિદ્ધ થયાં. જે અર્થછાયા પ્રમાણે વિવિધ ધર્મ, સંપ્રદાયોમાં પરિવર્તીત થતાં રહ્યાં અને વિશ્વની એકતા અને અખંડીતતામાં બાધક બનતાં રહ્યાં છે. સમગ્ર માનવ સમાજ 'વસુધૈવ કુટુંબકમ્' ના સૂત્રથી બંધાયેલા રહે તે માટે આપણા વેદકાલીન ઋષિઓએ ગહન અધ્યયન કરીને જે સૂત્રો આપ્યા હતા તેને છોડીને નવાં નવાં સૂત્રો સાથે તાલ મેળવવા મથતા આપણે અનેક ફોટાઓમાં વહેંચાઈ ગયા છીએ સાથે સાથે એકબીજાના વિચારો પ્રત્યે વૈમનસ્ય રાખતા થઈ ગયા છીએ.

સ્વામી દયાનંદ સરસ્વતી ભારતીય સંસ્કૃતિના ચિંતક સમાજ ઉદ્ધારક તરીકે જે ગ્રંથો રચ્યા છે તેમાં 'સત્યાર્થ' પ્રકાશ નામના ગ્રંથ દ્વારા તેમણે આપણને એક માત્ર પરમાત્મ તત્વને ઓળખીને તેની આરાધના કરવાનું આહ્વાન કર્યું છે. તેમણે અર્થ સત્યાર્થ પ્રકાશ નામના ગ્રંથમાં કહ્યુંછે.આપણને તૈયાર ભાણું પીરસીને આપણા દીર્ઘદ્રષ્ટા ઋષિઓએ જમવાનું આમંત્રણ આપ્યું છે અને આપણે તે ભાણું છોડીને જે આપણે જોયું નથી તેવા ભોજન તરફ દોડ મુકી રહ્યા છીએ તે વ્યાજબી નથી.

તેમના મત મુજબ ઓરૂમ આદિ નામ સાર્થક છે. જેમ કે : રક્ષા કરતા રહેતા હોવાથી પરમેશ્વરનું નામ ઓરૂમ છે. આકાશવત્ વ્યાપક હોવાથી ખમ અને સર્વથી મોટા હોવાથી બ્રહ્મ એવાં નામ ઈશ્વરનાં છે. ઓરૂમ જેનું નામ છે અને જે કદી નષ્ટ નથી થતો તેથી તેવા પરમેશ્વરની ઉપાસના કરવી યોગ્ય છે. સર્વવેદાદિ શાસ્ત્રોમાં પરમેશ્વરનું પ્રધાન અને નીજ નામ ઓરૂમ કહ્યું છે. અન્ય સર્વ ગૌણ નામ છે. કેમ કે સર્વ વેદ, સર્વ ધર્માનુષ્ઠાન રૂપ તપશ્ચરણ .અનુસંધાન પાના નં.૬ ઉપર

## શમો દમસ્તપઃ શૌચં ક્ષાન્તિરાર્જવમેવ ચ । જ્ઞાનં વિજ્ઞાનમાસ્તિકયં બ્રહ્મકર્મ સ્વભાવજમ્ ॥

ગીતાકાર ફરી એકવાર પ્રકૃતિની બલવત્તા અને કર્મોની સ્વાભાવિકતા દર્શાવે છે. ચાતુર્વણ્ય વ્યવસ્થા અને ચાતુર્વર્ણ્યના ધર્મોનું પણ ગુણભેદે કેવી રીતે ભિન્નત્વ સંભવે છે તે દર્શાવી ગીતાકાર ગીતાના પ્રધાન તાત્પર્યનો તંતુ સાથે તેનું અનુસંધાન સાધે છે. કર્મોના મુળમાં એક એવો સ્વભાવ છે જેનાથી આ કર્મોની પ્રવૃત્તિ થાય છે. સૌ પ્રથમ બ્રાહ્મણના સ્વાભાવિક કર્મો બતાવતાં ભગવાન કહે છે કે :

**શમો દમસ્તપઃ શૌચં ક્ષાન્તિરાર્જવમેવ ચ ।**
**જ્ઞાનં વિજ્ઞાનમાસ્તિકયં બ્રહ્મકર્મ સ્વભાવજમ્ ॥૧૮-૪૨ ॥**

ચિત્તની શાંતિ-અંતઃકરણનો નિગ્રહ શાંતિપ્રીયતા રામ)ઈન્દ્રીય સંયમ-ઈન્દ્રીયોનું દમન-આત્મસંયમ (દમઃ) તપ (તપઃ) પવિત્રતા (શૌચમ્) ક્ષમા-સહિષ્ણુતા (ક્ષાન્તિ)સરળતા-પ્રામાણિકતા-ઋજુ સ્વભાવ (આર્જવમ્)શાસ્ત્ર વિષયક જ્ઞાન (જ્ઞાનમ્) પરમાત્મ તત્વનો અનુભવ (વિજ્ઞાનમ્) તેમજ (એવચ) આસ્તિકતા-ધાર્મિકતા (અસ્તિકયમ્) એ બ્રાહ્મણોના (બ્રહ્મ) સ્વભાવથી ઉત્પન્ન (સ્વભાવજમ્) કર્તવ્ય-કર્મ છે. (કર્મઃ)'આ શ્લોકમાં બ્રાહ્મણનાં નવ સ્વાભાવિક કર્મો બતાવ્યાં છે. મનનો નિગ્રહ, ઈન્દ્રીયોનું દમન, તપ, પવિત્રતા, ક્ષમા, સરળતા, જ્ઞાન, વિજ્ઞાન અને આસ્તિકતા એ બ્રાહ્મણનાં સ્વભાજન્ય કર્મો છે. ગીતાકાર સમાજના ચાર વર્ણોની વાત કરીને સ્વયંમ આચરણ પર ભાર મુકે છે. બ્રાહ્મણ એ સંસ્કૃતિનો પ્રેરક છે. 'શમઃ' એટલે અંતઃકરણનો નિગ્રહ' મનને જયાં લગાવવાનું હોય ત્યાં લગાવવું અને જ્યાંથી હટાવવાનું હોય ત્યાંથી હટાવવું આ પ્રકારના મનના નિગ્રહને 'શમ' કહે છે. જેનો અર્થ ચિત્ત (અંતઃકરણ)ની શાંતિ કે શાંતિપ્રિયતા પણ થાય છે. જેની અંદર કોઈ ઉત્તેજનાની વિક્ષિપ્તતા હોતી નથી પરંતુ ગહન શાંતિની અવસ્થા આવી જાય છે.

'દમઃ' એટલે ઈન્દ્રીયોનો નિગ્રહ-ઈન્દ્રીયોનું દમન' અર્થાત વિહિત ભોગોનું નિયમન. જે ઈન્દ્રીયથી જે કામ કરવાનું હોય તે કરી લેવું અને ઈન્દ્રીયને જ્યાંથી હટાવવાની થાય ત્યાંથી હટાવવી આ પ્રકારે ઈન્દ્રીયોને વશ કરવી એ દમ છે. જેનો અર્થ 'આત્મસંયમ' પણ થાય છે.'તપઃ' એટલે ધર્મનું પાલન કરતાં જે કષ્ટ પડે તેને પ્રસન્નતાપૂર્વક સહન કરવું, અધ્યાય ૧૭ ના શ્લોક ૧૪ થી ૧૬ માં જે ત્રણ પ્રકારનાં કાયિક, વાચિક અને માનસિક તપ બતાવ્યાં તે પ્રમાણેનું આચરણ બ્રાહ્મણનું સ્વાભાવિક કર્મ છે. 'શૌચમ્' એટલે 'બાહ્ય અને અંદરની શુદ્ધિ, પવિત્રતા, 'ખાન-પાન, વ્યવહાર, આચરણ વગેરેની પવિત્રતા એ બહારની શુદ્ધિ કહેવાય. જ્યારે મન, બુધ્ધિ, ઈન્દ્રીયો, શરીર વગેરેને પવિત્ર રાખી રાગ-દ્વેષ, કપટ વગેરે વિકારોને દુર કરી અંતઃકરણની શુદ્ધિ એ અંદરની શુદ્ધિ છે.

'ક્ષાન્તિ' એટલે ક્ષમાભાવ કોઈ વ્યક્તિ અપમાન, નિંદા, કષ્ટ આપે તો પણ તેને દંડ ન કરતાં માગ્યા વગર જ પ્રસન્નતાપુર્વક ક્ષમા આપવી એનું નામ 'ક્ષાન્તિ' છે. 'આર્જવમ્' એટલે અંતઃકરણની ઋજુતા, અકુટીલતા, સરળતા હોય અને મનમાં છળ, કપટ વગેરે દુર્ભાવ ન હોય તેનું નામ 'આર્જવ' છે. 'જ્ઞાનમ્' એટલે 'શાસ્ત્ર વિષયક જ્ઞાન' અર્થાત વેદ-વેદાંગ, શાસ્ત્ર પુરાણ, ઈતિહાસ વગેરેનું સારી રીતે અધ્યયન તેમજ કર્તવ્ય-અકર્તવ્યનો બોધ હોવો એ 'જ્ઞાન' છે. ચાર શક્તિમાંની આ નોલેજ પાવર પ્રથમ શક્તિ છે.વિજ્ઞાનમ્ એટલે પરમાત્મ તત્વનો અનુભવ કે કર્મકાંડના સંબંધમાં વિજ્ઞાન. કર્મકાંડના સંબંધમાં યજ્ઞ વગેરે કર્મોમાં કુશળતા અર્થાત યજ્ઞવિધિ તેમજ અનુષ્ઠાન વગેરે વિધિનો અનુભવ તેમજ જ્ઞાનકાંડના સંબંધમાં બ્રહ્મ તેમજ આત્માની એકતાનો અનુભવ એ 'વિજ્ઞાન' છે. આસ્તિકયમ્ એટલે ઈશ્વરમાં શ્રદ્ધા, સાત્વિકી શ્રદ્ધા, અર્થાત પરમાત્મા, વેદાદિશાસ્ત્ર, પરલોક વગેરેમાં આસ્થા શ્રદ્ધા હોય એની સત્યતામાં કયારેય પણ સંદેહ ન હોય અને તે અનુસાર પોતાનું આચરણ હોય તેનું નામ 'આસ્તિકય' છે. બ્રાહ્મણમાં સત્વગુણની પ્રધાનતા હોવાથી એનામાં શમ, દમ, તપ વગેરે કર્મ (ગુણ) સ્વાભાવિક છે અને જીવિકાનાં કર્મ ગૌણ થઈ જાય છે. માત્ર ઉચ્ચકુળમાં જન્મ લેવાથી બ્રાહ્મણ બનાતું નથી. 'ધમ્મપદ' માં કહ્યું છે કે, 'જેનામાં સત્ય અને ધર્મ છે તે બ્રાહ્મણ છે.'

**અધ્યાત્મ** | **૬૦૯** | **પ્રિ.ડૉ.હેમરાજભાઈ આર.પટેલ**

**જીવન દર્શન** | **ભગવાનદાસ બંધુ**

## સરળતા, સૌમ્યતા, સજ્જનતા, સાલસતા જેવા સદ્દગુણો થકી સેવાકાર્યો કરતા ભારત વિકાસ પરિષદ ડીસાના પ્રમુખ પારસભાઈ ત્રિવેદી



દંભ, આડંબર, ઈર્ષા, નફરત કે દુશ્મનાવટ જેવા દુર્ગુણોથી જોજનો દુર રહીને કામ કરતા માણસો પોતાની શક્તિનો ખુબ જ સારી રીતે સદઉપયોગ કરી શકે છે. સદાય હસમુખા, કર્મઠ, સરળ, સૌમ્ય, સજ્જનતા પૂર્ણ,સાલસ અને ધીરગંભીર એવા ભારત વિકાસ પરિષદ ડીસાના પ્રમુખ પારસભાઈ ત્રિવેદી સાચા અર્થમાં જમીન ઉપર ચાલવાવાળા માણસ છે. પિતા મનસુખલલાલ મોતીભાઈ ત્રિવેદી અને માતા શ્રીમતી લાસીબેનના પરિવારમાં તા.૨૫-૭-૧૯૬૩ ના રોજ ધાનેરા તાલુકાના નેનાવા ખાતે જન્મેલા પારસભાઈએ પ્રાથમિક શિક્ષણ ધાનેરામાં જ લીધું અને ત્યારબાદ માધ્યમિક શિક્ષણ જુનાડીસા અને ડીસા ખાતે પુર્ણ કર્યું. હાલના ભારત વિકાસ પરિષદના સદાબહાર યુવા વડીલ નાથાભાઈ ખત્રી શિક્ષણકાળના તેમના ગુરૂ રહી ચુકેલ છે. ડીસા નાગરિક બેંકમાં ૨૫ વર્ષ સુધી કેશીયર તરીકે સેવા આપનાર પારસભાઈ ત્રિવેદી હાલે ટેક્ષ પ્રેકટીસ કરી રહેલા છે અને અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા છે.ધો.૧૧ માં ડીસા આદર્શ હાઈસ્કૂલમાં અભ્યાસ દરમ્યાન પરમ આદરણીય અને સૌના પ્રિય એવા મેઘાણી સાહેબના સાનિધ્યને લીધે પારસભાઈ આર.એસ.એસ.ના વિચારોથી રંગાયા. ૧૯૮૩ માં ધો.૧૨ ના વેકેશનમાં વલ્લભવિદ્યાનગર ખાતે એક મહીનાના સંઘ શિક્ષા વર્ગ-૧ માં જોડાયા. એ વખતે એમની સાથે ડીસાના બીજા ત્રણ મિત્રો દિલીપભાઈ બચુભાઈ ઠક્કર (હાલ વકીલ), મુકેશભાઈ હેમચંદભાઈ પંચાલ અને રાજુભાઈ જોષી પણ જોડાયા હતા. આનંદ અને ગૌરવની વાત એ છે કે આ શિક્ષણ વર્ગમાં રોજ એક કલાક હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પણ બૌધ્ધિક આપતા હતા. આ બધા જ મિત્રોને રોજેરોજ નરેન્દ્રભાઈને મળવાનું થતું હતું. જે તે વખતે નરેન્દ્રભાઈ પણ સંઘના એક પ્રચારક જ હતા અને પાછળથી ભાજપમાં આવતાં તેઓ રાજકારણમાં સક્રીય બની હાલના ઉચ્ચસ્થાને પહોંચ્યા છે.

હાલમાં પારસભાઈ ત્રિવેદી આર.એસ.એસ. માં ડીસા નગરની વસ્તી પ્રમુખની જવાબદારી નિભાવી રહેલ છે. આદર્શ હાઈસ્કૂલના વાલીમંડળમાં પણ તેમણે ઉપપ્રમુખ, મંત્રી, ખજાનચી જેવી મહત્વની જવાબદારીઓ નિભાવીને ૧૦ વર્ષ સુધી ઉત્તમ સેવા આપી બાળકોનું સારૂં ઘડતર થાય તે માટે ધ્યાન રાખેલ છે. ૧૯૮૫ માં ગીતાબેન સાથે લગ્નગ્રંથિથી જોડાયા પછી તેઓ ડીસા રહેવા આવેલ અને નાનુભાઈ શાહ જ્યારે ડીસા નાગરિક બેંકના ચેરમેન હતા ત્યારે પારસભાઈ આ બેંકમાં જોડાયા હતા.

મુળભુત રીતે સેવાનો જીવ હોવાને લીધે પારસભાઈ વર્ષ ૨૦૦૦ માં ભારત વિકાસ પરિષદમાં જોડાયા. એ સમયે ડૉ.અજયભાઈ જોશી, ડૉ.જગદીશ ભાઈ ઠક્કર, પરેશભાઈ જીવરાણી જેવા સહૃદયી સેવાભાવી મિત્રો અને માર્ગદર્શક મળતાં ભારત વિકાસ પરિષદમાં તેમને નાની મોટી હોદ્દાકીય જવાબદારીઓ પણ સોંપાઈ. ૪ વર્ષ સુધી તેમણે ભારત વિકાસ પરિષદના મંત્રી તરીકે સેવા આપી જેમાં ડૉ. સુનીલભાઈ આચાર્ય,ડૉ.કિશોરભાઈ ગોહીલ, ડૉ.મનોજભાઈ અમીન જેવા મિત્રો સાથે કામ કરવાનો મોકો મળ્યો. તેમની કર્મઠતા, નિષ્ઠા અને સેવાને ધ્યાને લઈને ઉત્તર ગુજરાત પ્રાંતમાં પણ કારોબારીમાં સ્થાન મળ્યું. ભારત વિકાસ પરિષદ રાષ્ટ્ર લેવલે કામ કરતી સમર્પિત સંસ્થા છે. વિચાર નિર્માણ અને વ્યક્તિ નિર્માણ થકી રાષ્ટ્ર નિર્માણનું કાર્ય ખુબ જ સારી રીતે થાય તે માટે સંપર્ક, સહયોગ, સંસ્કાર, સેવા, સમર્પણના હેતુઓને ધ્યાનમાં રાખી ભારત વિકાસ પરિષદ કાર્યરત છે.

તાજેતરમાં તા.૨-૫-૨૦૧૮ ને બુધવારે વર્ષ ૨૦૧૮-૧૯ ના પ્રમુખ તરીકે પારસભાઈ ત્રિવેદીની નિમણુંક થઈ ત્યારે પૂજ્ય નિજાનંદજી બાપુ પણ ખાસ આશીર્વાદ આપવા પધાર્યા હતા. નાથાભાઈ ખત્રી અને જયેશભાઈ દેસાઈ જેવા મિત્રોના આગ્રહને લીધે મારે, કનુભાઈ આચાર્ય અને જયંતિભાઈ ઓઢાવાળાને પણ આ કાર્યક્રમમાં હાજર રહેવાનું બનેલ. આ કાર્યક્રમમાં પારસભાઈ ત્રિવેદીને પ્રમુખ અને જયેશભાઈ દેસાઈને મંત્રી તરીકે ઘોષીત કર્યા બાદ બંનેનું રજવાડી સાફો પહેરાવી સન્માન કરવામાં આવેલ એ દ્રશ્ય ખુબ જ સરસ લાગતું હતું. પૂજ્ય જલારામ બાપામાં અખંડ, અતૂટ અને અવિરત શ્રધ્ધા ધરાવતા પારસભાઈએ બ્રહ્મ સમાજ ડીસામાં પણ સામાજીક ક્ષેત્રે ૩ વર્ષ સુધી મંત્રી તરીકે સેવા આપી છે અને છેલ્લા ૩ વર્ષથી સરગમ બંગ્લોઝમાં તેઓ પ્રમુખ તરીકેની સફળ જવાબદારી નિભાવી રહેલ છે. તેમને અભિનંદન આપવા તેમનો મો.નં.૯૯૯૮૧૬૨૬૪૫ છે.

તેમનાં તમામ સત્કાર્યોમાં તેમનાં ધર્મપત્ની ગીતાબેન, પુત્રો હિરેન (ટેક્ષ એડવોકેટ)મિહિર, પુત્રી રિદ્ધિબેન સહિત સમગ્ર પરિવારનો ખુબ જ સહકાર છે. દિનેશભાઈ પુરોહિત અને ચંદુભાઈ એટીડી જેવા મિત્રોને લઈને યંગ બોયઝ ગ્રુપ સાથે બે વર્ષ માટે પાણીની પરબ ચલાવવામાં પણ તેમનો સહયોગ રહ્યો છે. સ્વામી સચ્ચિદાનંદજી દંતાલીવાળા, બી.એ.પી.એસ. સ્વામી નારાયણ સંસ્થાન, સ્વામી વિવેકાનંદ વિગેરેનાં પુસ્તકો તેમણે ખુબ જ વાંચ્યાં છે. ભારતનાં ચારધામ, નેપાળ ઉપરાંત ગુજરાતમાં તમામ યાત્રાસ્થળો તેમણે જોયાં છે પરંતુ દક્ષિણ ભારતનું રામેશ્વર તેમને ખુબ જ ગમ્યું છે. કથાશ્રવણ અને પુસ્તકવાંચન તેમના અગત્યના શોખ છે. ગાયોને ઘાસ, કુતરાંને રોટલા, પક્ષીઓને ચણ અને જરૂરીયાતમંદ ગરીબોને મદદ મળી રહે તે માટે તેઓ સતત પ્રયત્નશીલ હોય છે. એકદમ નિષ્કપટ, નિખાલસ, નિર્દોષ અને નિઃસ્વાર્થ વ્યક્તિત્વ ધરાવતા પારસભાઈ પ્રમુખ બન્યા એ એમના નસીબની સાથે સાથે ભારત વિકાસ પરિષદનું પણ સદનસીબ કહેવાય. તેમની સાથે ખુબ જ કર્મઠ મંત્રી જયેશભાઈ દેસાઈ અને તેમના જેવા જ હસમુખા અને સરળ વ્યક્તિત્વના માલિક મહેશભાઈ જોશી પણ ખજાનચી તરીકે છે જેથી ૨૦૧૮-૧૯ ની સમગ્ર ટીમ ભારત વિકાસ પરિષદ થકી ડીસા નગર અને ભારત રાષ્ટ્રની ખુબ જ સર્વોત્તમ સેવા કરશે તેમ કહેવામાં અતિશયોક્તિ નથી. સમાજસેવા, રાષ્ટ્રસેવા, ધર્મસેવા અને નગરસેવા થકી ભારત વિકાસ પરિષદ જેવી રાષ્ટ્રપ્રેમી અને રાષ્ટ્ર સમર્પિત સંસ્થાના માધ્યમથી પારસભાઈ ત્રિવેદી ઉત્તરોત્તર નિરંતર પ્રગતિ કરે તેવી હાર્દિક શુભકામનાઓ સાથે તેમનાં સત્કાર્યોને અને પારસભાઈ ત્રિવેદીના સમર્પિત તેમજ નિખાલસ વ્યક્તિત્વને ખુબ ખુબ ખુબ અભિનંદન. **ભગવાનદાસ બંધુ મો. ૯૮૨૫૬ ૩૮૬૪૩**

## જીવનમાં ઝંઝા ઉઠે, ઉઠે તીવ્ર તોફાન ! શરણ ગ્રહણ કર ધર્મનું, ધર્મ અતિ બળવાન !!

**ચિંતન** | **યશપાલસીહ ટી.વાઘેલા**

તમે બુધ્ધિના બારણાં ખોલો, ગગાજી માવડીયા.. ગુજરાતી ફિલ્મના કોમેડીયન નાયક નાયીકા પર કંડારાયેલી આ ગીત આજે ભારતીય લોકશાહીમાં નાયીકાના રૂપમાં પ્રજાને નાયકના રૂપે નેતા છે ને પ્રજા આ ગીત ગાઈ રહી છે. જ્યારે મોંઘવારી, ભ્રષ્ટાચાર, ભેળસેળ, કાળાબજાર, ચલણીનાણાંની ન જોઈ એવી બનાવટી અછતથી ત્રાહીમામ બની કહેવાતા લોકસેવકોને સંબોધીને કહી રહી છે કે હવે બુધ્ધિના બારણાં ખોલો લુંટણખોર ભવાડીયા.. દર અઠવાડીયે બીજા દિવસે એક નવો મુદો શોધી લાવી પ્રજાને ગેરમાર્ગે દોરી રહેલા આ ભવાડીયાઓ પ્રજા-વિસ્તારની સાચી મુશ્કેલી જાણવા, ઉકેલવામાં તો સાવ નિષ્ફળ ગયા છે ને છતાં ચૂંટણી ટાણે આવા દલા તલવાડીઓ સરળતાથી ચૂંટાઈ પણ જાય છે ને પ્રજા બુમાબુમ કરતી રહે છે. આ લોકશાહી ? કાળઝાળ ગરમી, પીવાના પાણીનો કકળાટ કોને અસર કરે ? હમણાં વ્યકિતગત જાહેર શૌચાલય જેવી જ એક યોજના ઝડપથી અમલમાં આવી. જળસંચય અભિયાન નામ બહુ સરસ, ઉદ્દેશની રીતે જોવા જઈએ તો બધા જ આ યોજનાના નામથી વખાણ કરે પણ વાસ્તવિક સ્થિતિ શું થશે ? આ યોજનાની સફળતા માટે જે નાણાં ફાળવવામાં આવ્યાં તે કયાંને કોના લાભાર્થે વપરાશે જેવી કોઈ જ તપાસ બપાસ થશે નહીં, સરકારી તિજોરીને પ્રજા પર ભારણ વધશે ને બધું ઠલવાશે. ભ્રષ્ટ લોકસેવકો, અધિકારીઓ, કોન્ટ્રાકટરો, ચમચાઓની તિજોરીમાં જ કોઈ બોલી ન શકે. યોજનાઓ, ઉદ્દેશ પ્રજા વિસ્તારલક્ષી અમલ ફકત કાગળ પર જ જાહેરમાં શૌચક્રિયા મુકત ગ્રામ, નગરો, મહાનગરો કેવાં બન્યાં જ તેની સાચી માહિતી પ્રજાને વિસ્તાર સિવાય બિચારૂં કોઈ જાણતું નથી. કરોડપતિઓને કોઈને કોઈ નામે શૌચાલય બનાવવાના કોન્ટ્રાકટરો રાખ્યાને છેવટે આ તો બુધ્ધિશાળીમાંય મહા બુધ્ધિશાળી વર્ગ એટલે લુંટણખોરીમાં બાકીનું શું રાખે ? જળસંચય અભિયાન જો સાચા સ્વરૂપે અમલમાં આવે તો ભવિષ્યમાં ઉભા થનાર જળસંકટનો બહુ સરળતાથી સામનો કરી શકાય પણ ભુતકાળમાં ચેકડેમો, તળાવો પાછળ કરોડો રૂપિયા કેવી રીતે ખર્ચાયા તે ગુજરાત-રાજસ્થાનની પ્રજા બહુ સારી રીતે જાણે છે ને આ જળસંચય અભિયાન પણ તેનું બીજા નામકરણ સાથેનું રૂપાળું સ્વરૂપ લુંટણખોરીનું નાટક જ આવા અભિયાનોમાં બહુ સેવાભાવી લોકો જ જોડાય તેવી હવા ઉભી કરવામાં આવે એટલે કોઈબોલે શું ? સ્વચ્છતા અભિયાનમાં સાંઈ નામની સંસ્થાને સરળતાથી મોટો કોન્ટ્રાકટ મળે ને ચુકવણાં તપાસની વાત તો વાત જ નહીં કરવાની. આપણા બનાસકાંઠા જિલ્લામાં સરહદીય અને સામાજીક, શૈક્ષણિક પછાત વિસ્તારમાં તો પ્રજાની અજ્ઞાનતા ને બૌધ્ધિકોનું વધુ પડતું મૌન ભ્રષ્ટાચારીઓ માટે તો શ્રેષ્ઠ કમાણીનો વિસ્તાર બની જાય છે. અહીં એક વખત બદલી થઈને આવેલો અધિકારી વારંવાર પ્રાર્થના કરે છે કે આ પ્રજાને વિસ્તાર જ તેના ફાળે આવે. લુંટો આ પ્રજાને જે રીતે લુંટાય તેવી રીતે લુંટો અહીં ચૂંટાયેલા સભ્યોને ખબર નથી હોતી કે પોતાની ફરજ શું હોય છે ? તેઓને તો કોઈ કર્મચારી-અધિકારી એકાદ ટુકડો નાખી દે તો રાજીના રેડ થઈને એ 'સાહેબ' ની ચમચાગીરી કરતો જોવા મળે. જેને પ્રજાએ પાંચ વર્ષ માટે ચૂંટીને પોતાના પક્ષોને વિસ્તારના વિકાસ થાય તેવી આશા સાથે મોકલ્યો હોય તે પાંચ વર્ષ કયાંક મૌન તો કયાંક મોજ કરીને સમય વ્યતીત કરી નાખે છે. અમારા વિસ્તારમાં સાંસદની તો વાત જ કરવી નહીં આ સાહેબ કેમ ચૂંટાય છે ને પાંચ વર્ષ શું કામ કરે તે કોઈને ખબર હોતી નથી. આવા છ સાત દાયકા પસાર થઈ ગયા.હવે થોડી મોબાઈલ, સોશીયલ કહેવાતી લોકસેવક જેવી જાગૃતિ ફેસબુક, વોટસઅપ, ટવીટર પર આવી છે પણ વાસ્તવિક સ્થિતિ તો જૈસે થે જ છે. યુવા ધન સતત પાંગળું થઈ રહ્યું છે.મોબાઈલ મસ્તી આગામી સમય માટે ખતરનાક નીવડશે. આજે કયાં કોઈની પાસે સમય છે ? સૌ કોઈ મોબાઈલમાં મસ્ત છે જેની પાસે સારી કક્ષાનો મોબાઈલ નથી ને અભણને ગરીબ ગામડીયાથી નીચી કક્ષાનો વિદ્યાર્થી કુપોષણ, સગર્ભા ધાત્રી માતાના નામે યોજનાઓ આવે છે. બધી જ ભ્રષ્ટાચારીઓ ચાઉ કરે છે. ખેડુતો, પશુપાલકોને જઈને પુછી તો જુઓ તમારી હાલત શું છે, પુછી તો જુઓ ઘાયલને શું થાય છે ? ઘાયલની ગતિ ઘાયલ જ જાણે. એવી સ્થિતિ આજે સાચા માણસની થઈ છે. પછી તે કયા જુથ, વર્ગ સમુદાયનો છે તે નહીં. સાચો માણસ હશે તો તે રીબાતો જ હશે. કારણ કે આ વ્યક્તિ જીવે છે સચ્ચાઈથી તેના હૃદય મન મગજમાં રાષ્ટ્ર સમાજ ભાવનાની દિવ્યજયોત સાચા અર્થમાં પ્રગટતી રહે છે ને તેના સહારે જ આ દિવ્ય આત્મા બહુ વિશ્વાસ સાથે ખોટી સહાય, પ્રલોભનો સ્વીકારવા આગળ પણ નથી આવતો. વાચક મિત્રો આ વાતને તમે બહુ સારી રીતે સમજ્યા હશો. રાષ્ટ્ર, સમાજ ભાવના કોઈના કહેવાથી કે દબાણથી પ્રગટતી નથી એ તો જે તે વ્યક્તિ, સમુદાયમાં જ ધરબાયેલી પડી હોય છે જે સચ્ચાઈમાં જ પ્રગટે છે. ગત સપ્તાહમાં અચાનક ગુજરાતમાં તાપમાનનો પારો વધ્યો ને રાજસ્થાન, ઉત્તરપ્રદેશમાં તોફાની ધુળની આંધી, વાવાઝોડાએ કહેર સર્જ્યો. પર્યાવરણને અસંતુલીત કરવાની માનવીય સ્વાર્થી હોડ માનવ માટે તો ખતરનાક બને છે અનુસંધાન પાના નં.૬ ઉપર

# જેવા સાથે તેવા

**શ્રદ્ધા અને** | **સંસ્કાર**

દાનપુર નામના નગરમાં અચલ શ્રેષ્ઠી રહેતા હતા. મહારાજા તરફથી તેમને નગરશેઠની પદવી મળી હતી. રાજસભામાં પ્રતિદિન આવવા માટે મહારાજા તરફથી તેમને નિમંત્રણ મળેલું હતું. અચલ શ્રેષ્ઠીની સંપત્તિ પણ મહારાજાની સંપત્તિ સાથે સાથે સ્પર્ધા કરે તેટલી હતી.આલીશાન મહેલના તેઓ સ્વામી હતા.સેંકડો સેવકો તેમની સેવા કરવા માટે તૈયાર હતા. પાણી માંગે ને દુધ હાજર થાય એટલું રેલમછેલ સુખ હતું તો પણ શેઠ અને શેઠાણીને કંઈક અધુરૂં લાગતું. હજી પણ કંઈક મધુરતાની ઉણપ જણાતી હતી. બધું જ હતું પણ શેઠાણીનો ખોળાનો ખુંદનારો ન હતો. સુનું પુત્ર વિનાનું ઘર તેમને સુનું સુનું લાગતું હોય છે. ઘણાં મંત્રો તંત્રો કરાવ્યા પુજાપાઠ પણ ઘણાં કરાવ્યા તો ય અંતરની આકાંક્ષા પૂર્ણ ન થઈ. છેવટે પરવારેલા પુણ્ય પાકયાં ત્યારે ભગવાનની કૃપાથી અચલ શ્રેષ્ઠીને ત્યાં પુત્રનો જન્મ થયો. ઘણાં વર્ષોની ઈચ્છા પુર્ણ થઈ હોવાથી શેઠ અને શેઠાણીના ઉરમાં આનંદનો ઉદધિ ઉછળવા લાગ્યો. મોટા મહોત્સવ સાથે અચલ શ્રેષ્ઠીએ પોતાના પ્રાણ પ્યારા પુત્રના જન્મની ઉજવણી કરી. ધનપુર ગામમાં પ્રત્યેક ઘરે મીઠાઈની વહેંચણી કરી અને નામ સ્થાપનાના દિવસે લાડલા લાલનું નામ કુશલ આપ્યું.

ધીરે ધીરે કુશલ મોટો થવા લાગ્યો. ઘણીવાર અચલ શ્રેષ્ઠી આવા વિચારોના વહેણમાં વિચર્યા કરતા : મારો પ્યારો પુત્ર કુશલ મોટો થશે. બુધ્ધિથી પણ તે ખરેખર કુશલ જ હશે. મારી જેમ તેનેપણ મહારાજા નગરશેઠની પદવીથી અલંકૃત કરશે જેમ લોકો મને અચલ શ્રેષ્ઠી કહીને બોલાવે છે તેમ આને પણ કુશલ શ્રેષ્ઠી કહીને બોલાવશે. મારી જેમ તે પણ કોટયાધિપતિ થશે. અખુટ સંપત્તિનો સ્વામી થશે, મારો પુત્ર કુશલ પોતાની કુશળતાથી ધનપુર નગરમાં નામના મેળવીને પોતાની બધી જ મનોકામનાઓ પુર્ણ કરશે.. પણ ભવિષ્યમાં શું લખેલું છે એ કોણે જોયેલું છે ? શેખચલ્લીની જેમ આવા લાંબા લાંબા વિચારો કોને નથી આવતા ? અચલ શ્રેષ્ઠીની મનોકામનાઓ બસ મનમાં જ રહી ગઈ. કુશલ મોટો થયો પણ તે નામથી જ કુશલ હતો. ભણવામાં તો સાવ ઠોઠ હતો. તેના સમવયસ્ક મિત્રો તેને બહુ ચીડવતા, હેરાન પરેશાન કરતા, મિત્રો સાથે રમીને આખો દિવસ પસાર કરતો. ભણવામાં તો તેનું મન સ્થિર જ ન હતું. ગામના લોકો પણ કુશલ તો મુર્ખ છે એવું કહેતા. પુત્રની આવી ખરાબ પરીસ્થિતિ જોઈને એક વખત અચલ શ્રેષ્ઠીએ શેઠાણીને કહ્યું, હું તો શું ના શું વિચાર કરતો હતો કે મારો પુત્ર ખુબ આગળ વધશે, નગરમાં મારી જેમ જ નગરશેઠ તરીકેની નામના મેળવશે, પણ હવે તો એ બધા અનુસંધાન પાના નં.૬ ઉપર

# સંગ તારે કુસંગ ડૂબાડે

આ કહેવત આપણા સહુ માટે કેટલી યથાર્થ છે એ આપણે સહુ સમજી શકીએ છીએ.સંગના કારણે જ આપણે મહાન અને સંગના કારણે જ આપણે કૌડી સમાન જીવન બનાવીએ છીએ.સંગથી જ પત્થર મૂર્તિ બને છે.સંગથી જ વ્યક્તિ મહાન બને છે.સંગ કોઈ લુટારો ઋષિ પણ બને છે તો સંગ જ અંગુલીમાલ જેવા ડાકુને ખૂનખાર લુંટેરાને પણ સારો બનાવી શકાય છે.અને સંગથી જ માણસ લુટફાટ, શરાબ, જુગાર બધું શીખે છે.આપણે ધ્યાન એ રાખવાનું કે ક્યા સંગમાં આપણે કેટલું રહેવું.

"કાજલ કી કોઠરી મેં લાખો જતન કરે કાજલકા દાગ લાગેરે લાગે"

આપણે ગમે તેટલુ ધ્યાન રાખીએ તો પણ કાજલ ભરેલી કોઠીમાં જઈએ તો એકાદ દાગ તો લાગવાનોજ છે.કોલસાનો સંગ પણ એવોજ છે.કોલસો બન્ને માટે નુકસાન પહોંચાડે છે.ઠંડો હોય તો હાથ કાળા કરે.અને ગરમ હોય તો દજાડે છે.ઘણા માણસોનો સંગ એવો જ હોય છે.જો તમે તેની દોસ્તી રાખો તો પણ તેની તકલીફ છે.અને છોડો તો પણ તકલીફ છે માટે વ્યક્તિનો સંગ કરતાં પહેલા પારખો અને પછી મિત્રતા બાંધો એવી પણ કહેવત છે કે ઘોડાને ગધેડાની બાજુમાં બાંધીએ તો કદાચ ભોંકતા તો ન શીખે પણ આળોટતા તો શિખી જશે.સંગનો પ્રભાવ પડે છે.પારસના સંગથી લોખંડ પણ સોનુ બને છે.દૂર્જનના સંગથી દૂર્જન અને સજ્જનના સંગથી સજ્જન બને છે.આપણે આપણા જીવનને કેવું બનાવવું છે.તે આપણે જોવાનું છે.કુવાના પત્થર પર રોજ દોરીથી પાણી ખિંચતા પત્થર પર પણ નિશાન બની જાય છે.આપણે આપણા જીવનને સારું બનાવવુ હોય તો ગમે તેટલી ખરાબી હોવા છતાં પણ શ્રેષ્ઠ બનાવી શકાય છે.ઘણા લોકો જીવનને શ્રેષ્ઠ બનાવવા માટે અનેક યુક્તીઓ અપનાવે છે.અને કંઈક આપણી પોતાની જ કમીના કારણે પરિવર્તન નહીંવત દેખાતાં નિરાશા હતાશા આવે છે.ઘણીવાર જ્યાં જઈએ નિરાશા મળતાં ફરી ક્યારેય સારા બનવાનો પ્રયત્ન ન કરવાના દઢ સંકલ્પ સાથે આગળ વધે છે.અને પ્રાપ્ત થાય છે.દુઃખ અશાંતિ નિરાશા તનાવ અનેક અવગુણો જીવનને .અનુસંધાન પાના નં.૬ ઉપર

**સૌરભ** | **બી.કે.નીતાબેન**

### કોંગ્રેસના ડેલીગેશને ...

**પાના નં.૧ ચાલુ**

જણાવ્યું હતુ કે અમે મુલાકત લઈને પ્રદેશ નાં આગેવાનો સમક્ષ રિપોર્ટ મુકીશુ અને બાદમાં આગળ સરકાર સામે કોઈ રીતે રજુઆત કરવી તેં રણનીતિ નક્કી કરશું સાથે એ પણ જણાવ્યું હતુ કે બિહારના લાલુના ચારા કૌભાંડ કરતા પણ ગુજરાતમાં ઘાસચારાનું મોટું કૌભાંડ થયું છે. જ્યારે ડીસાનાં પુર્વ ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈએ જણાવ્યું હતુ કે ગાય ના નામે મત લઈને ભાજપ નાં નેતાઓ ભાગી ગયા છે પાંજરાપોળમાં ગાયોની સ્થિતિ ખુબજ ખરાબ છે છતાં પણ ભાજપના એક પણ નેતા પાંજરાપોળ બાજુ ફરકયા નથી. જોકે હવે એક તરફ સરકાર દ્વારા જાહેર કરાયેલા ૨ રૂપિયે કિલો ઘાસચારો ખરાબ હોવાના કારણે સ્વીકારવા તૈયાર નથી અને કોંગ્રેસ પણ હવે આ મુદ્દે ભાજપને ઘેરવાના પ્રયાસો કરે છે ત્યારે આગામી સમયના આ પશુઓ માટેનું આંદોલન આક્રમક બને તેવા એંધાણ દેખાઈ રહ્યા છે. ડીસા આવેલા આ ડેલીગેશનમાં જગદીશ ઠાકોર, મહેન્દ્ર સિંહ બારીયા, વાવ ધારાસભ્ય ગેનીબેન ઠાકોર, પાલનપૂર ધારાસભ્ય મહેશભાઈ પટેલ, ધાનેરાનાં ધારાસભ્ય નથાભાઈ પટેલ, દિયોદરનાં ધારાસભ્ય શિવાજી ભૂરિંયા, દાંતાનાં ધારાસભ્ય કાંતિભાઈ ખરાડી, જીલ્લા કોંગ્રેસ પ્રમુખ દિનેશભાઇ ગઢવી, ડીસાનાં પુર્વ ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ, લાખણી તાલુકા પંચાયત પ્રમુખ મહેશભાઈ દવે, પ્રકાશભાઈ ભરતિયા, કિશોરભાઈ મહારાજ, ધર્મેદ્ર ભાઈ ફોફાણી,ગંગારામભાઈ પોપટ, હિનાબેન ઠક્કર, છબીલભાઈ સોનેથા સહીત મોટી સંખ્યામાં ગૌરક્ષ-કો અને કોંગ્રેસનાં આગેવાનો હાજર રહ્યાં હતાં.

### યુપી : સરકારી...

**પાના નં.૧ ચાલુ**

હતી તે ગેરબંધારણીય છે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, અલબત્ત આ ચુકાદો ઉત્તરપ્રદેશના કાયદા સુધી મર્યાદિત છે. આ ચુકાદાને લઈને પ્રાથમિકરીતે ગણતરીનો દોર શરૂ થયો હતો.

સુપ્રીમ કોર્ટનું કહેવું છે કે, વ્યક્તિએ હોદ્દાને છોડી દીધા બાદ પબ્લિક ઓફિસ ઈતિહાસ બની જાય છે. સરકારી આવાસોને હંમેશ માટે આપી શકાય નહીં. વર્ષ ૨૦૧૬ના કાયદાને ઉત્તરપ્રદેશને એનજીઓ દ્વારા પડકાર ફેંકવામાં આવ્યો હતો. લોકપ્રહરી નામના એનજીઓ દ્વારા આ અપીલ કરવામાં આવી હતી. ઓગસ્ટ ૨૦૧૬માં આ સંદર્ભમાં નોંધ લેવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ તમામ પૂર્વ મુખ્યમંત્રીઓને લખનૌમાં આપવામાં આવેલા સરકારી બંગલાઓને ખાલી કરવા પડશે. જસ્ટિસ અનિલ આર દવે અને જસ્ટિસ એનવી રમનના તથા આર બાનુમતિની બનેલી બેંચે આ અંગેનો ચુકાદો આપ્યો હતો. રાજય સરકારની એવી દલીલને ફગાવી દેવામાં આવી હતી કે, મોટાભાગના પૂર્વ મુખ્યમંત્રીઓ ઝેડ પ્લસની સુરક્ષા ધરાવે છે જેથી આ આવાસ અપાયા છે. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, સુરક્ષા વ્યવસ્થા કેન્દ્ર દ્વારા આપવામાં આવે છે જેથી આવાસ આપવાની બાબત પણ તેની જ જવાબદારી છે.

### રાજકોટમાં મગફળીનું...

**પાના નં.૧ ચાલુ**

એટલી ભયંકર અને વિકરાળ હતી કે, ફાયબ્રિગેડના જવાનો દ્વારા આશરે દોઢસોથી વધુ ફાયર ફાઈટરો દ્વારા પાણીનો મારો ચલાવવા છતાં આગને કાબૂમાં લઇ શકાઇ ન હતી. ફાયરબ્રિગેડના જવાનોએ મોડી રાત સુધી આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. આગ લાગ્યાના ૧૫ કલાકથી પણ વધુ સમય બાદ પણ હજુય ધુમાડા નીકળવાનું ચાલું છે. રાજકોટ, ગોંડલ, જસદણ, ધોરાજી તેમજ જેતપુર ફાયર બ્રિગેડ વિભાગની આગ બુઝાવવાની કામગીરી માટે મદદ લેવાની ફરજ પડી હતી. નોંધનીય છે કે, જે ગોડાઉનમાં આગ લાગી છે તેને નાફેડ (નેશનલ એગ્રિકલ્ચર કોપરેટિવ માર્કેટિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ) દ્વારા ભાડે રાખવામાં આવ્યું હતું. જે સ્ટોકમાં આગ લાગી તે તમામ જામનગર જિલ્લામાંથી ખરીદવામાં આવ્યો હતો. આ વખતે ચૂંટણીનો માહોલ હોવાથી સરકારે નવ લાખ ટન જેટલી મગફળી ૯૦૦ રુપિયા પ્રતિ ૨૦ કિલોના ભાવે ખરીદી હતી. જોકે, છેલ્લા ચાર મહિનામાં ગાંધીધામ, ગોંડલ તેમજ જામનગરના હાપામાં આવેલા ગોડાઉનોમાં આગ લાગી ચૂકી છે અને હવે રાજકોટમાં મગફળીના ગોડાઉનમાં આગ લાગવાની આ ૪થી ઘટના છે. મગફળીના ગોડાઉનોમાં વારંવાર આગ લાગવાની ઘટનાઓને બીજીબાજુ વિપક્ષ કોંગ્રેસ દ્વારા ઉગ્ર શબ્દોમાં વખોડી કાઢવામાં આવી હતી. વિપક્ષના નેતા પરેશ ધાનાણી અને પ્રદેશ કોંગ્રેસના પ્રવકતા ડો.મનીષ દોશીએ સરકાર પર પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, મગફળીના ગોડાઉનોમાં આગ લાગવાની ઘટનાઓ એ જાણીબુઝીને કરવામાં આવતું ખતરનાક ષડયંત્ર છે. સરકારની નિષ્ફળતાઓ અને ગોરખધંધાઓના પુરાવાઓને નાશ કરવાનું આ સમગ્ર કૌભાંડ છે, જેની ઉચ્ચ સ્તરે ન્યાયિક તપાસ જરૂરી છે. ખેડૂતોને ન્યાય મળવો ખૂબ જરૂરી છે, કોંગ્રેસ આ મામલે ખેડૂતોને સતત પડખે છે અને તેમના ન્યાય માટે ઝઝુમશે.

### ઉત્તર ભારતમાં ...

**પાના નં.૧ ચાલુ**

જોતા હરિયાણા સરકારે પહેલા જ મંગળવાર સુધી સ્કુલોને બંધ રાખવાનો આદેશ જારી કર્યો છે રાજસ્થાનમાં ધૂળ ભરેલી આંધીની આશંકા વ્યકત કરવામાં આવી રહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આંધી અને તુફાનનો કહેર ઉત્તર ભારત ઉપરાંત દક્ષિણના દેશોમાં પણ જોવા મળી શકે છે. વિભાગના જણાવ્યા અનુસાર પશ્ચિમ ઉત્તર પ્રદેશ, બિહાર, પશ્ચિમ બંગાળ, ઓરિસ્સા, આસામ સિક્કિમ મેઘાલય ત્રિપુરા કર્ણાટક અને કેરલમાં પણ તોફાનની સ્થિતિ બની શકે છે. એક તરફ ઉત્તર અને દક્ષિણ ભારતમાં તેજ વાવાઝોડુ આવવાની આશંકા વ્યકત કરવામાં આવી રહી છે જયારે પૂર્વોત્તર રાજયોમાં ભારે વરસાદની ભવિષ્યવાળી કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આસામ મેઘાલય નાગાલેન્ડ મિઝોરમ, મણિપુર અને ત્રિપુરામાં ભારે વરસાદ થઇ શકે છે.

ઉત્તર ભારતથી ચાલેલ તોફાન ૯મેના રોજ દક્ષિણ રાજયોમાં કહેર વર્તાવી શકે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર તમિલનાડુ, પોડિચેરી, કોલકતા અને કેરલમાં તોફાન અને ધૂળ ભરેલી આંધીની સંભાવના છે. તેની અસર પશ્ચિમ બંગાળના કેટલાક વિસ્તારો, સિક્કીમ અને પૂર્વ ઉત્તર પ્રદેશમાં પણ જોવા મળી શકે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ૧૦ અને ૧૧મેના રોજ પશ્ચિમ બંગાળ,સિક્કિમ તમિલનાડુ પોડિચેરી અને કેરલમાં તોફાનની આશંકા છે. જો કે આ તમામ દિવસોમાં મહારાષ્ટ્રના વિદર્ભ વિસ્તારમાં તાપમાન ગરમ બની રહેશે અને લુ ચાલવાની આશંકા છે.

ઉત્તરપ્રદેશ અને રાજસ્થાનના વિવિધ ભાગોમાં બે દિવસ પહેલાની રાતમાં આવેલ વાઝોડાના કારણે દુર્ઘટનાઓમાં ૧૦૯ લોકોના મોત નિપજયા હતાં અને લગભગ ૨૦૦ અન્યને ઈજા થઇ હતી. પૂર્વ રાજસ્થાન અને તેનાથી જોડાયેલ ઉત્તરપ્રદેશની આસપાસના વિસ્તારોમાં જબરજસ્ત આંધી તોફાનના કારણે અનેક મકાનો તુટી પડયા હતાં વૃક્ષો તુટી પડયા હતાં અને વિજળીના થાંભલા ઉખડી ગયા હતાં વાવાઝોડાને કારણે લગભગ ૨૦૦ અન્ય લોકોને ઈજા થઇ હતી.

હવામાન વિભાગના એક અધિકારી અનુસાર ક્ષેત્રમાં બનેલ ચક્રવાતી પરિસંચાર તંત્રથી આગામી ૪૮ કલાકો દરમિયાન ઉત્તરપ્રદેશ અને રાજસ્થાનના કેટલાક ભાગોમાં ફરીથી વાવાઝોડાનું પૂર્વાનુમાન છે.

હવામાન વિભાગના એક અધિકારીએ જણાવ્યું હતું કે તેમના વિભાગે ગત બે દિવસમાં આંધી તાફોનની ચેતવણી જારી કરી હતી. ઉત્તરપ્રદેશ અને રાજસ્થાનમાં આંધી તોફાનને કારણે જાનહાનિ પર દુખ પ્રગટ કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અધિકારીઓને રાજયો સાથે સમન્વય બનાવવા અને પ્રભાવિતોને તાકિદે રાહત સુનિશ્ચિત કરવા કહ્યું છે. જયપુરના ભારતીય હવામાન વિભાગના વૈજ્ઞાનિક હિમાંશુ શર્માએ જણાવ્યું હતું કે રાજસ્થાનમાં આગામી ૪૮ કલાક દરમિયાન તેજ હવાઓને કારણે ધૂળ ભરેલ આંધી આવવાની આશં-કા છે. તેનાથી ઉત્તરપ્રદેશ અને રાજસ્થાનમાં આંધી તોફાનના કારણે જાનહાનિ પર દુખ પ્રગટ કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અધિકારીઓને રાજયોની સાથે સમન્વય બનાવવા અને પ્રભાવિતોને તાકિદે રાહત સુનિશ્ચિત કરવા માટે કહ્યું છે.

જયપુરના ભારતીય હવામાન વિભાગના વૈજ્ઞાનિકો હિમાંશુ શર્મો જણાવ્યું હતું કે રાજસ્થાનમાં આગામી ૪૮ કલાક દરમિયાન તેજ હવાઓને કારણે ધૂળ ભરેલી આંધી આવવાની આશંકા છે.આથી ઉત્તરપ્રદેશ અને રાજસ્થાનના સીમાવર્તી વિસ્તાર ખાસ કરીને કરૌલી ધૌલપુર જીલ્લા પ્રભાવિત થઇ શકે છેં. અધિકારીઓએ જણાવ્યું હતું કે ઉત્તરપ્રદેશમાં સૌથી વધુ હાનિ આગ્રા જીલ્લામાં થઇ હતી જયાં ઓછામાં ઓછા ૪૩ લોકોના મોત નિપજયા હતાં તથા ૫૧ અન્યોને ઈજા થઇ હતી. આગ્રા ઉપરાંત ઉત્તરપ્રદેશમાં બિજનૌર, બરેલી, સહારનપુર પીલીભીત ફિરોજાબાદ, ચિત્રકુટ મુઝફફનગર રાયબરેલી અને ઉન્નાવ પણ પ્રભાવિત થયા હતાં. અધિકારીઓએ જણાવ્યું હતું કે રાજસ્થાનમાં સૌથી વધુ ભરતપુર જીલ્લો પ્રભાવિત થયો જયાં ૧૯ લોકોના મોત થયા હતાં . અલવર અને ધૌલપુરમાં નવ નવ લોકોના મોત નિપજયાં હતાં ધૌલપુરમાં બે લોકોના મોત નિપજયા હતાં જેમાં બે લોકો ઉત્તરપ્રદેશ આગ્રાના હતાં. રાજસ્થાનમાં વિજળીના ૧૩ હજાર થાંભલા ઉખડી ગયા હતાં અને લગભગ ૧૦૦ ટ્રાંસફોર્મર નુકસાનગ્રસ્ત થયુ હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે વિજળી પુરવઠો ધીરે ધીરે બહાલ કરવામાં આવી રહ્યો છે. રાજસ્થાન આપદા પ્રબંધન અને રાહત સચિવ હેમંત કુમારે ગેરાએ જણાવ્યું હતું કે કેટલાક લોકોની સારવાર ચાલી રહી છે.જયારે કેટલાકને રજા આપવામાં આવી છે.

### રાજપુર પ્રાથમિક...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

આ તમામ ક્ષેત્રો પાર કરતા શાળાને આ એવોર્ડ પ્રાપ્ત થતા રાજપ-ુર ગામમાં આનંદની લાગણી પ્રસરી રહી છે. આ એવોર્ડ નિવૃત્ત નિયામક ડૉ.નવીન પંડિત, ડાયેટ પ્રાચાર્ય ડૉ.જી.એમ. ચૌધરી તથા યુનિસેફના અધિકારી તરીકે લક્ષ્મી ભવનની મેડમ તથા પુષ્પાબેન જોશી જિલ્લા શિક્ષણાધીકારી ડૉ.દીપક દરજી, ડાયેટના સ્ટાફ તથા દરેક શાળાના આચાર્ય તથા શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

### ગુજરાતના સ્થાપના...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

તો કરોડો લીટર પાણી વેડફાતું બચાવીને જળ સંચયનું મોટું કામ કરી શકાય તેમ છે.ભૂતકાળમાં પીવાના પાણી માટે બહેનોને માથા ઉપર બેડા લઈ દૂર દૂર સુધી ભટકવું પડતું હતું. પરંતુ હવે તો સમગ્ર જિલ્લામાં પીવાના પાણીની પૂરતી વ્યવસ્થા ગોઠવાઈ છે. આ પ્રવાસ કાર્યક્રમ દરમ્યાન ડીસાના ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યા, અગ્રણી મહેશભાઈ દવે, ડીસાના પ્રાંત અધિકારી હિરેનભાઈ પટેલ, સિંચાઇ વિભાગના ઈજનેર એચ.વી.ગુર્જર અને ડી.પી.બારોટ સહિત અગ્રણીઓ, અધિકારીઓ અને લોકો વિશાળ સંખ્યામાં ઉપસથિત રહ્યા હતા.

### ડીસા તાલુકાના...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

તંત્ર ફક્ત પૈસા પર નજર પડે છે ત્યારે ગમે તેવુ કામકાજ ગમ્મત મા ચાલવા લાગે છે હવે ગરીબ પરિવાર લુંટાઇ રહ્યો છે .બોલો હવે થેરવાડા ગામે ખાનગી ચાલતા ઈતવાડા પર કલેકટર પોતે આવી રેડ પાડે અને ઈતવાડા પર જે વ્યક્તિ મેન હોય તેને દંડ લાખો રુપિયા નો ફટકાવે તો ગરીબ પરિવાર જીવન જીવી શકે છે.

અત્યારે થેરવાડા ગામે ખાનગી ચાલતા ઈતવાડા પર અધિકાર પોતે આવી ને તપાસ કરી ને ગેરકાયદેસર ચાલતા ઈટવાડા બ્લોક કરાવે તો ગરીબ પરિવાર નો જીવ ઉંચો આવે થેરવાડા મા ગેરકાયદેસર ચાલતા ઈટવાડા પર તંત્ર ની બેદરકારી ગૌચર જમીન ઉપર પોતા નો બાપ નો હક કરવા તંત્ર આવી ગયા છે. તંત્ર એક બાજુ ગરીબ ખેડુતો ને મોટી મોટી વાટકો કરેછે બીજી બાજુ ઈટવાડા ચાલતા ગામ થેરવાડાની આજુબાજુના ગામ પર તંત્ર રમી રહયું ખાનગી ગમ્મત રમી રહયું છે ગરીબ પરિવાર લુંટાઇ રહ્યો છે.

### બારડોલીમાં...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

૨૦૦૦ ની ધર્મસંસદ સમક્ષ પૂ.આ.શ્રી લલિતશેખરસૂરીશ્વરજી મ.સા. આદિ ગુરૂભગવંતોએ સવારના ૮ થી ૧ દીક્ષાવિધિની મંગલ ક્રિયાઓ કરાવી બન્ને મુમુક્ષુઓને પૂ.પ્રવર્તિની સા.શ્રી દર્શનશ્રીજીમ. ના પરિવારના પૂ.સા.શ્રી ત્રિલોચનાશ્રીજી મ. ના શિષ્યરત્ના પૂ.વિદુષી સાધ્વીજીશ્રી ભવ્યરત્નાશ્રીજી મ. ને જીવન સમર્પિત કરી શ્રી નિલમબેન (નૂતનસાધ્વીજીશ્રી ધન્યપ્રિયાશ્રીજી અને શ્રી કૃપાબેન (નૂતનસાધ્વીજીશ્રી હર્ષજયોતિશ્રીજી.મ) તરીકે નૂતન નામ જાહેર કરવામાં આવ્યા હતા.

દિક્ષા પ્રસંગને અનુલક્ષીને દરરોજ સાંજના ૪ થી ૫ પૂ.આચાર્યશ્રી રવિશેખરસુરીશ્વરજી મ.સા.ની પ્રેરક વાંચના તથા બાલક બાલિકાઓની સંસ્કારસભાને પૂ.ગણિવર્યશ્રી હર્ષશેખર વિજયજી.મ. તથા પૂ.મુનિરાજશ્રી હંસબોધિવિજયજી મ.સા. એ જીવન જીવવાની કળા અને વેકેશનના સમયનો કિંમતી સદઉપયોગ કરવા પ્રેરણા આપી હતી. શાલીભદ્ર કેટરર્સ અમદાવાદના કેતનભાઈ શાહ તથા નરેન્દ્રભાઈ કામદાર ગઢડાવાળા તથા દિક્ષાર્થીના પરિવાર તરફથી દરેક બાળકોને બહુમાન રૂપે ઈનામો અપાયા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન તપોવની પં.શ્રી હર્ષવદન ભાયાણી અને સંગીતકારશ્રી પિયુષભાઈ બોરીવલીવાળાએ ભક્તિગીતોની રમઝટ બોલાવી હતી. સવારના પ્રભાતીયા, વ્યાખ્યાન, બપોરના વિવિધ પૂજા અનુષ્ઠાન, બંન્ને સમયે પ્રતિક્રમણ અને રાત્રીભાવના તથા દીક્ષાર્થીના બહુમાન અને વિદાયના ભવ્ય પ્રસંગો યોજાયા હતા.દરેક અનુષ્ઠાનોમા ઉદાર દિલ દાતાઓએ દાનની ગંગા વહાવી રંગ રાખ્યો હતો. આ પ્રસંગે આજીવન બ્રહ્મચર્યવ્રત અંગીકાર કરનાર નવસારીના દંપતી શ્રી તરૂણભાઈ અને શ્રીમતી હીનાબહેનનું બહુમાન કરવામાં આવ્યુ હતું. બારડોલી શ્રી સંઘના પ્રમુખ જયંતીભાઈ ગેબીરામજી શાહ, સેવાભાવી મહેન્દ્રભાઈ સિસોદ્રાવાલા વિગેરે તથા દીક્ષાર્થીના સર્વકુટુમ્બીજનો અને યુવક મંડળોના ઉત્સાહી નવયુવાનો તથા મહિલામંડળના બહેનો અને શ્રી સંઘના ટ્રસ્ટી મંડળે તનતોડ જહેમત ઉઠાવી આ મહોત્સવની સફળતામાં ચાર ચાંદ લગાવ્યા હતાં.

### તાલુકા શાળા...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

તાલુકા મથકે બાહ્ય દેખાવથી લોકોને આકર્ષિત ખાનગી શાળાઓના રાફડા વચ્ચે ગુણવત્તા યુક્ત શિક્ષણ અને સ્પોર્ટસમાં બેમિશાલ કામ કરતી શાળાને એવોર્ડ અપાતા શાળા પરિવાર અને તાલુકાની શિક્ષણપ્રેમી પ્રજામાં ખુશી જોવા મળી. અત્રે ઉલ્લેખનિય છે કે ગત શૈક્ષણિક વર્ષમાં ખાનગી શાળાઓમાંથી ૨૪ બાળકોએ સરકારી શાળા વડગામ-૧ માં પ્રવેશ મેળવેલ છે.

### કાંકરેજ તાલુકાના...

**પાના નં.૮ ચાલુ**

નગરમાં ઠેરઠેર સવાર સાંજ છૂટક દૂધની હાટડીઓમાં વેચાતું દૂધ લોકો આરોગ્ય માટે કેટલું યોગ્ય છે. કાંકરેજ તાલુકામાં ચાલતી સફેદ દૂધના કાળા કારોબારની પ્રવૃતિ સામે કડક કાર્યવાહી થાય તેવું લોકો ઈચ્છી રહ્યા છે. થરાનગરમાં ઠેરઠેર જ્યુસ લચ્છી શરબતની લારીઓમાં લોકો આરોગ્ય સાથે ચેડાં થઈ રહ્યાં છે. તો શાકભાજી માર્કેટયાર્ડમાં કેરી - ચીકુ જેવા ફળોને કાર્બાઈડથી જગ જાહેર પકવવામાં આવી રહ્યા છે કેટલાક વેપારીઓ કેમીકલનો છંટકાવ કરી આવા ફ્રુટની માંગને તેજીનો લાભ લેવામાં લોકોના આરોગ્ય સાથે ચેડા કરી રહ્યાં છે. ફુડ એન્ડ ડ્રગ્સ આરોગ્ય ખાતું પાલીકા મામલતદાર કચેરી સક્રિય બની લોકોના આરોગ્ય સાથે ચેડા કરતા તત્વોને પકડવામાં સફળ થશે ? બનાસડેરીના સુપરવાઈઝરો અધિકારીઓ ઓચિતી મુલાકાત લઈ સફેદ દૂધના કાળા કારોબારનો પર્દાફાશ કરી શકશે ખરૂ ??

### બનાસકાંઠા જિલ્લા...

**પાના નં.૮ ચાલુ**

સભ્યોને ચૂંટી કાઢ્યા હતા. જોકે, પ્રમુખની વરણીની સભામાં જે પ્રકારે ભાજપે હોબાળો મચાવ્યો હતો. તેવો હોબાળો આજે પણ થશે તેવી ધારણા હતી. પરંતુ સૌના અચરજ વચ્ચે ભાજપે સમગ્ર પ્રક્રિયામાં સાથ સહકાર આપી શાંતિપૂર્ણ સભા પુરી કરી હતી.

આજની સાધારણ સભામાં ધારાસભ્ય મહેશભાઈ પટેલ, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ દિનેશભાઈ ગઢવી, જિલ્લા પંચાયત પ્રમુખ પીનાબેન ઠાકોર સહિત ધારાસભ્યો અને કોંગી અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### પાંથાવાડાના...

**પાના નં.૮ ચાલુ**

થાય સુધી લાશનો કબ્જો લેવાના પરિવારજનોના ઈન્કારથી આ યુવકની પાંથાવાડાની સરકારી હોસ્પિટલના પોસ્મોટર્મ રૂમમાં રઝળી રહી હતી. જો કે, આરોપીઓને બનતી ત્વરાએ ઝડપી પાડવાની પોલીસની ખાત્રી બાદ મૃતક યુવકના પરિવારજનોએ લાશનો કબજો લઈ અંતિમ સંસ્કાર કરતા પોલીસ તંત્રએ હાશકારો અનુભવ્યો છે.

### અમીરગઢ શહેરમાંથી...

**પાના નં.૮ ચાલુ**

સુરમાભાઈ રાજાભાઈ ગરાસિયા (રહે. ઉપલાખાપા તા.અમીરગઢ)ને પકડી પાડી તેઓએ ચોરી કરેલ મોટર સાયકલ નં.GJ02BQ4467 નું કિ રૂા.૨૫૦૦૦ નું કબ્જે કરી આરોપીઓના રિમાન્ડ મેળવી બીજા વાહનચોરીના ગુના શોધી કાઢવા તજવીજ હાથ ધરેલ છે.

### માવસરી પોલીસ...

**પાના નં.૮ ચાલુ**

મરઘી સમાન છે. સજાનો સેજો ગણાતા માવસરી પોલીસ સ્ટેશનમાં જ સારી કમાણી થઈ શકે છે. જિ.પો.વડા નાઈટ પેટ્રોલીંગ દરમિયાન માવસરીથી સિધાડા કસ્ટમ રોડની જાત મુલાકાત લે તો કેટલીયે વિદેશી દારૂ ભરેલી ગાડીઓ ઝડપાઈ જાય તેમ છે. રાજસ્થાનનો એક્સપાયર ડેટનો વિદેશી દારૂ ગુજરાતમાં ઉંચા ભાવે વહેંચાઈ રહ્યો છે. એક વિદેશી દારૂની ગાડી પાછળ બુટલેગરો રોજીંદા ૫૦ હજારથી વધુ કમાણી કરે છે. વિદેશી દારૂના બુટલેગરો જ માવસરી પોલીસ માટે કમાણીનું સાધન છે. હાલની તારીખમાં માવસરી, તખતપુરા, મી.ચારણ, દૈયપ, કાસવીના કાચ માર્ગો ઉપરથી બેરોકટોક વિદેશી દારૂની ગાડીઓ ઘુસી રહી છે. જો કે તાજેતરમાં માવસરી પોલીસ સ્ટેશનના એએસઆઈને વિદેશી દારૂના બે બિયરની બોટલના મુદ્દે જિ.પો.વડાએ સસ્પેન્ડ કરી દીધા છે. ત્યારે હવે જિ.પો.વડા માવસરી કસ્ટમ રોડની જાત તપાસ કરશે તો અન્ય મોટા માથા પકડાઈ શકે છે. લોકમુખે ચર્ચાતી વાતો અનુસાર માવસરી સરહદેથી દારૂ ઘુસાડતા બુટલેગરો માવસરી પોલીસ અને બોર્ડર પોલીસને જોઈએ તેટલા નાણા ચૂકવે છે. માવસરી પોલીસને ક્રાઈમ ગુના ઉકેલવામાં રસ નથી તેનાથી વધુ રસ બુટલેગરોની યાદી બનાવામાં અને ચકાસવામાં છે. અત્રે ઉલ્લેખનીય છે કે આંતરરાષ્ટ્રીય- આંતરરાજ્ય આ સરહદી સીમા પરથી વિદેશી દારૂના ઓથા હેઠળ ઘાતક શસ્ત્રો ડ્રગ્સ જેવા કેફી દ્રવ્યોની પણ હેરાફેરી થઈ શકે છે. ભુતકાળમાં આ વિસ્તારમાંથી કેટલીયે ઘટનાઓ પ્રકાશમાં આવી છે.

આ કસ્ટમ રોડ ઉપર વિદેશી દારૂના ઓથા હેઠળ મોતનો સામાન, ઘાતક હથિયારો- ડ્રગ્સ કે પછી આંત-કવાદીઓ ના ઘૂસી જાય તેનું સ્થાનિક પોલીસ તંત્રે ધ્યાન રાખવું જરૂરી છે. નહીતર પછી માવસરીનો આ કસ્ટમ રોડ ગુજરાત માટે ખતરાની ઘંટડી સમાન બની જશે.

### ડીસા સહિત...

**પાના નં.૮ ચાલુ**

વધી ગઈ હતી. લગ્નની સળંગ એક માસની સિઝનમાં મંડપ ડેકોરેશન, બેન્ડવાજા, ડી.જે. તથા ફુલબજાર, કેટરીંગ, ટ્રાવેલીંગ, ફોટોગ્રાફી સહિત કરીયાણાના સીધુ સામાનના વેપારીઓ, ખાદ્યતેલ, ઘી તથા પ્રિન્ટીંગ, રેડીમેડની દુકાનો, વસ્ત્ર બજાર, પગરખા બજાર અને સોની બજારના વેપારીઓને તડાકો પડી જવા પામ્યો છે. તો વળી લગ્નમાં વિધિ કરાવતા ગોર મહારાજ બ્રાહ્મણોની પણ બોલબાલા વધી ગઈ છે. હજુ વૈશાખ માસના કૃષ્ણ પક્ષમાં પણ અનેક લગ્નોના મુહુર્ત હોવાથી લગ્નોની સિઝન યથાવત રહેવા પામી છે.

## આરાધના

### અનુસંધાન ૫ નું ચાલુ

જેનું કથન કરીને માન્ય ગણે છે અને જેની પ્રાપ્તિની ઈચ્છા કરીને ઋષિઓ બ્રહ્મચર્યાશ્રમનું પાલન કરે છે તે નામ ઓમ્ છે.

જે સર્વને શિક્ષા દેનારો, સુક્ષ્મથી સુક્ષ્મ, સ્વપ્રકાશ સ્વરૂપ, સમાધિસ્થ બુધ્ધિથી જાણવા યોગ્ય છે તે પરમ પુરૂષ પરમેશ્વર છે તે સ્વપ્રકાશીત હોવાથી અગ્નિ, વિજ્ઞાન સ્વરૂપ હોવાથી મનુ, સર્વના પાલન કરવાવાળા હોવાથી પ્રજાપતિ અને પરમેશ્વર્યવાન હોવાથી ઈન્દ્ર, સર્વનું જીવનમુલ હોવાથી પ્રાણ અને નિરંતર વ્યાપક હોવાથી તે પરમેશ્વરનું નામ બ્રહ્મ છે. સર્વ જગતની ઉત્પત્તિનું કારણ હોવાથી બ્રહ્મા, સર્વત્ર વ્યાપક હોવાથી વિષ્ણુ, દુષ્ટોને દંડ દેવાવાળા હોવાથી રૂદ્ર અને મંગલમય અને કલ્યાણ કરતા હોવાથી તેનું જ નામ શિવ છે. આવો ૐ રૂપી પરમતત્વની આરાધના કરતાં શીખવાનું છે..

**નાથાલાલ બ્રહ્મક્ષત્રિય**

## ચિંતન...

### અનુસંધાન ૫ નું ચાલું

પણ બીજા જીવો માટે પણ એટલે હું સતત ગડમથલ એવી જ કરૂં કે મારો સ્વાર્થ સિદ્ધ થાય બીજાનું જે થવું હોય તે ભલે થાય. આવી આંધળી ગડમથલ દોડ પર્યાવરણ માટે ભયંકર સાબીત થાય છે. આપણે લોકશાહી શાસનમાં જીવીએ છીએ તો શાસકો તો પોતાના યેનકેન પ્રકારના સ્વાર્થમાં અંધ બનીને રહેવાના પણ પ્રજા વિસ્તારના હીતમાં આપણું કંઈક કર્તવ્ય બને છે કે આવા લોકોને સતત જાગૃત રહી જાગૃત રાખીએ. કાળઝાળ ગરમી, પીવાના પાણીની અછત વચ્ચે આગામી લોકસભાની ચૂંટણી પ્રજા, સરકારી તિજોરી માથે ભારણરૂપ બનીને સરળતાથી કેવી રીતે જીતી શકાય તેવા પેંતરા રૂપ જળસંચય અભિયાન શરૂ થયું છે. આવા ફતવા પ્રજા વિસ્તારના નામે પહેલાંય થતા હતા, દુષ્કાળ પડયો ન હોય ત્યાં ગરીબો, પછાત વિસ્તારના નામે દુષ્કાળગ્રસ્ત વિસ્તાર જાહેર કરાવવા માટે નેતાઓ, અધિકારીઓની 'સંવેદના' બેઠકો થાય.થોડું ઘણું નાટક થયા પછી દુષ્કાળગ્રસ્ત વિસ્તાર જાહેર પણ થઈ જાય. પ્રજાને વિસ્તારને શું મળે ? મહેનતની બે ટંકની રોટલીને વિસ્તારને રોડની સાઈડના દશ બાય દશ કે તેનાથી મોટા ખાડા આ તરકટોમાં છેવટે લુંટણખોરી જ હોય છે. ખેડૂતોના નામે ટેકાના ભાવે ખરીદી મગફળી, અડદને બીજામાં ભુતકાળમાં મોટું થઈ ગયું. હવે રાયડામાં પણ એટલે પીડીતના નામે જ કૌભાંડ સર્જાય છે. જેમાં પ્રજા હોય કે વિસ્તાર.. પાણી, રોડ, રસ્તા, વૃક્ષારોપણ, તળાવો, નવસાધ્ય શું વિચારો છો ? આ બધામાં મોટી ખાઈકી જગજાહેર ચાલે છે. ગુજરાતમાં દારૂબંધીનો કડક અમલ ચાલે છે જે તમારી આસપાસમાં પોલીસની કડકાઈ જોઈ જ રહ્યા છોલ ને હવે જો વીસ લાખથી વધુ દારૂ પકડાશો તો બુટલેગરની સંપત્તિ ટાંચમાં લેવામાં આવશે. સરકારને ગૃહખાતું બહુ કડક બન્યું.. તો બિચારા બુટલેગરો કયાં વીસ લાખનો ભેગો માલ વેચે છે. જ્યાં પકડાય તેમાં વાહનની કિંમત તો હોય છે ને જ્યાં મોટો જથ્થો પકડાય ત્યાં બુટલેગર કોણ તે નક્કી એ થતું નથી. એટલે બહુ વિચારવાનું નથી. આ અસર હવે પવિત્ર ગણાતા શિક્ષણ વિભાગમાંય આવી છે. ઠેર ઠેર હાટડી કોણ કોને પુછે છે ? ફી બાબતે વાલીઓનો હોબાળો કયાં ચાલે છે ?ગત શનિવારથી ઉનાળુ વેકેશનનો પ્રારંભ થઈ ગયો પણ લુંટણખોર હાટડીઓ તો વેકેશનમાં ચાલે છે. કોણ પગલાં ભરે ? વાચક મિત્રો શાળાઓમાં વેકેશનખ તો જાહેર રસ્તા પર બપોરના બાર પછી સૂર્ય નારાયણના પ્રકોપના કારણે.. આ બધું ચાલ્યે જ રાખવાનું.. ભ્રષ્ટાચાર, મોંઘવારી, ભેળસેળ, સટોડીયા બાબતે કોઈ નહીં બોલે.. મૌન અને અતિ બોલવામાં જ બધું સમય મર્યાદામાં પુરૂં થઈ જશે. ટુંકમાં સમય સમયનું કામ કરી રહ્યો છે. જય હો.. આપણા જળસંચય અભિયાનના પ્રણેતા નેતાઓ અને તેનો લાભ લેનાર...!! ગૌશાળામાં ગાય માતાના નામે તો ને છતાં જાહેર માર્ગો પર આતંક તો ગૌ-ગૌવંશનો જ છે.. જો સમજાય તો અસ્તુ....

**.યશપાલસીંહ ટી. વાઘેલા મો.૯૪૨૮૬૭૮૬૯૯**

## સૌરભ...

### અનુસંધાન ૫ નું ચાલું

ઘેરી વળે છે.બધા લોકો આપણાથી દુર ભાગે છે.આવુ ભયંકર જીવન બનાવી દઈએ છીએ.પોતેજ પોતાનાથી દુર ભાગવાની કોશિષ કરે છે.આપણે એકવાત સદા યાદ રાખીએ રાઈટ વે પર ચાલતાં ચાલતાં મંજિલ પર પહોંચવામાં વાર ભલે લાગે પરંતુ જરૂર પહોંચી જવાનો જો રસ્તો ખોટો હોય તો ગમે તેટલી સ્પીડ પણ કોઈ કામની નહીં.અને સાચો માર્ગ હોય તો ધીમી ગતિએ ચાલતાં પણ શ્રેષ્ઠ મંજિલને હાંસિલ કરી શકીએ છીએ.માટે આપણે પરખવું પડે કે આપણે જે સંગમાં છીએ તે સંગ કેવો છે ? ઘણીવાર બાહરથી દેખાવ કરતા લોકોના અંદર વિચારો, કર્મ, સંસ્કાર ખૂબજ ઊંચા હોય છે.આપણે આવા સંગમાં રહીશું તો ચોક્કસ તો આજે નહી તો કાલે આપણા જીવનને શ્રેષ્ઠ બનાવી શકશું.સંગની કેટલી અસર છે તે દર્શાવતાં એક કવિએ ખૂબ સરસ કહ્યું છે કે

"સંગત શોભા પાઈએ સંગત શભા દેત વોહી કાજલ ઠીકરી ઔર વોહી કાજલ નૈન છોટીસી યે તોટકી પાની પીએ ન કોઈ પર જાએ મિલે જો ગંગામેં તો ગંગેતર હોય.આસમાન સે બુંદ ટપકતી હૈ વો બુંદ જમી પર ગિરે જાયે તો જમી મેં ગર્ક હો જાતી હે.જલતે તવે પર ગિરે તો જલકર ભસ્મ હો જાતી હૈ.વહી બુંદ કેલે કે ગર્ભ મેં જાકર ગિરે તો કપૂર બન જાય.સાંપ કે મૂંહ મેં ગિરે તો જહર બન જાતી હૈ કમલ કે પત્તે પર ગિરે તો મોતી બન જાતી હૈ."

એકજ પાણીના ટીંપાને જેવો સંગ લાગે તેમ તેનું મૂલ્ય વધુ કે ઓછું છે.તે આ કવીની સુંદર વાતથી આપણે સારી રીતે સમજી શકીએ છીએ.ઘણા લોકોએ જેણે અંદરથી જ ક્યારેય ન સુધારવાનો દૃઢ સંકલ્પ લીધો છે તો તેને ગમે તેવો સારો સંગ મળે તો પણ પરિવર્તન શક્ય નથી

**બી.કે. નીતાબેન**

# સ્થાનિક બજાર ભાવ

| | |
|---|---|
| **ચોકસી બજાર**(કીલોના) | |
| **ચાંદી ચોરસા ૩૯૦૦૦-૩૯૫૦૦** | |
| રૂપુ કાચું | **૩૯૦૦૦- ૩૯૫૦૦** |
| સોનુ તોલો | ૩૧૮૦૦-૩૨૦૦૦ |
| **તેલ બજાર** | |
| **રાધે પામોલીન** | **૧૨૦૦** |
| પામોલીન | ૧૧૮૦ |
| સોયા રીફાઈન | ૧૪૧૦ |
| રાયડાતેલ ૧૫કી. | ૧૧૨૦-૧૨૫૦ |
| **સીંગતેલ૧૫ કી.** | **૧૪૬૦-૧૫૦૦** |
| સીંગતેલ ૧૫ લી. | ૧૩૮૦ |
| **સીગતેલ ૫ લી.** | **૪૬૩-૪૬૫** |
| તિરૂપતી કપા. | ૧૩૬૦ |
| ૫ લીટર | ૪૩૨ |
| વનસ્પતિ ઘી | ૧૦૪૦-૧૨૦૦ |
| કોપરેલ ૧૫ કિલો | ૩૩૦૦ |
| ૫ કે. કોપરેલ | ૧૧૫૦ |
| ૫લી. અંકુર સીંગતેલ | ૪૬૫ |
| **૧૫ લીટર સનફલાય** | **૧૩૩૦** |
| ટાયગર રાયડા તેલ ૧૫ કી. | ૧૨૪૦ |
| ૫ લી. | ૩૪૫ |
| ૨ લી. | ૧૬૦ |
| **ચોખા-દાળ બજાર** | |
| (૧૦૦ કીલોના ભાવ) | |
| કીચન ચેમ્પીયન કલાસીક | ૮૫૦૦ |
| કીચન ચેમ્પીયન સુપર | ૭૭૦૦ |
| કીચન ચેમ્પીયન તીબાર | ૭૨૦૦ |
| કીચન ચેમ્પીયન દુબાર | ૬૯૦૦ |
| કીચન ચેમ્પીયન રોજાના | ૬૫૦૦ |
| કીચન ચેમ્પીયનમીની દુબાર | ૫૮૦૦ |
| કીચન ચેમ્પીયન મોગર | ૪૮૦૦ |
| કીચન ચેમ્પીયન મીની મોગરા | ૪૪૦૦ |
| કીચન ચેમ્પીયન મીની મોગરા | ૩૯૦૦ |
| કીચન ચેમ્પીયન બ્રોકન | ૩૦૦૦ |
| દાવત ૧૧૨૧ કલાસીક | ૯૫૦૦ |
| દાવત ૧૧૨૧ કલાસીક | ૯૫૦૦ |
| દાવત સ્પેસીયલ | ૭૮૦૦ |
| દાવત | ૭૭૦૦ |
| દાવત તીબાર | ૭૭૦૦ |
| દાવત દિલખુશ | ૭૮૦૦ |
| દાવત રોજાના | ૬૮૦૦ |
| દાવત મોગરા | ૪૮૦૦ |
| દાવત મીની મોગરા | ૪૦૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૨૫ કી. | ૧૪૦૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧૦ કી. | ૧૪૨૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૫ કી. | ૧૪૨૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧ કી. | ૧૪૪૦૦ |
| ઈ.ગેટ સુપર ૨૫+૫ કી. | ૧૧૨૦૦ |
| ઈ.ગેટ સુપર ૧૦ કી. | ૧૧૨૦૦ |
| ઈ.ગેટ સુપર ૫ કી. | ૧૧૬૦૦ |

| | |
|---|---|
| ઈ.ગેટ સુપર ૧ કી. | ૧૦૭૦૦ |
| ઈ.ગેટતીબાર ૨૫ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ તી બાર ૧૦ કી. | ૮૧૦૦ |
| ઈ.ગેટતીબાર ૫ કી. | ૮૫૦૦ |
| ઈ.ગેટતીબાર ૧ કી. | ૮૫૦૦ |
| ઈ.ગેટ દુબાર ૨૫ કી. | ૭૫૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧૦ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ દુબાર ૫ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧ કી. | ૮૦૦૦ |
| દુન પ્રીમીયમ | ૯૦૦૦ |
| દુન તીબાર ૨૫ કી. | ૭૭૦૦ |
| દુન તીબાર ૧૦ કી. | ૭૨૦૦ |
| નર્મદા મગ પોલીસ | ૫૯૫૦ |
| મગદાળ નર્મદા સુપર | ૬૦૦૦ |
| નર્મદા મગ મોગર | ૬૬૦૦ |
| મગમોગરનર્મદાપ્રીમી | ૬૯૦૦ |
| નર્મદા અડદદાળ | ૬૦૦૦ |
| ઈન્ડિયા ગેટ મીની જુના | ૪૫૦૦ |
| ઈન્ડિયા ગેટ મોગરો | ૪૪૦૦ |
| ઈન્ડિયા ગેટ કણકી | ૨૮૦૦ |
| ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા | ૬૮૦૦ |
| તુવરદાળ કૃષ્ણા | ૭૦૦૦ |
| તુવરદાળ રેંટીયો કિ.૫ | ૯૦૦૦ |
| તુવરદાળ ખીડીયાર | ૬૧૦૦ |
| લાલ કીલ્લો મેજીસ્ટીક | ૯૦૦૦ |
| લાલ કીલ્લો પ્રીમીયમ | ૮૦૦૦ |
| લાલ કીલ્લો તીબાર | ૭૦૦૦ |
| લાલ કિલ્લો દુબાર | ૫૫૦૦ |
| લાલ કિલ્લો મોગરો | ૪૫૦૦ |
| હેરીટેઝ એક્ષએક્ષએલ | ૯૦૦૦ |
| હેરીટેજ તીબાર | ૮૦૦૦ |
| હેરીટેજ દુબાર | ૬૨૦૦ |
| હેરીટેજ મીની દુબા | ૫૦૦૦ |
| કાયનાત પોપુલર | ૬૪૦૦ |
| કાયનાત સુપર | ૮૧૦૦ |
| કાયનાત | ૬૮૦૦ |
| કાયનાત પ્રીમીયમ | ૮૮૦૦ |
| રાજા બાસમતી | ૪૦૦૦ |
| કુરૂક્ષેત્ર | ૫૮૦૦ |
| પરી નં.૧ | ૯૨૦૦ |
| પરી નં. ૭ તીબાર | ૮૨૦૦ |
| પરી સુપર દુબાર | ૭૪૦૦ |
| કાયનાત ખેનીટાઈમ | ૭૨૦૦ |
| એપ્પલ પ્રીમીય | ૪૮૦૦ |
| ઓરેન્જ | ૬૦૦૦ |

| | |
|---|---|
| દાવત અપ્સરા | ૫૦૦૦ |
| જીરાસર ચંદન | ૩૮૦૦ |
| ચણાદાળ ૪૪૪ | ૭૧૦૦ |
| મગદાળ સમરદીપ | ૭૨૦૦ |
| મગમોગર રીયલ | ૮૦૦૦ |
| અડદદાળ અક્ષર | ૮૩૦૦૦ |
| મગ | ૫૭૦૦ |
| અંગુર તુવેરદાળ | ૭૪૦૦ |
| અંગુરતુવેરદાળઆયાતી | ૬૪૦૦ |
| ગાય છાપ તુવેરદાળ | ૬૦૦૦ |
| કિસાન તુવેરદાળ | ૬૨૦૦ |
| પરખ ગોલ્ડ પ્રીમીયમ | ૬૦૦૦ |
| પરખ સ્પેશીયલ | ૫૨૦૦ |
| લાલપરી તીબાર જુના | ૪૨૦૦ |
| લાલપરી દુબાર જુના | ૩૮૦૦ |
| લાલપરી સ્પેશી.નવા | ૪૪૦૦ |
| લાલપરી દુબાર નવા | ૩૯૦૦ |
| રોયલ ટેસ્ટ બાસમતી | ૪૦૦૦ |
| લાલમંદિર બાસમતી | ૩૬૦૦ |
| **ખાંડ બજાર** | |
| (બોરીના ભાવ) | |
| **ખાંડ એસ.** | **૨૮૯૫૦-૨૯૦૦** |
| **ખાંડ એમ.** | **૩૦૦૦-૩૧૫૦** |
| ખાંડએલ. | ૩૦૫૦-૩૧૦૦ |
| **ચા-બજાર** | |
| સુરજ છાપ ચા | ૩૦૦ |
| હરણ છાપ ચા | ૨૨૦ |
| **આખા મરચાં-હળદર** | |
| હળદર આખી રાજાપુરી | ૭૦-૧૨૦ |
| હળદર આખી રાજાપુરી ગટ્ટા | ૧૦૦-૧૪૦ |
| હળદર આખી સેલમ | ૯૦ |
| હળદર તળેલી સાંગલી | ૮૦ |
| મરચા વન્ડર હાટ | ૨૦૫૦ |
| મરચા વન્ડર મીડીયમ | ૧૭૦૦ |
| મરચા તેજા | ૧૮૦૦ |
| મરચું ગંતુર મીડીયમ | ૧૯૦૦-૨૦૦૦ |
| મરચા ટોમેટો | ૨૨૦૦ |
| મરચા ટોમેટો મીડીયમ | ૧૯૦૦ |
| કાશ્મીરી | ૯૦ |
| કાશ્મીરી મમરી | ૯૦ |
| સુપર પટની | ૧૦૫ |
| સુપર રજવાડી | ૧૯૦ |
| મરચા ડેડીકટ | ૧૨૫ |
| મરચાં | ૫૮૦૦ |
| **ગોળ બજાર** | |
| વડેચા ગોલ્ડ ૧૦ કે | ૪૪૦૦ |
| વડેચા રજી ૧૦ કે. | ૪૬૦૦ |
| વડેચા ૫ કી. | ૪૮૦૦ |
| વડેચા ૧ કી. | ૫૦૦૦ |
| વડેચા ૨૫૦ ગ્રામ | ૫૦૦૦ |
| સાંગલી ૧૦ કે. | ૪૩૦૦ |

| | |
|---|---|
| **ખોળ બજાર** | **૯૫૦-૧૦૦૦** |
| દાણ ૭૦ કી.ગ્રા. | ૯૫૦-૧૦૦૦ |
| મોરબી ખોળ | ૧૦૫૦-૧૧૦૦ |
| જીરાળુ | ૧૪૨૦ |
| ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. | ૯૨૦-૧૫૪૦ |
| મકાઈ ૩૫ કી.ગ્રા. | ૫૧૦ |
| જવ ભરડો ૩૫ કી.ગ્રા. | ૫૭૦ |
| **પરચુરણ** | |
| સોજી | ૭૮૦ |
| મેંદો | ૭૫૦ |
| શ્રીફળ એમ. | ૧૨૮૦ |
| નિરમા સાબુ | ૫૨૫ |
| મેદી | ૬૦-૧૦૦ |
| અજમો | ૧૪૦-૧૭૦ |
| સાકરીયા | ૩૮૦૦ |
| ખાંડ બુરૂ | ૪૦૦૦ |
| કોકમ ફુલ | ૧૮૦ |
| એલચી | ૧૧૦૦-૧૪૦૦ |
| મોરૈયો | ૬૫-૮૦ |
| તલ | ૯૦-૧૦૦ |
| ખસ-ખસ | ૩૫૦-૫૮૦ |
| સીંગદાણા | ૬૫-૮૦ |
| **શાકભાજી(૨૦ કિલોના ભાવ)** | |
| દુધી | ૧૨૦ |
| સુકી ડુંગળી | ૧૮૦ |
| લસણ | ૩૦૦ |
| ધાણા | ૪૦૦-૫૦૦ |
| મરચાં | ૫૦૦-૬૦૦ |
| લીંબુ | ૧૪૦૦ |
| અડવી પત્તા | ૨૦૦-૩૦૦ |
| આદુ | ૧૫૦૦ |
| રીંગણ | ૩૦૦-૪૦૦ |
| ટામેટા | ૨૨૦ |
| **ભીંડા** | **૪૦૦-૫૦૦** |
| કોબી | ૧૨૦-૧૪૦ |
| વટાણા | ૧૫૦૦-૧૯૦૦ |
| ટીંડસા | ૫૦૦-૮૦૦ |
| ગવાર | ૩૦૦ |
| બાદશાહ બટાકા | ૩૨૦-૩૪૦ |
| **સાંગા બટાકા** | **૨૦૦- ૨૪૦** |
| તુવેર | ૮૦૦-૧૨૦૦ |

## શ્રધા અને સંસ્કાર...

### અનુસંધાન ૫ નું ચાલુ

વિચારોના વહેણ ઓસરી જતા હોય તેવું લાગે છે. નવી કમાણી કરવાની વાત તો બાજુમાં રહી પણ મેં મહેનત કરીને ભેગી કરેલી સંપત્તિને સાચવી રાખે તો ઘણું.. આ કુશલ ભણશે નહીં તો આગળ કેવી રીતે વધશે ?

શેઠાણીએ કહ્યું તમારો વ્યાપાર કરવા માટે કાંઈ બહુ ભણવાની જરૂર નથી. સારૂં બોલતાં આવડે તો ય ઘણું. ભણાવશો તો ખોટો કુશલનો સમય જ બગડવાનો છે. તમારી સાથે એને વ્યાપારમાં લઈ જાઓ, થોડું થોડું વ્યાપાર કરવાનું એને શીખવાડો. તો એ ભવિષ્યમાં આગળ પણ વધી શકે.

બપોરે ભોજન કરતી વખતે અચલ શ્રેષ્ઠીએ કુશલને કહ્યું, પુત્ર ! હવે મારે તને ભણાવવો નથી. બોલ તને ગમશે ? પિતાજીની વાત સાંભળીને કુશલને તોભાવતું તું નેવૈદ્યે કીધું ખુબ ખુશ થઈ ગયો.તેણે કહ્યું, 'હા પિતાજી! આપ જે કહેશો તે કરીશ પણ મને ભણવાનું બંધ કરાવો.'

સારૂં કાલથી તારે મારી સાથે વ્યાપાર શીખવા માટે દુકાનમાં આવવું પડશે ત્યાં તારાથી થાય એટલો વ્યાપાર કરજે..' કુશલે હા કહી.(ક્રમશઃ) **પં.રાજપદ્મ વિજયજી**

**રખેવાળ** ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરીક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :...................... પતિ/પિતા :......................

માતા : ......................જ.તા. ...............ઉ.વ.

પરિચયઃ ..........................................................

સરનામુ : ........................................................

મોકલનારની સહી : ............................................

## રાધનપુરમાં ચૌધરી સમાજના અઢારમા સમુહ લગ્નોત્સવમાં ૫૭ યુગલોએ પ્રભુતામાં પગલાં પાડયા


કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુરમાં શ્રી આંજણા ચૌધરી સમાજ સમુહલગ્ન સમિતિ દ્વારા આદર્શ વિદ્યાલય સંકુલમાં અઢારમો સમૂહ લગ્નોત્સવ યોજાઈ ગયો,જેમાં સમારંભના અધ્યક્ષસ્થાને રાજયના પૂર્વ આરોગ્ય મંત્રી અને બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીએ ખાસ હાજર રહીને નવદંપતીઓને તેમનું દામ્પત્યજીવન સુખી રહે તેવી શુભકામનાઓ પાઠવીને સમાજમાંથી કુરિવાજો અને વ્યસનને જાકારો આપવા અનુરોધ કર્યો હતો. આ સમુહલગ્નોત્સવનું આયોજન સમિતિના પ્રમુખ ગાંડાભાઈ ચૌધરી(દૈસર),મંત્રી પરબતભાઇ ચૌધરી (વરસડા), અને તેમની ટીમ તેમજ માર્કેટયાર્ડના ચેરમેન અમથાભાઈ ચૌધરી,બનાસ ડેરીના ડિરેક્ટર કરશનભાઇ ચૌધરી,સંસ્થાના પ્રમુખ વીરાભાઇ ચૌધરી,મંત્રી ખેતાભાઈ ચૌધરી,યુવક મંડળના પ્રમુખ ભરતભાઈ ચૌધરી,મંત્રી રામજીભાઈ ચૌધરી તેમજ વડીલો-યુવાન ભાઈ-બહેનો અને કાર્યકરોએ સહકારથી કાર્યક્રમને સફળતા અપાવી હતી.આંજણા ચૌધરી સમાજના દિલેર દાતાઓએ ઉદાર હાથે દાનનો પ્રવાહ વહાવીને છવ્વીસ લાખ રૂપિયા જેટલો માતબર ફાળો આ પ્રસંગમાં આપ્યો હતો.જેમાં ભોજનદાતા જેવતભાઈ ગોવાભાઈ, રણછોડભાઈ, રમેશભાઈ પરિવાર ફુલપુરા તરફથી રૂ.૩૫૧૦૦૦, સહ-ભોજનદાતા લાગધીરભાઈ ભગવાનભાઇ,પરબતભાઇ પરિવાર વડનગર તરફથી રૂ.૨ લાખ,મંડપદાતા શ્રીમતી આશાબેન રમેશભાઈ ભેમાભાઈ ઉદ્યોગપતિ-અમદાવાદ મુ.માધપર તા. સુઈગામ તરફથી રૂ.૧,૫૧,૦૦૦નું દાન મળ્યું હતું.આ સમુહ લગ્નોત્સવમાં સમાજના ૫૭ યુગલોએ પ્રભુતામાં પગલાં પાડી નવજીવનની શરૂઆત કરી હતી.આ પ્રસંગે પૂજ્ય સંતોએ ઉપસ્થિત રહીને નવદંપતીઓને આશીર્વચન આપી કાર્યક્રમને પાવન બનાવ્યો હતો. આંજણા ચૌધરી સમાજના રાધનપુર, સાંતલપુર, સમી, હારીજ, ભાભર,દિયોદર,કાંકરેજ,પાટણ,વાગડ પંથકમાંથી મોટી સંખ્યામાં ભાઈ-બહેનો હાજર રહ્યા હતા.

## વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| | ડીસા | જીરૂ | ૨૪૬૧-૩૦૦૦ |
| ઘઉં | ૩૧૦-૪૨૦ | મેથી | ૬૫૧ |
| બાજરી | ૨૪૦-૨૭૫ | વરીયાળી | ૧૦૦૦-૧૨૨૦ |
| રાજગરો | ૧૧૦૦-૧૨૩૧ | રાજગરો | ૧૦૨૧-૧૨૨૧ |
| ગવાર | ૬૭૬ | અજમો | ૧૦૮૧ |
| જીરૂ | ૨૧૫૦-૨૭૬૧ | ચીકુડી | ૧૨૦૦-૧૨૯૦ |
| તમાકુ | ૯૫૧-૧૩૬૫ | | ભીલડી |
| એરંડા | ૭૬૦-૭૭૫ | એરંડા | ૭૫૦-૭૭૧ |
| રાયડો | ૭૦૦-૭૨૧ | રાયડો | ૬૨૧-૬૮૫ |
| | પાલનપુર | રાજગરો | ૧૧૦૦-૧૧૯૫ |
| રાજગરો | ૧૦૦૦-૧૨૧૯ | બાજરી | ૨૩૫-૨૬૩ |
| ઘઉં | ૩૦૮-૩૭૩ | ઘઉં | ૨૯૦ |
| બાજરી | ૨૩૦-૨૬૫ | તમાકુ | ૧૧૨૫-૧૧૬૫ |
| એરંડા | ૭૬૦-૭૭૫ | | થરા |
| રાયડો | ૬૭૫-૭૦૫ | જીરૂ | ૨૩૮૦-૩૦૯૦ |
| વરી. | ૧૦૦૦-૨૧૧૦ | એરંડા | ૭૬૫-૭૮૫ |
| | લાખણી | રાયડો | ૬૮૦-૭૨૦ |
| અજમો | ૧૨૬૬ | ઘઉં | ૩૦૫-૪૦૦ |
| એરંડા | ૭૭૦-૭૭૫ | બાજરી | ૨૪૦-૨૭૦ |
| રાયડો | ૬૯૪-૭૦૩ | સુવા | ૭૩૦-૮૭૦ |
| વરી. | ૧૧૫૦-૧૩૭૦ | વરી. | ૯૨૫-૧૪૩૫ |
| રાજગરો | ૧૧૨૫-૧૧૭૧ | | સિધ્ધપુર |
| બાજરી | ૨૭૧ | જીરૂ | ૨૫૫૦-૨૬૨૦ |
| જીરૂ | ૨૭૦૦ | વરીયાળી | ૧૧૫૦-૧૨૪૦ |
| ઈસ. | ૧૩૦૦-૧૩૫૮ | ઈસ. | ૮૦૦-૧૦૬૧ |
| | પાંથાવાડા | રાયડો | ૬૫૫-૭૪૯ |
| રાજગરો | ૧૧૨૫-૧૧૮૦ | એરંડા | ૭૩૨-૭૮૧ |
| ઈ.ગુલ | ૧૧૧૧-૧૨૬૦ | ગવાર | ૬૫૦-૬૭૦ |
| વરીયાળી | ૧૧૩૫- ૧૧૩૧ | મેથી | ૪૭૧-૫૯૬ |
| જીરૂ | ૨૬૫૧-૨૭૬૫ | ઘઉં | ૨૮૦-૪૦૦ |
| ગવારા | ૬૭૧- ૬૭૨ | બાજરી | ૨૧૭-૨૬૦ |
| એરંડા | ૭૫૦- ૭૭૫ | જવ | ૨૮૭-૩૧૩ |
| રાયડો | ૬૫૦-૭૧૦ | સવા | ૬૫૦-૮૩૧ |
| | નેનાવા | | પાટણ |
| ઘઉં | ૨૫૦-૩૩૫ | જીરૂ | ૨૨૫૦-૨૭૮૫ |
| બાજરી | ૨૩૦-૩૫૫ | વરીયાળી | ૧૦૫૦-૧૪૩૪ |
| રાજગરો | ૯૦૦ | મેથી | ૪૦૦-૬૩૦ |
| ધાણા | ૧૦૫૧ | સુવા | ૭૦૦-૯૧૭ |
| અસાળીયો | ૬૮૫-૭૦૦ | રાયડો | ૬૦૦-૭૩૯ |
| તારામીરા | ૭૧૧-૭૫૨ | એરંડા | ૭૫૫-૭૭૪ |
| ચીકુડી | ૧૦૦૦-૧૧૯૧ | ઈસ. | ૧૦૭૦-૧૨૪૦ |
| અજમો | ૯૬૦-૧૪૬૧ | અજમો | ૯૫૧-૧૦૪૨ |
| ગવાર | ૬૭૦ | ઘઉં | ૩૦૩-૫૦૧ |
| વરી. | ૯૦૦-૧૨૪૯ | બાજરી | ૨૫૧-૨૬૬ |
| સુવા | ૭૭૫-૮૬૧ | બંટી | ૩૫૦ |
| મેથી | ૪૫૦-૫૩૧ | ગવાર | ૬૫૧-૬૮૯ |
| રાયડો | ૬૮૦-૭૧૬ | કપાસ | ૭૫૦-૧૧૧૪ |
| એરંડા | ૭૪૮-૭૬૬ | | થરાદ |
| ચણા | ૫૬૦ | રાયડો | ૭૦૦-૭૩૬ |
| સરસવ | ૭૫૦-૮૦૫ | જીરુ | ૨૫૦૦-૩૦૫૦ |
| જીરૂ | ૨૫૦૦-૨૮૭૦ | સોવા | ૮૦૦-૮૪૪ |
| ઈસ. | ૧૧૪૫-૧૬૦૧ | ચિકુડી | ૧૦૭૦-૧૩૦૦ |
| | ધાનેરા | એરંડા | ૭૬૩-૭૭૮ |
| ઘઉં | ૨૯૫-૩૭૬ | ઈસબગુલ | ૧૦૦૦-૧૫૫૦ |
| બાજરી | ૨૫૧-૨૮૦ | વરીયાળી | ૯૭૬-૧૨૯૦ |
| જવ | ૨૯૫ | અજમો | ૧૨૦૦-૨૨૫૦ |
| જુવાર | ૩૧૫ | મેથી | ૪૯૦-૬૨૫ |
| ગવાર | ૭૦૦-૭૧૦ | ગવાર | ૬૯૦-૭૧૬ |
| રજકો | ૨૬૨૫ | | રાહ |
| સરસવ | ૭૦૦-૮૦૧ | રાયડો | ૬૯૦-૭૧૦ |
| રાયડો | ૬૫૦-૭૨૪ | એરંડા | ૭૭૦-૭૮૦ |
| એરંડા | ૭૬૦-૭૭૩ | ચીકુડી | ૧૦૫૦-૧૩૧૦ |
| સુવા | ૭૮૧-૮૫૬ | બાજરી | ૨૭૦-૩૨૦ |
| ઈસ. | ૧૦૦૦-૧૪૮૦ | સોવા | ૮૦૦-૮૪૦ |

## પાટણ ખાતે શ્રી બાર પરગણાં ગુર્જર પ્રજાપતિ સમાજનો ૧૭ મો સમૂહલગ્નોત્સવ યોજાયો



થરા

ગરવી ગુજરાતની પુરાતન ઐતિહાસિક પાટણ નગરી રચના માર્બલ ફેક્ટરીનાં પટાંગણમાં રવિવારના રોજ શાસ્ત્રી ડૉ. અમિતભાઈ આઈ. ઓઝા (વેદપાઠી ,પાટણ ) ના તેમજ તેમના સાથી પંડિતોના મુખારવિંદે શાસ્ત્રોક્ત વિધિ- વિધાન મંત્રોચાર સાથે સૂર્યનારાયણ અને પવિત્ર અગ્નિની સાક્ષીએ પ્રજાપતિ સમાજના ૧૬ નવદંપતિઓ નૂતન જીવનની કેડીએ સમાજના સહિયારા આનંદ - ઉલ્લાસથી પ્રભુતામાં પગલાં પાડ્યા. ભોજન પ્રસાદ લઈ બપોરે સત્કાર સમારંભમાં ૧૬ નવદંપતિઓને પ.પૂ. સંતશિરોમણી સદારામ બાપુ ટોટાણા, પૂ.ભક્તશ્રી ભોજા ભગત ઉણ, પ.પૂ.સંત ભરતપુરી મહારાજ જનસેવા આશ્રમ મોટી ચંદુર, પ.પૂ.સંત સોહમમહારાજ રાજપુર આશ્રમ (થરા) આશીર્વચન આપેલ સમારંભના અધ્યક્ષ સ્થાને નવીનભાઈ એન. પ્રજાપતિ ( પ્રમુખ, બાર પરગણા ગુર્જર પ્રજાપતિ વિકાસ મંડળ, પાટણ), ઉદઘાક લીલાભાઈ ડી.પ્રજાપતિ ( પ્રમુખ શ્રી ઉતર ગુજરાત બાર ગોળ ગુર્જર પ્રજાપતિ સમાજ - સુરત ) , સન્માનિય મહેમાનોમાં ડૉ. કિરીટભાઈ સી.પટેલ ધારાસભ્ય પાટણ તથા આનંદ પટેલ કલેકટર પાટણ, મુખ્ય મહેમાનોમાં વીરચંદભાઈ મફાભાઈ પ્રજાપતિ - સરીયદ, ઘેલાભાઈ એલ.પ્રજાપતિ - ઓડિટર ઉ.ગુ.પ્રજાપતિ કે.મંડળ પાટણ, પ્રવીણભાઈ એચ. પ્રજાપતિ સાતુન, મહેન્દ્રકુમાર એચ. પ્રજાપતિ - મોટાજામપુર, બી.જી. પ્રજાપતિ - નિવાસી અધિક્ષક કલેકટર પાટણ , જી.જી.ઠક્કર (બેબા શેઠ બિલ્ડર તેમજ સમૂહલગ્ન સ્થળના દાતા), અતિથિ મહેમાન વિશેષો જયંતિભાઈ બી.પ્રજાપતિ - સહમંત્રી : શ્રી આઠ પરગણા ગુર્જર પ્રજાપતિ કેળવણી મંડળ રાધનપુર , કલ્યાણભાઈ મફાભાઈ પ્રજાપતિ સરિયદ હાલ - ભીલડી , ગં.સ્વ. રાજીબેન આર.પ્રજાપતિ - લુદ્રા , ગં.સ્વ.સજનબેન એસ.પ્રજાપતિ - ફોરણા મનસુખલાલ બી.ઓઝા - નિવૃત તલાટી કમ મંત્રી કુંવારદ , પુનાભાઈ પ્રજાપતિ - પ્રમુખશ્રી આઠ પરગણાં વઢિયાર ગોળ ગુર્જર પ્રજાપતિ સમાજ , ડૉ.ભગવાનભાઈ એન.પ્રજાપતિ, શ્રીમતિ અર્ચનાબેન સોમાભાઈ

પ્રજાપતિ (ઉપસચિવ, શિક્ષણ બોર્ડ , ગાંધીનગર) વિગેરેએ સ્ટેજની શોભા વધારેલ. સતરમાં સમૂહલગ્નમાં પ્રભુતામાં પગલાં પાડતાં ૧૬ નવદંપતિઓને દાતાઓ તરફથી નાની મોટી નવા મકાનનો વસવાટ કરે તેટલી ઘરવખરી આપવામાં આવેલ.

કાર્યક્રમની શરૂઆત પહેલાં એક નાની બાળા કેસરે ભ્રૂણ હત્યા અટકાવવા પોતાની કાલી ઘેલી ભાષામાં ૧ કલાક પ્રવચન આપેલ જે સાંભળી ઉપસ્થિત સભાખંડમાં બેઠેલ સન્નારીઆની આંખોમાંથી શ્રાવણ - ભાદરવો વહેવા માંડ્યો હતો. ઉપસ્થિત મહાનુભાવોનું શાલ, ફૂલહાર તેમજ મોમેન્ટોથી સન્માન શ્રી બાર પરગણાં ગુર્જર પ્રજાપતિ વિકાસ મંડળ, પાટણ મંત્રી દશરથભાઈ જી. પ્રજાપતિ, પ્રમુખ નવીનભાઈ એન. પ્રજાપતિ તેમજ કારોબારીઓએ કરેલ. સત્કાર સમારંભ નું સંચાલન અશોકભાઈ ત્રિવેદી , આશ્લેષા પરીખે - કરેલ.

## કહોડા ખાતે યોગેશ્વર ક્રેડિટ સોસાયટી દ્વારા પંચવિધ કાર્યક્રમ યોજાયો



સિધ્ધપુર

કહોડા ગામે યોગેશ્વર ક્રેડિટ સોસયટી તેમજ ઉમિયા ક્રેડીટ એન્ડ કન્ઝ્યુમર્સ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ પંચવિધ કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાનેથી બોલતા ઉત્તર ગુજરાત ક્રેડિટ સોસાયટી ફેડરેશનના એમ.ડી. જશુભાઈ પટેલે જણાવ્યું હતું કે, સહકારી આગેવાન સ્વ. આત્મારામ કાકાની જન્મ શતાબ્દી મહોત્સવ ઉપક્રમે આયોજીત પંચવિધ કાર્યક્રમો સમાજ માટે ખુબ જ ઉપયોગી છે. સોસાયટીએ રક્તદાન શિબિર દ્વારા એકઠુ કરેલ ૫૧ બોટલ લોહી જરૂરિયાતમંદ વ્યક્તિને જીવનદાન આપશે. વડીલ વંદના યોજના હેઠળ સિનિયર સિટીજનોનું સન્માન કરી તેઓને ગીતા, સાલ અને ગેડીની ભેટ આપી તે બાબત ખુબ જ આવકાર્ય છે. લક્ષ્મી સન્માન યોજના હેઠળ સભાસદને ત્યાં જન્મેલ પ્રથમ દિકરીને રૂા. ૫,૦૦૦/- અને બીજી દિકરીને રૂા. ૧૧,૦૦૦/- નું સર્ટીફિકેટ આપી ૨૨ દિકરીઓ અને તેમની માતાઓનું સન્માન કરાયું હતું. તેજસ્વી તારલાઓ, ચાલુ વર્ષે યુપીએસસી, જીપીએસસીમાં ઉત્તીર્ણ થયેલ, સરકારી નોકરીમાં જોડાયેલ કર્મચારીઓ તેમજ ૧૧ લશ્કરી સૈનિકોનું સન્માન કર્યુ. તે બાબત સમગ્ર ગામ માટે ગૌરવની વાત છે. અતિથિ વિશેષ પદેથી બોલતા નિવૃત્ત ઓડિટર્સ એસોસિએશન ગુજરાત રાજયના મહામંત્રી અંબાલાલ ભાઈ પટેલે જણાવ્યું હતું કે, કહોડા ગામની યોગેશ્વર ક્રેડીટ સોસાયટીનો શ્રેષ્ઠ છે સને.૨૦૧૪ માં રાજ્યમાં પ્રથમ નંબરે હતી.

સોસાયટીના પ્રમુખ અમૃતભાઈ કે.પટેલે સોસાયટીનો ૨૦ વર્ષનો વિકાસ અહેવાલ રજુ કર્યો હતો તેઓએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, સને.૨૦૨૩ રજત જયંતિ વર્ષ સુધીમાં સોસયટીનો નફો રૂા. ૧ કરોડે પહોંચશે તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, સોસાયટીના સભ્યોનું વિમા કવચ હાલમાં રૂા. ૭ લાખ છે તે વધારીને રૂા. ૧૦ લાખ કરાશે. ચાલુ વર્ષે મહત્તમ ૧૫% ડિવિડન્ડ જાહેર કરેલ છે. બન્ને સોસાયટીના વાર્ષિક અહેવાલ રજૂ કરાયા હતા જે સભાસદોએ મંજુર કર્યા હતા. કાર્યક્રમનું સુંદર સંચાલન સોમાભાઈ પેટેલ, નારાયણભાઈ પટેલ અને પોપટભાઈ પટેલે કર્યું હતું જયારે આભારવિધિ આર. કે.પટેલે કરી હતી.

## વિદ્યાનગરી-એમસીએ તથા બીસીએ કોલેજમાં ફેરવેલ પાર્ટીની ઉજવણી


સતીષ ભટ્ટ

હિમતનગર

તા.૨૫-૪-૨૦૧૮ સાબરકાંઠામાં ટેકનીકલ શિક્ષણના સૌથી મોટા સંકુલ વિદ્યાનગરીમાં એમસીએ તથા બીસીએના છેલ્લા સેમિસ્ટરના વિદ્યાર્થીઓ માટે કોલેજ તરફથી ફેરવેલ પાર્ટી આપવામાં આવી. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ ડૉ.ડી.એલ.પટેલે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓની કારકિર્દી ઉજ્જવળ થાય તેમજ ઉધ્વગતિ પામે તે માટે ના આર્શીવચન પાઠવ્યા. તેમજ કેમ્પસ ડાયરેક્ટર ડૉ.એચ.એ.પટેલ તથા એમસીએ પ્રિન્સીપાલ મિતેષ પટેલ તથા બીસીએ પ્રિન્સીપાલ વિશાલ ત્રિવેદીએ ઉદબોધન કરી વિદ્યાર્થીઓને મોટીવેશનલ તેમજ વ્યવહારિક માર્ગદર્શન આપ્યું. આ પ્રસંગે એમસીએ

તથા બીસીએ સ્ટાફ દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮ માં જીટીયુ તથા એચએન જીયુ ના રિઝલ્ટમાં મેળવેલ જવલંત સફળતા બદલ પ્રમુખ મારફતે સર્ટીફીકેટ આપી તમામ સ્ટાફનું બહુમાન કરવામાં આવ્યું. ૧૨૦ કરતા વધુ વિદ્યાર્થીઓએ વિવિધ રમતો તેમજ રાસ ગરબાનો લાભ લઈ સૌ કોઈ છુટા પડ્યા.

## વઢીયાર વિસ્તારના સમી-હારીજના તળાવો ઉંડા કરવા લોક માંગ

હારીજ

તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા સુજલામ સુફલામ યોજના અંતર્ગત વઢીયાર પંથકના હારીજ-સમી તાલુકાના તમામ શહેરી તથા ગ્રામ્ય તળાવો ઉંડા કરવાની માંગ ઉઠવા પામી છે.

હારિજ સમી તાલુકાના મોટા તળાવોમાં મોટી ચંદુરનું જનસેવા આશ્રમ પાસેનું તળાવ, અડીયા મહાદેવ મંદિર પાસેનું તળાવ, હનુમાન મંદિર હારિજનું રામજીમંદિર પાસેનું તળાવ, અન્યમોટા તળાવોના ખોદકામ કરીને તળાવોની માટી સરકારી કામોમાં ઉપયોગમાં લઈને તળાવો ઉંડા કરવાની લાગણી કરાઈ છેતાલુકાના દરેક મોટા તળાવોના અંદરની દિવાલો પત્થરથી મજબૂત બનાવીને તળાવો ઉંડા ખોદકામ કરાવીને જળસંચય પ્રક્રિયા યુધ્ધના ધોરણે વરસાદી ૠતુના માહોલ પહેલા જ તળાવો ઉંડા કરવા જોઈએ.

સરકારના સિંચાઈ વિભાગ નર્મદા વિભાગ પાણી પુરવઠા વિભાગ, ગ્રામ પંચાયતો, નગર પાલિકાઓ, મહાનગર પાલિકાઓ દ્વારા સંકલન ગોઠવીને રાજયના તમામે તમામ તળાવો ઉંડા કરવામાં આવશે તો પાણીની સમસ્યાને નિવારી શકાશે.

મહેસાણાના વડનગર પાસે

## સાબરમતી નદીમાં અમદાવાદના ૩ યુવકોનાં ડૂબવાથી મોત

(હિં.સ.) મહેસાણા

રાજયભરમાં ગરમીએ માજા મુકી છે. માણસ, પશુ, પક્ષી તમામ લોકો ગરમીથી ત્રાહીમામ પોકારી ગયા છે. લોકો ગરમીથી બચવા માટે નદી, તળાવ, સ્વીમીંગ પુલ અને દરિયામાં ન્હાવાની મજા લઈ ગરમીમાં રાહત મેળવવાની કોશિસ કરતા હોય છે, પરંતુ ક્યારેક નજીવી ભૂલ અને ઉત્સાહના કારણે ન્હાવાની મજા, મોતની સજા બની જતી હોય છે. આવી જ એક ઘટના વડનગર તાલુકામાબની છે. અહીં સાબરમતી નદીમાં ન્હાવા પડેલા ૧૨ યુવકોમાંથી ૩ યુવકોના ડુબી જવાથી મોત નિપજ્યા છે.

મળતી માહિતી મુજબ, આજે મહેસાણા જીલ્લાના વડનગર તાલુકામાં આવેલ જૂની વાઘડી ગામ પાસે સાબરમતી નદીમાં ગરમીથી રાહત મેળવવા અને નદીમાં ન્હાવાની મજા લેવા ૧૨ યુવકો ગયા હતા. જેમાંથી ત્રણ યુવકો અચાનક નદીના ઉંડાણ વિસ્તારમાં જતા રહેતા ડુબવા લાગ્યા અને અન્ય મિત્રો કઈ સમજે તે પહેલા તો ત્રણે પાણી પી જતા મોતને ભેટ્યા છે.વિગતવાર ઘટના જોઈએ તો, અમદાવાદના ઘાટલોડિયા વિસ્તારમાં રહેતા ૧૨ મિત્રો વડનગરના જૂની વાઘડી ગામ ખાતે સાબરમતી નદીમાં ન્હાવા માટે ગયા હતા, બધા મિત્રો નદીમાં ન્હાવાની મજા લઈ રહ્યા હતા, અચાનક ત્રણ યુવક ન્હાવાની મજા લેતા લેતા ઉંડા પાણીમાં ઘરકાવ થઈ ગયા.

અન્ય મિત્રો કઈ સમજે તે પહેલા તો ત્રણે ડુબી ગયા. મિત્રો બચાવવા માટે કોશિસ કરી પરંતુ નિષ્ફળ રહેતા બુમો પાડી, તો સ્થાનિકોની મદદથી ત્રણેને બહાર કાઢવામાં આવ્યા, પરંતુ ત્યાં સુધીમાં તો પ્રાણ પંખેરૂ ઉડી ગયા હતા.

તત્કાલિન ૧૦૮ એમ્બ્યુલન્સ અને પોલીસને જાણ કરતા ઘટનાસ્થળ પર પહોંચી ગઈ હતી. હાલામં ત્રણે યુવકને નજીકની સરકારી હોસ્પિટલમાં પીએમ માટે લઈ જવામાં આવ્યા છે, મૃતકોના પરિવારને પણ જાણ કરી દેવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, હમણાં થોડી દિવસ પહેલા જ કાળીડેમમાં ન્હાવા ગયેલા ધોરણ ૯ના ચાર વિદ્યાર્થીઓ ઊંડા પાણીમાં ઘરકાવ થઈ જતા મોતને ભેટ્યા હતા. આ સિવાય ગત મહિને જ અમદાવાદના કાંકરીયા ઈકા ક્લબના સ્વીમીંગ પુલમાં એક બાળકનું ડુબી જતા મોત નિપજ્યું હતું, આ પહેલા આ એપ્રિલ મહિનામાં જ વડોદરામાં પણ મનપા સંચાલિત લાલબાગ સ્વિમિંગ પૂલમાં ૧૦ વર્ષીય બાળકનું ડૂબી જવાથી મોત નિપજ્યું હતું.

## સરસ્વતી તાલુકાનો કિસાન કલ્યાણ મહોત્સવ યોજાયો



પાટણ

મેલડી માતાના મંદિર, સરસ્વતી નદીના કાંઠે, તા-સરસ્વતી ખાતે કિસાન કલ્યાણ મહોત્સવ યોજાવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં પાટણ જિલ્લા ભાજપ પ્રભારી મયંકભાઈ નાયક, પાટણ જિલ્લા ભાજપ પ્રમુખ મોહનભાઈ પટેલ, તથા સરસ્વતી તાલુકા ભાજપના પ્રમુખસોવંજી ઠાકોર, બક્ષીપંચના પૂર્વ ઉપાધ્યક્ષ મગનભાઈ દેસાઈ, તથા ઠાકોર વિકાસ નિગમના પૂર્વ ચેરમેન નંદાજી ઠાકોર, સરસ્વતી તાલુકા ભાજપના મહામંત્રી ભાવેશભાઈ જોષી તથા પાટણ જીલ્લા ઉપપ્રમુખ/પ્રભારી કિશોરભાઈ મહેશ્વરી, સરસ્વતી તાલુકા ભાજપના મહામંત્રી પ્રહલાદજી ઠાકોર અને સરસ્વતી તાલુકા પંચાયતના પ્રમુખ વદાનજી ઠાકોર ઉપસ્થિત રહયા હતા. મયંકભાઈ નાયકએ સિંચાઈમાં ટપક અને ફુવારા પધ્ધતી અપનાવવા પહેલ કરેલ તેમજ શ્રી મોહનભાઈ પટેલે ભારત સરકાર દ્વારા તા. ૧૪/૦૪/૧૮ થી તા. ૦૫/૦૫/૧૮ સુધી ગ્રામ સ્વરાજ અભિયાન હાથ ધરવામાં આવેલ છે તેમ જણાવી આ અભિયાન દરમ્યાન પ્રધાનમંત્રીની સંકલ્પ કે ખેડૂતોની આવક ૨૦૨૨ સુધીમાં બમણી કરવાના ભાગરૂપે "કિસાન કલ્યાણ મહોત્સવ" કાર્યક્રમ અંતર્ગત વૈજ્ઞાનિકશ્રીઓએ નવીન ટેક્નોલોજી આપેલ તેનો અને ખેડૂતોને સિંચાઈની વિવિધ યોજનાઓનો લાભ લેવા જણાવ્યું હતું. તેઓએ પ્રગતિશીલ ખેડૂતોનું શાલ ઓઢાડી સન્માન કર્યું અને પશુપાલન વિભાગ દ્વારા પશુપાલકોને ચેકનું વિતરણ કરવામાં આવ્યુ; હતું. તેમજ લાભાર્થી ખેડૂતોને જી.જી.આર.સી.ના વર્ક ઓર્ડર અને તાર ફેંસિંગના સહાયના ચેક આપવામાં આવ્યા હતા. સરકારશ્રીની જળ સંચય ઝુંબેશ હેઠળ પાણીની બચત કરવાના ખેડૂતોએ સંકલ્પ લીધા હતા. ત્યારબાદ વૈજ્ઞાનિકશ્રી સી.કે દેસાઈએ ખેડૂતોની આવક બમણી કરવા નવીન ખેત પધ્ધતીઓ વિષે માહિતી આપી હતી. અને તેના ફાયદા જણાવ્યા હતા. સરકારશ્રીની વિવિધ યોજનાઓ વિષે માહિતગાર કર્યા, જે.કે પટેલએ ખેતીવાડી ખાતાની આઈ કિસાન પોર્ટલ અંગેની માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં સરસ્વતી તાલુકાના કુલ ૬૧૨ ખેડૂતો ઉપસ્થિત રહયા હતા.

## NEETની પરીક્ષામાં છબરડો, '૧૫૦ વિદ્યાર્થીઓ આવ્યા પટણાથી પાટણ'

(હિં.સ.) પાટણ

નીટની પરીક્ષાની હોલ ટિકિટમાં મોટો છબરડો સામે આવ્યો છે. જેનો ભોગ બન્યા છે બિહારના પટણાના વિદ્યાર્થીઓ. જો કે ગુજરાત સરકાર દ્વારા તેમને પુરતી સહાય આપવામાં આવી રહી છે. પરંતુ પટણાને બદલે પાટણમાં પાટણમાં પરીક્ષા આપવાની હોવાથી વિદ્યાર્થીઓ ચિંતામાં મુકાયા છે.

મહત્વનું છે કે નીટની પરીક્ષાની હોલ ટિકિટમાં છબરડો થયો હોવાનું સામે આવતા વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાયા હતા. બિહારના પટણાથી ૧૫૦થી વધુ વિદ્યાર્થીઓ નીટની પરીક્ષા આપવા માટે આવ્યા છે. અને તે તમામ વિદ્યાર્થીઓએ પાટણની આદર્શ વિદ્યાલયમાં પરીક્ષા આપી છે. પરંતુ પટણાની જગ્યાએ પાટણ થઈ જતા વિદ્યાર્થીઓ અને વાલીઓને નારાજગી વ્યક્ત કરી છે.મહત્વનું છે કે હોલ ટિકિટ તો ૧૫ દિવસ પહેલા જ આપી દેવામાં આવતી હોય છે. ત્યારે આ વિદ્યાર્થીઓને ૧૫ દિવસ પહેલા ખબર પડી કે તેઓને પટણાના બદલે ગુજરાતના પાટણમાં નીટની પરીક્ષા આપવાની છે. જેથી વિદ્યાર્થીઓ અહીં ૨ દિવસ પહેલા જ અહીંયા આવી ગયા હતા. પરંતુ વિદ્યાર્થી માટે ચિંતાનો વિષય એ છે કે તેઓની આ પરીક્ષા નીટ માન્ય રાખશે કે કેમ? જો કે ગુજરાત સરકાર દ્વારા તેમની પરીક્ષા માટેની તમામ તૈયારીઓ કરવામાં આવી હતી. અને વિદ્યાર્થીઓને અડચણ ન થાય તે માટે તમામ સુવિધા આપવામાં આવી છે.

## સૂણક ગામની સગીરા પર અધમ કૃત્ય આચરી ઝેરી દવા આપી આપઘાત કરવાના દુષ્પ્રેરણ કરવાના આરોપસર ફરિયાદ

ઉંઝા

સિધ્ધપુર તાલુકાના એક શખ્સે સૂણક ગામની સીમમાંથી સગીરાનું અપહરણ કરી તેણી પર અધમ કૃત્ય કરી ઝેરી દવાની ગોળીઓ ખવડાવી આપઘાત કરવાનું દુષ્પ્રેરણ કરવાના આરોપસર ઉનાવા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

વિગત એવી છે કે, સિધ્ધપુર તાલુકાના એક ગામના શખ્સે આજથી એક વર્ષ પૂર્વે ઉંઝા તાલુકાના સૂણક સીમમાંથી એક સગીરાનું અપહરણ કરી તેણી પર અધમ કૃત્ય આચર્યું હતું. બાદ તેણીને ઝેરી દવાની ગોળીઓ ખવડાવી આપઘાત કરવાનું દુષ્પ્રેરણ કર્યું હતું. જે અંગે સગીરાના વાલીએ ઉનાવા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે આરોપી ઠાકોર અરવિંદજી ઉર્ફે મંગાજી બાબુજી વિરૂધ્ધ ઈ.પી.કો કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬,૩૦૬ તથા પોસ્કો કલમ ૪.૮ મુજબ ગુનો દાખલ કર્યો છે આ ગુનાની તપાસ ઈન્ચાર્જ સી.પી.આઈ પટેલ ચલાવી રહ્યા છે.

## તલોદ, વડાલી અને ખેડબ્રહ્મામાં તળાવ ઉંડા કરાયા


સતીષ ભટ્ટ

વડાલી

ગુજરાત રાજયના સ્થાપના દિને સમગ્ર રાજયમાં શરુ કરાયેલા સુજલામ સુફલામ યોજના અંતર્ગત જલસંચય અભિયાન હેઠળ સમગ્ર રાજયમાં તળાવ ઉંડા કરવા-ચેકડેમ બનાવવાની કામગીરી હાથ ધરાઈ છે જે અંતર્ગત સાબરકાંઠા જિલ્લાના તલોદ, વડાલી અને ખેડબ્રહ્માના તળાવ ઉંડા કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં જિલ્લા પ્રભારી અને સિંચાઈ મંત્રી પરબતભાઈ પટેલે તલોદના ગંભીરપુરા, વડાલીના ધામડી અને ખેડબ્રહ્માના ગોતા તળાવ ઉંડા કરવાના કામને ખાતમુહૂર્ત કરતા જણાવ્યું હતું કે, સરકારે જળયજ્ઞનો પ્રારંભ કર્યો છે. જેનાથી પીવાના તથા સિંચાઈના પાણીની સમસ્યાનું નિવારણ આવશે. ચેક ડેમ, તળાવ ઉંડા કરવા અને નદીઓની સાફ-સફાઈ કરી તેનો સીધેસીધો લાભ સામાન્ય જન સુધી પહોંચે તે જરૂરી છે આ કામગીરીના પરિણામ રૂપે મહત્તમ જળ સંગ્રહ થશે તો તેનો સીધો લાભ લોકોને મળી શકશે. સાથે સાથે નરેગા, સિંચાઈ અને વન વિભાગ દ્વારા પણ જળસંચયના કામો થતા રોજગારીનું નિર્માણ થશે. તેમ તેમણે ઉમેર્યુ હતું. આ પ્રસંગે તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, ઈડરના ધારાસભ્ય હિતુ કનોડીયા, પૂર્વ ધારાસભ્ય રમણલાલ વોરા, રમીલાબેન બારા, અગ્રણી અશોક જોષી, તખતસિંહ હડિયોલ સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.